
જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ



શ્રી શંખેશ્વર મહાતીર્થનું એક બીજું સુંદર દૃશ્ય

વર્ષ ૭ : અંક ૧૧ પોષ-૨૦૦૭ જાન્યુઆરી ૧૯૫૧

સંપાદક સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અગ્રગણ્ય માસિક

# કલ્યાણ

વર્ષ ૭ મું. અંક ૧૧ મો. જાન્યુઆરી-૧૯૫૧

## વિષયાનુક્રમ


| વિષય, | લેખકનું નામ. | પાનું નંબર. |
|---|---|---|
| પૈસો, પદવી અને પ્રતિષ્ઠા | શ્રી સૌમ્ય | ૪૩૧ |
| ચાલાકી | શ્રી જયકીર્તિ | ૪૩૨ |
| સાહિત્યનો નવો ફાલ | શ્રી સૌમ્ય | ૪૩૬ |
| કહેવતો | શ્રી ચીમનલાલ શાહ | ૪૩૮ |
| શ્રી નવકાર મહામંત્રનો પ્રભાવ | શ્રી વીરભિક્ખુ | ૪૩૯ |
| સુકુમાલિકા | શ્રી મુલચંદ એમ. શાહ | ૪૪૫ |
| સંસારનું એક રેખાચિત્ર | પૂ. પંન્યાસ શ્રી ચરણવિજયજી ગ. | ૪૪૯ |
| શંકા-સમાધાન | સ૦ પૂ૦ આ૦ શ્રી લબ્ધિસૂરિજી મહારાજ | ૪૫૩ |
| શુભાશુભ સંકલ્પો | પૂ૦ આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. | ૪૫૫ |
| વ્રત-આરાધના | શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી | ૪૫૭ |
| કુંડલપુર પાર્શ્વનાથ | શ્રી સુરવીરચંદ ઝવેરી | ૪૬૦ |
| જ્ઞાનગોચરી | સં. શ્રી એન. બી. શાહ | ૪૬૩ |
| વાંક કોનો ? | શ્રી ઋષભદાસ જૈન | ૪૬૫ |
| મહાસાગરનાં મોતી | પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મ. | ૪૬૬ |
| આજની કન્યા | શ્રી મફતલાલ સંઘવી | ૪૬૯ |
| ટૂંકા સમાચાર | ટાઈટલ પેજ ૩ જું | |


જૈન જનતામાં લોકપ્રિય બનેલા 'કલ્યાણ' માસિકનું માર્ચ મહીનાથી નવું વર્ષ શરૂ થાય છે.

## 'કલ્યાણ'નો
## દળદાર સચિત્ર વિશેષાંક

- સંયુક્તાંકમાં ૮૦ પેજને બદલે ૧૦૦ પેજ અપાશે.
- દરેક લેખકો અને તીર્થ વગેરેના ફોટાઓ અપાશે.
- વિવિધ પ્રકારની રસપ્રદ લેખ સામગ્રી પીરસાશે.
- એપ્રીલની ૧ લી તારીખે પ્રગટ થશે.
- મર્યાદિત નકલો જ પ્રગટ થવાની હોવાથી રૂા. પાંચ ભરી તુરત જ ગ્રાહક બનો.
- સંયુક્તાંક માટે લેખ અને ફોટો વહેલાસર મોકલી આપો.

**કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]**

પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરોને વિનંતિ જે વિહારમાં 'કલ્યાણ' મોકલવા માટે સીરનામું જણાવવા કૃપા કરશોજી.

**ગયા** અંકમાં 'ધર્મ શ્રદ્ધાનો પ્રભાવ' એ લેખના લેખક તરીકે ભૂલથી 'જિણુભિક્ખુ' છપાયું છે એના બદલે 'વીરભિક્ખુ' સમજવું,

**ઇનામી** નિબંધ હરિફાઇમાં ૧૫-૧-૫૦ છપાયું છે એના બદલે ૧૫-૧-૫૧ સમજવું.

'**કલ્યાણ**' માસિકના ગયા વર્ષનો ૧૦ મા અને ૧૧ મા અંકની જરૂર છે. જેઓને જરૂર ન હોય તેઓએ અમારા ઉપર તે એ અંકો મોકલી આપવા. બદલામાં નવો અંક કે કિંમત અપાશે.

**મનીઓર્ડર** કે પત્ર વ્યવહાર કરતી વખતે 'ગ્રાહક નંબર લખવા ચૂકવું નહિં?

**લેખો** જેમ બને તેમ વહેલાસર મોકલાવવા કૃપા કરવી કે જેથી અમને સગવડતા ઠીક રહે.

**જુની** ફાઇલો જુજ છે તો જેઓને જરૂર હોય તેઓએ વહેલાસર મંગાવી લેવી. બાઇન્ડીંગ કરેલી ફાઈલના રૂા. ૬-૦-૦ પોસ્ટેજ અલગ. ૧લા ૨જા વર્ષની ફાઇલો સીલીકમાં નથી.

**જાહેર** ખબરના દર પ્રીન્ટીંગ અને કાગળ પુરતા જ રાખવામાં આવ્યા છે તો આપના ધંધાની જા+ખ આપીને પણ 'કલ્યાણ'ને સહકાર આપો.

**ઇનામી** નિબંધનું પરિણામ ૧૫-૨-૫૧ના અંકમાં પ્રગટ થશે. આવેલા લેખો પાછા પરત કરાશે નહિ. પ્રત્યુત્તર માટે જરૂરી ટીકીટ બીડવી.

'**કલ્યાણ**'ના નવા દશ ગ્રાહકો બનાવનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલાવાય છે.

# પૈસો, પદવી અને પ્રતિષ્ઠા

**શ્રી સૌમ્ય**

આજે જાણે ચોમેર પૈસો, પદવી અને પ્રતિષ્ઠાનું સામ્રાજ્ય વર્તી રહ્યું હોય એમ દેખાય છે અને એથી એ ત્રણે પપ્પાને પ્રાપ્ત કરવા વર્તમાનના વિષમ વાતાવરણમાં ગળાડુબ આત્માઓ દોડાદોડી, પડાપડી અને તનતોડ શ્રમ ઉઠાવી રહ્યા છે. જો કે દરેકને મળવું ન મળવું એ પુણ્ય-પાપને આધીન છે, છતાં જનતાનો મોટો ભાગ પૈસો, પદવી અને પ્રતિષ્ઠાને મેળવવા માટે આકાશ-પાતાળ એક કરવા મથી રહેલ છે.

અગીઆરમા પ્રાણરૂપ લેખાતો પૈસો જેમ બને તેમ વધુ એકઠો કરવા લોભગ્રસ્ત આત્માઓ રાત-દિવસ કારી મજુરી કરી રહ્યા છે, એટલું જ નહિ પણ અનીતિ-અન્યાય, કાળાંબજાર, લાંચરૂશ્વત, લુંટફાટ, ચોરી, જુગાર જેવાં અનિષ્ટતત્ત્વોનો સહારો લઇને પણ પૈસો મેળવવાની કે કમાવાનીબુરી આદતમાં પડયા છે, એ પાપપૂંજના યોગે ભાવિજીવનમાં કેટલા અને કેવા અનર્થો ઉભા થશે એનો ખ્યાલ સુદ્ધાં પણ ભાનભૂલા આત્માઓને રહેતો નથી. ગમે તે ભોગે ધન મેળવવાની ઘેલછા પાછળ આંધળી દોટ મુકે છે, અને આત્મભાનને ભૂલે છે.




પૂર્વના પુણ્ય બળે સારો એવો પૈસો મળ્યા પછી પણ શ્રીમંતને પદવી અને પ્રતિષ્ઠાનો મોહ જાગે છે. પૈસાના ભોગે પણ પદવી અને પ્રતિષ્ઠા મેળવવા માટે ચક્રો ગતિમાન કરે છે. આજે ભલે પૈસાના જોરે પદવી અને પ્રતિષ્ઠા ખરીદી શકાતી હોય પણ એનું મૂલ્ય સ્વ-પર માટે કોડીનું છે. જેમ ધોળી ટોપી પહેરનાર સેવાના નામે રાજ કરવાને લાયક મનાતો હોય તેમ પૈસાદાર પદવી અને પ્રતિષ્ઠાને લાયક છે, એ પ્રકારનું વાતાવરણ સર્જાતું દેખાય છે અને એથીજ અંધાધુંધીની આંધી ચડી આવી હોય એમ લાગે છે. અનધિકારી એકજ વ્યક્તિમાં પૈસો, પદવી અને પ્રતિષ્ઠાનો મેળ આકસ્મિક રીતે જામી જાય તો અજીર્ણ થયા વિના રહે નહિ અને એ અજીર્ણ નુકશાન કર્યા વિના પણ રહે નહિ.

વિવેકી આત્માજ પૈસો, પદવી અને પ્રતિષ્ઠાને જીરવી શકે છે અને અવસરે સદુપયોગ કરી પોતાના જીવનને ધન્ય બનાવે છે પણ આવા આત્માઓ જગતમાં વિરલજ સાંપડી શકે છે.

જેટલી મહેનત પૈસે મેળવવા પાછળ થાય છે એટલી કે એથી અધિક મહેનત પદવી અને પ્રતિષ્ઠા મેળવવા પાછળ થાય છે. એ ભૂખ પણ જેવી તેવી નથી. લાયક માણસને આપોઆપ પદવી અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે અને એની સામે કોઇનોય વાંધો ન હોય, પણ જેઓ તક સાધી પદવી અને પ્રતિષ્ઠાના સુંવાળા સિંહાસનને સર કરે છે, ત્યારે એનું પરિણામ ખતરનાક હોય છે.

પૈસો મળ્યે મોજમજાહ ઉડાવવી, પદવી પ્રાપ્ત થયે સત્તાનો કેફ ચડાવવો અને પ્રતિષ્ઠા મળે બે-લગામ જીવન જીવવું, એવો જ અર્થ થતો હોય તો પૈસો, પદવી અને પ્રતિષ્ઠા માનવને માટે શ્રાપરૂપ છે.

ઝાંઝવાના તીર સમાન પૈસો, પદવી અને પ્રતિષ્ઠા પાછળ અંધ બનવું અને એમાંજ સર્વસ્વ સમાએલું છે, એમ માનવું એતો એક નરી ભ્રમણા છે.

ટૂંકમાં, એટલું જ સત્ય તરી આવે છે કે, પુણ્ય-યોગે પૈસો, પદવી અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય તો એના સદુપયોગમાં જીવનનું સાર્થક્ય સમાએલું છે, બાકી એ કાંઇ જીવનસિદ્ધિનાં સોપાન નથી પણ સંસ્કાર, સદાચાર, ત્યાગ, તપ, સંયમ, વ્રત-નિયમ વગેરે આત્મસિદ્ધિનાં ખરાં સોપાન છે અને એ જ જીવનને સાચા રાહ ઉપર લઇ જઇ શકશે.

એથી જ આર્યસંસ્કૃતિ આપણને શીખવે છે કે— ત્યાગ કરતાં શીખો અને જીવનને સદાચારમાં જોડો.

# ચાલાકી — શ્રી જયકીર્તિ

[ ગયા અંકથી ચાલુ ]

' સારી રીતે ચલાવી, બનેટ ખોલીને ગાડી જોઇ લો, અને રિપોર્ટ પેશ કરો. જલદી વાર ન લાગવી જોઇએ. ' જાણે 'ઝટ' એજ એના જીવનનું સૂત્ર હોય તેમ દર્શાવતાં મધુકર બોલ્યો.

શોફર ગયો. શેઠને ઉદ્દેશીને મધુકર કહેવા લાગ્યો;

' શેઠજી, જરા કાગળ-પત્ર ? '

' હાં હાં,......મુનીમજી, સાહેબને નવી ગાડીની રસીદ વગેરે બતાવજો તો જરા. ' પાંચ મિનિટમાં મુનીમે આવી બધું મધુકરની સામે રાખી દીધું.

રસીદ વાંચીને, મુખ ઉપર આશ્ચર્યનો ભાવ લાવતાં મધુકર એકદમ બોલી ઉઠયો; ' આઠ હજાર '

' આજ કાલ આવી મોટર બજારમાં મળતી પણ નથી સાહેબ! આ તો મારા નાના ભાઇએ ખાસ શોખ માટે અમેરિકાથી મંગાવી છે......'

' મારે પણ મારા નાના ભાઇ માટે જ જોઇએ છે. પણ આટલી બધી કિમ્મત આપણને તો ન પોષાય ભાઇ!'

' અરે સાહેબ, આવી વસ્તુઓ તો કોઈ દિવસે સસ્તા ભાવે લેવી જ ન જોઇએ, આ કાંઇ રોજ રોજ થોડી જ ખરીદાય છે. '

' તો પણ મારું માનવું હતું કે સો દો... '

' વિશ્વાસ રાખો સાહેબ, વ્યાજબી ભાવે જ થશે '

' તો પણ ? '

' ગાડીનો રિપોર્ટ તો આવવા દો. '

' એ તો આવી જશે.'

મેં કહ્યું કે શેઠજી, આટલી ભારે કિમ્મત આપણને તો ન પોસાય.'

' અરે, ભાઇ થોડું ઓછું લઇશું. પછી કાંઇ છે?'

' જરા ચોખ્ખી વાત કરો. મને કાંઈક તો તેનો અન્દાજ આવવો જોઇએ. '

' પૂરા એક...એક હજાર છોડી દઇશ. ' કંઇક વિચાર કરીને શેઠે જવાબ આપ્યો.

' બસ ! તો તો શેઠજી, આપણો વિચાર ઓછો છે.'

' અરે સાહેબ ! ગાડી તદ્દન નવી છે. પહેલાં તો બજારમાં મળતી હતી. પણ હવે તો મળશે તો ય દસ હજારથી ઓછે નહિ.'

' પણ, મેં કીધુંને કે આટલી ઊંચી કિંમત આપવાની તેવડ નથી. '

' તો આપજ કહી દો ! સાહેબ, શું આપશો ? બોલો ! મેં કહી દીધું; જે હતું તે. '

' નહિ, હું ઇચ્છું છું; કે આપજ ફરી એકવાર જરી ઝીણો વિચાર કરીને કહો ! મૂળ મુદ્દે વાત તો એ હતી; કે મારે એક સામાન્ય કક્ષાની મોટર ખરીદવી'તી. હં, પણ આતો આપનું વિજ્ઞાપન વાંચીને વિચાર થયો; કે પતી જશે-કદાચ પતી જશે.' પોતાની મૂળ વાતને જણાવતાં મધુકરે એક લાંબો શ્વાસ લીધો.

' પતી જશે, સાહેબ, પતી જશે. મારે તો વેચવી જ છે. તમને નહિ તો તમારા ભાઇને! અને આપને લેવી છે તો મારી પાસેથી નહિ તો બીજા કોઇની પાસેથી.'

' હા, લેવી તો છે જ પણ, મારી વાત આપ સમજી ગયા ને ? '

' ઠીક, ભાઇ લો, પાંચસો ફરી બીજા ઓછા લઇશ. હવે આપ બોલશો જ નહિ. આપ જોઇ શકો છો; કે આપની ખાતર કેટલી ખોટ ખાઉં છું.'

પોતાનું વક્તવ્ય શેઠ પૂરું કરે તે પહેલાં ત્યાં 'શોફર' આવીને ઊભો રહી ગયો. આંખને સહેજ ઝીણી કરતાં મધુકરે તેની સામે જોયું ને પૂછ્યું.

' કેમ, કેવી છે, ગાડી ? '

' ઠીક છે. લગભગ સાતસો 'માઈલ' ચલાવાઇ ચૂકી છે અને લાગે છે; કે બહુ જ બેદરકારીથી વપરાઇ છે. હમણાં ચાલે તો ઠીક છે પણ...... '

' મશીન વિગેરે ? '

' મશીન પણ ઠીક જ છે, પણ...... '

' એકંદર ? '

' એકંદર, સારી જ છે, પણ...... '

' તમારો શો મત છે ? લઇ લઉં ? ' મધુકરે 'શોફર' ની સલાહ માંગી.

' ઠીક છે. લેવા જેવી છે, પણ...ઠીકસર મળતી હોય તો, નહિતર મારો મત તો નથી.'

' એજ, એજ, મારો પણ એજ વિચાર છે. ' શેઠ તરફ ફરીને; ' કહો, શેઠજી, હવે આપ એક વાર છેલ્લો ભાવ કહી દ્યો.' મધુકર પૂરું કરે તે પહેલાંજ

શેઠજી બોલી ઊઠયાં.

'મેં તો કહી દીધું સાહેબ, હવે આનાથી ઓછે તો પાલવે નહિ. છતાં પણ આપને લાગતું હોય કે કંઈ કસર રહી ગઇ છે, તો આપજ કહી નાંખો! હું નથી ઇચ્છતો; કે આપ મારે ત્યાં આવ્યા છો પાછા જાઓ.'

'હું પણ એ જ વિચારનો છું; કે હવે આવ્યો છું, તો ગાડી લઇને જ જવું. કંઇ પણ થાય. અહીંથી તહીં નાહકની દોડાદોડી કોણ કરે? તો શેઠજી, ફક્ત એક વાત જ હું કહીશ.'

'શું કહો છો સાહેબ, આપ પણ મારા નાના ભાઇની જગાએ છો તો કહી નાંખો.'

'તો શેઠજી, બસ, આપ પૂરા બે હજાર છોડી દો!'

શેઠ વિચારમાં પડી ગયો. પણ મધુકરે એને વિચારવાની તક જ ન આપી. એ તો તરત જ બોલ્યો;

'હવે છોડી દો, શેઠ, વિચાર શા કરવા'તા. સમજી લો ને કે નાના ભાઇની જ હઠ છે.'

'સારી વાત છે.'

'ઠીક ત્યારે, હું 'કાર' જોઈ લઉં. એવું ન થાય કે પાછું, મારા ભાઇને પસંદ ન આવે.' કહીને મધુકર ઊઠી ગયો. ગાડી જોઇને પાછો આવ્યો ત્યારે શેઠે પૂછ્યું;

'કહો, કેમ છે?'

'ઠીક છે. રસીદ બનાવી આપો!' કહીને મધુકરે બેગ ખોલીને 'ચેકબૂક' કાઢી' જોઇને શેઠના મોંમાંથી ઉદ્‌ગાર નીકળી પડયો;

'ચેક?'

'હાજી, કેમ આપને કાંઇ હરકત હોય તો કહો.'

'હરકત તો કાંઇ નથી. પણ......'

'શેઠજી, મારી પેઢી: મધુકર-સુધાકર ચોકસી કલકત્તાવાળા.'

'મુનીમજી, ઓ મુનીમજી, મધુકર સુધાકર ચોકસી......ચેક......'

'કોણ? કલકત્તાવાળા?'

'હા'

'આજ કયો વાર છે?'

'શનિ......' શેઠ જરા ભારપૂર્વક બોલ્યા.

'શનિ?' મુનીમે તેનો પડઘો પાડયો. ને વિચાર કરવા લાગ્યો; કાલ રવિવાર હોવાથી 'બેન્ક' બન્ધ હશે. ચેક વટાવવામાં મોડું થાય તો......!

'કેમ, લઇ લઉં?'

'હં?' કંઇક વિચાર કરીને મુનીમ બોલ્યો. હાં, લઇ લો! હરકત નથી, પણ, હાં, કઈ બેન્કનો છે?' એકાએક કંઇ યાદ આવવાથી મુનીમે પૂછ્યું.

'રણજીત લોકલ' મધુકરે કહ્યું.

'તો, તો, કાંઈ હરકત નથી.' શેઠ તરફ જોઇને મુનીમ બોલ્યો.

રૂપિયા છ હજારનો 'બેરર ચેક' આપીને મધુકર રવાના થયો. શોફરને ટેકસી લઇને હોટલ તરફ જવાનું કહીને; મધુકર નવી કારને હાંકી ગયો. મધુકર એકસીલેટર દબાવે જતો હતો, ને કાર હવા જોડે વાતો કરતી, ઊડતી જતી હતી.

તારઘર પાસે મધુકરે 'કાર' એકાએક થોભાવી દીધી. તારઘરમાં જઇને તે તરત જ પાછો ફર્યો. ને પાછી 'કાર' હવામાં ઊડવા લાગી. નિર્ધારિતગતિથી બમણા વેગે 'કાર' દોડી રહી હતી. દોડાવનાર પણ બે-ધડક દિલે એક્સીલેટર દબાવતો હતો. જાણે પોલીસની પણ પરવા ન હોય ને કાયદાની પણ.

[ ૨ ]

મધુકરના મોં ઉપર ઉદાસીનતાનું વાદળ જામતું જતું હતું. ઉત્સાહ ઓસરતો જતો હતો. 'કાર' થોભાવીને જ્યારે મધુકર એક બંગલાના નાકે ઊતર્યો ત્યારે તો એની સિકલજ બદલાઇ ગઇ હતી. રોફ ને રૂઆબતો કયારનોય ગેબ થઇ ગયો હતો. એટલું જ નહિ, પણ દીનતાના ભાવ ફેલાઇ રહ્યા હતા. જાણે એના માથે કોઇ, જાન લેવા આફત તોળાઇ રહી હોય. જોનારને સહેજે જણાઇ આવતું હતું, કે એ કોઇ ભયાનકતામાં ફસાઇ ગયો છે. છતાંય, વિશેષતા એ હતી, કે એનાં વસ્ત્રોની અક્કડતા વગેરે એને કોઇની સહાનુભૂતિ પ્રાપ્ત થવા દેતી નહોતી.

વિઝિટિંગ-કાર્ડ મોકલ્યા પછી, મધુકર નાકે વિચાર કરતો ઊભો'તો. હવે શુ થશે? ને કેવા ભયાનક પરિણામમાંથી પસાર થવું પડશે એવા

સ્પષ્ટ ભાવો એના ચહેરા પરથી વાંચી શકાતા'તા. એના ચહેરા ઉપર હવે, એ તેજ નો'તું રહ્યું; કે જે સૌના ઉપર છાપ પાડી શકે, કે પ્રભાવ નાંખી શકે.

રજા આવ્યા પછી, તે ઢીલે ટાંટીએ બંગલા તરફ ચાલ્યો. એવી રીતે; જાણે ચિન્તાના ભારે ચલાતું પણ ન હોય! મોં ઉપરનું નૂર ઊડી ગયું હતું. પણ વસ્ત્રોની સુઘડતા ને અક્કડતા, સામાને ડારતી હતી.

શેઠજી, આપનું વિજ્ઞાપન...એક 'કાર' છે... આપને લેવી...અત્યંત કાકલૂદી ભર્યા સ્વરે, તૂટક વાણીમાં મધુકર બોલ્યો. જાણે કે સાવ બદલાઇ ગયો.

'હા, હા, પણ કેવી છે?'

'શેઠજી, તદ્દન નવી, હમણાં જ ખરીદી છે, છ હજારમાં, આપ લઇ લો! શેઠજી, ચાર હજારમાં આપવા તૈયાર છું. લઇ લો! શેઠજી, લઇ લો!! તદ્દન નવી છે શેઠજી. શેઠને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખતા, કરગરતા અવાજે મધુકર બોલ્યો. જાણે હમણાં જ રડી ઉઠશે.

'પણ શી વાત છે? જરા શાન્તિથી કહોને!'

'ઓહ! બસ, આપ લઇ લો! આપને કહું છું ને, છ ને બદલે ચાર'

પણ ભલા માણસ, જરા બેસો તો ખરા. પૂરી વાત સમજાવો! આજે જ લીધી અને આજે જ વેચો છો એકદમ કેમ?........'

'આપને હાથ જોડીને કહું છું; કે આપ લઇ લો! બસ, લઇ લો! કંઇ પૂછશોજ નહિ! ઓહ! શું બતાઉં! આપને બસ......' જાણે દુ:ખનો ડુંગર તૂટી પડયો હોય તેવો દેખાવ કરતાં, મધુકર બોલી ઊઠ્યો.

'તમારા દુ:ખમાં મારી પૂરી હમદર્દી છે, સંપૂર્ણ સહાનુભૂતિ છે, પણ પૂરી વાત તો સમજાવો! ભલા માણસ, મારાથી બનતી બધી મદદ હું તમને કરીશ.'

'કહ્યું ને શેઠજી, આપ ખરીદી લો! મારી પ્રતિષ્ઠા આજે ખતરામાં છે. મારી ઇજ્જત આપના હાથમાં છે. ચાર હજારમાં આપ આ 'કાર' લઇ લો ને મારી ઈજ્જત બચાવો!' આછો સ્ફોટ કરતા, રડતા અવાજે મધુકરે કહ્યું.

'તમે પણ કોઇ અજબ માણસ છો. તમને મેં એક વાર કહ્યું કે, ભલા જીવ જે હોય તે કહી દો! મારાથી શકય બધીજ મદદ તમને આપવા તૈયાર છું. એ તો સાંભળતા નથી ને ખાલી બક-બક કરો છો.' શેઠે જરા ચિડાઇને કહ્યું.

—'શેઠજી, આપને તો ગમે ત્યાંથી 'કાર' લેવીજ છે તો મારી જ લઈ લો!

ઓહ! મારા દુ:ખની શી વાત કરૂં આપને? કંઇ કહી શકાય તેવું નથી. પોતાની જાંઘ ખોલીને કોણ બતાવે, શેઠજી, મહેરબાની કરો! મારી કાર આપ લેશો, તો મારી ઇજ્જત બચાવ્યાનું પૂણ્ય કાર્ય પણ આપને થશે. બસ હવે આપ સોદો પતાવી લો! શેઠજી, દયા કરો!' શેઠ પૂછતા જતા હતા ને મધુકર વધુ ને વધુ કરગરી રહ્યો હતો.

'પણ, પૂરી વાતની ખબર ન પડે ત્યાંસુધી મને ધરપત કેવી રીતે થાય?'

'શેઠજી વિશ્વાસ રાખો! આમાં કાંઇ દગો નથી. પણ ઓહ! મારી કરોડોની ઇજ્જત આજે દરિયામાં છે' વાકયે વાકયે મધુકર પોતાની પ્રતિષ્ઠાને રડી રહ્યો હતો.

'તમારા પ્રત્યે મને પૂરો વિશ્વાસ છે, પણ એમ છે; કે આ કાંઇ નાનીસુની વાત નથી. આ તો વેપારની વાત છે. એટલે એમાં તો પૂરી વિગતોથી વાકેફ થયા વિના કાંઇ જ બની શકે નહિ. સમજ્યા ને તમે?'

મધુકર ઊંચે છત સામે તાકી રહ્યો હતો. એના દિલને આજે ચેન નહોતું. હવે તો એની આંખમાંથી આંસુ ટપકવાની ઊણપ માત્ર રહી ગઈ હતી.

'હં, તમે સમજ્યા કે નહિ? જ્યાંસુધી મને કારણ ન જણાય ત્યાં સુધી કાંઈ પણ બનવું મુશ્કેલ છે, માટે જે કારણ હોય તે ઝટ કહી નાંખો!' આંખને સહેજ ઝીણી કરતાં શેઠ બોલ્યા. એ ઝીણી આંખોમાંથી શેઠની પૂરી પક્કાઇ નીતરી રહી હતી.

'હાય, હું શું કહું? આપને શેઠ, આ 'કાર'નાં નાણાં મેં 'ચેક'થી ચૂકવ્યાં છે. શેઠ, બસ આપ સમજી લો! પગમાં પડું છું. હવે આપ આ કાર લઇ લો.'

'એ તો ઠીક, પણ 'ચેક'થી ચૂકવ્યા એમાં શી હરકત છે?' વાતનાં મૂળને નક્કી કરવા માંગતા હોય, તેમ શેઠે પૂછ્યું.

'બસ, શેઠ, આપ સમજો છો, અને સમજુ છો, પછી વધારે પૂછીને મને શરમાવો છો. મારી ઇચ્છા છે; કે મારો આપેલો 'ચેક' એ વટાવવા જાય તે પહેલાં મારે પાછો લઇ લેવો છે.' મધુકરના મુખ ઉપર અકથ્ય દુ:ખની લાગણીઓ ફરી વળી હતી.

'એટલે, એ...ચે...ક...બના...વટી છે. એમને?' બોલતાં–બોલતાં 'ઇઝીચેર' માંથી શેઠ ઊછળીને ચાલી ઉઠયા.

'ઓહ! શેઠજી, એ તો આપ જ સમજી લો ને! પોતાની જાતને નાગી કરીને બતાવવા કોણ ઇચ્છે છે? આ...હ! આ શું થવા બેઠું છે. મધ-સાગરમાં ઇજ્જતની નાવ કાણી થઇ બેઠી છે.' મધુકરના અવાજમાં વધુને વધુ કરુણતા આવતી જતી હતી.

'ત્યારે તો આપનો એ 'ચેક' નકલી છે? ઠીક, ઠીક, હું જરા મારા મુનીમજીની સલાહ લઇ લઉં. આપ ત્યાં સુધી બેસો! હું હમણાંજ આવું છું.' એમ કહીને શેઠ 'ટેલીફોન–રૂમ' માં સરકી ગયા.

'હે, ભગવાન હવે તો તું કરે એ ખરૂં' મધુકર ગણુગણુવા લાગ્યો.

સામેની બારીમાં એકી ટશે તાકીને તે બેઠો હતો ને હૃદયમાં વિચારો વાયુ વેગે વહી રહ્યા હતા.

—ક્રમશઃ

---

**આપના સહકારની જરૂર છે.**

ખરેખર 'કલ્યાણ માસિક આપને ગમતું હોય અને વધુ સારૂં બનાવવા ઇચ્છતા હો તો વાર્ષિક લવાજમ રૂા. પાંચ ભરી ગ્રાહક બનો અને બીજાને ગ્રાહક થવાની ભલામણ કરો. આટલું ધાર્મિક માસિક માટે કરશો એવી નમ્ર વિનંતિ છે.

બહાર પડી ચૂકેલ છે

પૂ૦ આચાર્યો, મુનિ મહારાજો, પંડિતો, વિદ્વાનો અને યોગના અભ્યાસીઓએ જે ગ્રંથની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

ક્રાઉન સાઇઝના એકસોથી વધુ ફર્મા, ૮૫૦ થી વધુ પાનાં, પાકું બાઇન્ડીંગ, સુંદર ચિત્ર સહિતનું જેકેટ.

—મહર્ષિ હરિભદ્રસૂરિજી કૃત—

**યોગદ્રષ્ટિસમુચ્ચય**

:વિવેચનકાર:

**ડૉ. ભગવાનદાસ એમ. મહેતા**

મૂલ્ય માત્ર રૂા. ૬–૦–૦

મર્યાદિત જ નકલો છપાવી છે. આપની નકલ મંગાવી લો!

૧ મનસુખલાલ મહેતા C/o. નેપ્ચ્યુન ઇંસ્યુરન્સ કું. લી૦ હોર્નબી રોડ, કોટ, મુંબઇ.
૨ ચંદુલાલ મહેતા નેપ્ચ્યુન એસ્યુરન્સ કું. લી૦ પાંચકુવા, અમદાવાદ.
૨ જૈન ધર્મ પ્રસારક સભા. ઠે૦ ઉડી વખાર, ભાવનગર. [સૌરાષ્ટ્ર]
૪ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ગાંધી રોડ, મેડાપર અમદાવાદ.
૫ સોમચંદ ડી. શાહ. જીવન નિવાસ સામે, પાલીતાણા. [સૌરાષ્ટ્ર]

## સાહિત્યનો નવો ફાલ:——————————શ્રી સૌમ્ય

**સદાચાર અને સુખ:** લેખક: ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિ મહારાજ, પ્રકાશક: શ્રી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૧૯૨ પેજ, મૂલ્ય ૧–૮–૦ શરૂઆતનાં પુસ્તકનાં ૮૧ પાનામાં ગૃહસ્થ જીવનને ઉપયોગી અને મનનીય કાવ્યો છે. ૮૨ થી ૧૪૪ પાનામાં કેટલીક અપરિચીત વાંચવી ગમે એવી બોધપ્રદ કથાઓ છે અને ત્યારપછી ૧૪૫થી પુસ્તકના અંત સુધી સંસ્કૃત સુભાષિત પદ્યોનો ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે અનુવાદ છે. એકંદર પુસ્તક માનવજીવનના ઘડતરમાં પ્રાણુપુરનારૂં છે.

**ભગવાન આદિનાથ:** લેખક: પૂ. મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજ. પ્રકાશક: નેમી-અમૃત ખાંતિ નિરંજન ગ્રંથમાળા. ક્રાઉન સોળ પેજી ૨૫૪ પેજ મૂલ્ય ૨–૦–૦ કળિકાળ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી કૃત ત્રિશષ્ઠિ શલાકા પુરૂષના ૧લા પર્વના આધારે આ પુસ્તકનું આલેખન થયું છે, એટલુંજ નહિ પણ એક પૂ. મુનિવર્યના હાથે આ પુસ્તક તૈયાર થયું છે એટલે મનઘડંત કલ્પનાઓને અવકાશ ન હોય એ બનવા જોગ છે. આજે ઘણા લેખકો મહાપુરૂષના જીવનચરિત્રોને નવલિકા–નવલકથાઓના રૂપમાં આલેખે છે. પણ એમાં ઘણું અજુગતું અને મહાપુરૂષોના જીવનમાં અને મોઢામાં ન શોભે એવાં વચનો લેખક પોતાની મતિકલ્પનાથી મૂકે છે, એ ઘણું ખોટું છે અને એ જનતાને અવળા માર્ગે દોરી જનાર છે. આ પુસ્તકમાં ભગવાન શ્રી આદિનાથના જીવન પ્રસંગોને લગતાં ૩૯ ચિત્રો છે. પુસ્તક શ્રદ્ધા પોષક હોવાથી પ્રયાસ સ્તુત્ય છે.

**ભક્તિ ભાવના:** રચયિતા: પૂ. મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજ, પ્રકાશક: શ્રી આત્માનંદ જૈન સભા–ભાવનગર. ફુલ્સકેપ સાઇઝ ૨૬ પેજ ૪૧ સ્તવન વગેરેનો સંગ્રહ છે. સિનેમાના રાગમાં પ્રભુના ગુણો ગાયા હોવાથી નવી પ્રજાને જરૂર ગમશે.

**સંક્ષિપ્ત પ્રાકૃત રૂપમાલા:** સંપાદક: પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયવિજયજી મહારાજ, પ્રકાશક: ઝવેરચંદ રામાજી શાહ–નવસારી. ક્રાઉન સોળ પેજી ૧૧૨ પેજ મૂલ્ય ૧–૦–૦ પ્રાકૃતના અભ્યાસીઓને ઉપયોગી છે. શબ્દો તથા ધાતુનાં રૂપો આપવામાં આવ્યાં છે.

**રામબાણ ઉપાય:** પ્રકાશક: શ્રી શશીકાંત જેઠાલાલ વકીલ અમરેલી. પ્રકાશક: પણ પોતે જ. ક્રાઉન સોળ પેજી ૮૦+૧૬=૯૬ પેજ મૂલ્ય ૦–૮–૦ પોષ્ટમાં મંગાવનારા માટે ૦–૧૦–૦ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ જ એની ઉપયોગિતા સૂચક છે. ટુંકા પણ બોધપ્રદ અને સરળ શૈલિનાં લખાણોને મુમુક્ષુ આત્માઓ મનનપૂર્વક વિચારશે તો ઘણું શ્રેય સાધી શકશે, એમ પુસ્તક વાંચતાં જણાઇ આવે છે. પ્રયાસ પ્રશંસનીય છે.

**સ્નાત્રપૂજા:** પ્રકાશક: શ્રી નાગરદાસ પ્રાગજીભાઈ ડોશીવાડાની પોળ સામે ઢાળમાં, અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૩૨ પેજ મૂલ્ય ૦–૪–૦ શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા, અને શાંતિકળશ વગેરેનો સંગ્રહ છે.

**સમરાદિત્ય કેવળી ચરિત્ર:** પ્રકાશક: શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, પાયધુની મુંબઇ ૩, ક્રાઉન સોળ પેજી ૫૧૬ પેજ. મૂલ્ય ૫–૦–૦ સમરાદિત્ય કેવળીનું જીવન ચરિત્ર પૂર્વના મહાન આચાર્યોએ સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં સુંદર રીતે ગૂંથ્યું છે. એ સંસ્કૃત પુસ્તકના આધારે ગુજરાતી ભાષામાં થોડા ફેરફાર સાથે અનુવાદ કરાવાયો છે. કથાનકના નિચોડમાં ક્ષમા, ઉપશમ, દાન, શીયળ, તપ, કર્મ અને વેરના વિપાકની વિચિત્રતા વગેરે તરી આવે છે. પુસ્તકની આ ૩ જી આવૃત્તિ

છે. જીવનચરિત્રને લગતાં ભાવવાહી અનેક ચિત્રો પુસ્તકના આકર્ષણમાં વધારો કરે છે.

**પંચ કલ્યાણક પૂજા:** રચયિતા: પૂ. મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી મહારાજ, પ્રકાશક: શાહ છોટાલાલ કસ્તુરચંદ ઠે, પાંજરાપોળ અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૨૮ પેજ મૂલ્ય ૦-૪-૦ ચરમ તીર્થંપતિ પ્રભુ મહાવીરસ્વામીની પંચકલ્યાણક પૂજા અને સ્તવન સંગ્રહ છે.

**તપોધનોની બત્રીસી:** સંપાદક: પૂ. આ. શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ. ક્રાઉન સાઇઝ ૫૮ પેજ જ્ઞાન સાથે ગમ્મત આપતી ૩૨ વાર્તાઓનો સુંદર સંગ્રહ છે.

**સ્યાદ્વાદમત સમીક્ષા:** લેખક: શ્રી શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ. પ્રકાશક: પ્રભાસપાટણ નિવાસી સ્વ. શેઠ દેવચંદ કલ્યાણજી. ક્રાઉન સાઇઝ ૪૨ પેજ મૂલ્ય ૦-૮-૦ સ્યાદ્વાદ અંગેની સમજુતી આપતા આ પુસ્તકના ટાઇટલ ઉપર ' દેશવત્સલ શ્રી ગાંધીજીએ અહિંસાને રાજ્યપ્રકરણની બાબતમાં અપનાવી આઝાદી અપાવી. ' આ વાકય મૂકી જનતાનું લક્ષ્ય ખેચ્યું છે પણ આઝાદી તકલાદી છે, એ હકીકત તરફ જનતાનું લક્ષ્ય ખેંચવાની જરૂર હતી.

**ગુણ મંજુષા:** રચયિતા: પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ. પ્રકાશયિત્રી: શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રંથમાળા, ગારીયાધાર. ક્રાઉન બત્રીસ પેજી ૬૮+૩૪=૧૦૨ પેજ, મૂલ્ય ૦-૮-૦ 'ગુલાબ' માસિકના બીજા વર્ષના ગ્રાહકને પુસ્તિકા ભેટ અપાઈ છે. ચૈત્યવંદન, સ્તવન, અને ગહુંલી વગેરેનો સંગ્રહ છે.

**ગુરૂ ગુણલત્તા:** સંપાદક: પૂ. આ. શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ક્રાઉન સાઇઝ સોળ પેજી ૨૬ પેજ. પૂ. આ. શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી વિરચિત ગહુંલીઓનો સંગ્રહ છે.

**આદર્શ સજ્ઝાયમાલા:** રચયિતા: પૂ. મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી મહારાજ, પ્રકાશક: શાહ કાંતિલાલ પ્રેમચંદ વાસણવાળા ખંભાત. ક્રાઉન સોળ પેજી ૩૮ પેજ. નવીન રાગમાં સજ્ઝાયો રજુ થઈ છે.

**બે પ્રતિક્રમણ વિધિ સહિત:** પ્રકાશક: શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, પાયધુની મુંબઈ ૩, ક્રાઉન સોળ પેજી સાઇઝ ૧૨૮ પેજ મૂલ્ય ૧-૦-૦ વિધિનો ખ્યાલ ન હોય તે આ પુસ્તક વાંચી પ્રતિક્રમણ કરી શકશે.

**કૃતજ્ઞી કેસર:** લેખક: શ્રી શીવજીભાઈ દેવસીંહ પ્રકાશક: શ્રી શીવસદન ગ્રંથમાળા કાર્યાલય-મઢડા. ક્રાઉન સોળ પેજી સાઇઝ ૨૯૨ પેજ મૂલ્ય ૨-૮-૦ આ કથાનક કલ્પિત છે પણ એમાં નમ્રતા, કૃતજ્ઞતા, ભક્તિ અને સહિષ્ણુતા વગેરે ગુણોને વણી લેવા માટે પ્રયત્ન થયો છે. કથાલેખનની ભાષા સરળ છે.

**આત્મવિવેક મંજરી:** સંપાદક: પૂ. મુનિરાજ શ્રી મહિમાપ્રભવિજયજી મહારાજ પ્રકાશક: શેઠ લલ્લુભાઈ લીલાધર-માંગરોળ. ક્રાઉન સોળ પેજી સાઇઝ ૯૬ પેજ, મૂલ્ય સદુપયોગ. નવતત્ત્વ, જીવભેદો, ગુણસ્થાનક, સ્વાધ્યાય વિગેરે ઘણી બાબતોનો ટુંકમાં વિચાર કરવામાં આવ્યો છે. પાછળના ભાગમાં સ્તવન વગેરેનો સંગ્રહ છે.

**આનંદઘન ચોવીસી:** સાર્થ સંપાદક: પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ. પ્રકાશક: પણ પોતે જ. ક્રાઉન સોળ પેજી સાઇઝ ૫૬+૩૩૬ ૩૯૨ મૂલ્ય પઠન પાઠન. શ્રીયુત્ પંડિતજીએ ચોવીસે સ્તવનના અર્થ, ભાવાર્થ વગેરે સુંદર સરળ અને સિદ્ધાંતિક શૈલિએ લખ્યા છે. છેલ્લે છેલ્લે શ્રી પંડિતજીએ ચરમાવર્ત નાટક લખી ને કમાલ કરી છે. બીજી ઘણી હકીકતોની સંકલના કરી છે. આ પુસ્તકની પ્રસ્તાવના પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજે લખી છે.

# કહેવતો — શ્રી ચીમનલાલ શાહ

All that glitters is not gold :

ધોળું એટલું દૂધ નહિ. પીળું એટલું સોનું નહિ !

Barking dogs seldom bite :

ભસતા કૂતરા ભાગ્યે જ કરડે. ગાજ્યા મેહુલા ભાગ્યે જ વરસે !

Sands form the mountain, moments make yoar :

કાંકરે કાંકરે પાળ બંધાય, ટીંપે ટીંપે સરોવર ભરાય.

Man is known by the company he keeps :

જેવું વાતાવરણ તેવી તેની છાપ, જેવો સંગ તેવો રંગ, જેવું અન્ન તેવો ઓડકાર, સોબત તેવી અસર.

When fortune smiles take the advantage :

Make hay White the sun shines:

લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવું.

When the Cow is Old, she is soon sold :

ગરજ સરી એટલે વૈદ્ય વેરી.

Every clog has his day :

સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો.

Jack of all trades and master of none :

સોમાં શૂરો તે એકેયમાં નહિ પૂરો.

The wearer knows best Where the shoe pinches him :

'ઘાયલની ગત ઘાયલ જાણે.' વીતી હોય તે જાણે. નાગણનો ડંસ જેને લાગ્યો હોય તેજ જાણે !

Every thing is good in its season :

વિવાહમાં ધોળ અને કંસારમાં ગોળ જ શોભે.

Every body thinks his own geese to be Swans :

છગન મગન બે સોનાના ને ગામનાં છોકરાં ગારાનાં.

Out of the frying pan into the fire :

ઘરના દાઝયા વનમાં ગયા, વનમાં લાગી આગ.

Many go for wool and come home shorn :

હવેલી લેતાં ગુજરાત ખોઈ.

Can a pauper be compared to a might prince ?

ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ? ક્યાં રામરાજ્ય અને ક્યાં કોંગ્રેસરાજ્ય ?

---

**જિનેન્દ્ર સ્તવનાવલિ:** સંગ્રાહક: પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ, પ્રકાશકઃ શાહ દેવચંદ જેઠાભાઇ દેઢીઆ નવાગામવાળા. ક્રાઉન સાઇઝ ૧૩૬ પેજ પ્રાચીન–અર્વાચીન સ્તવનો, ચૈત્યવંદનો, સજ્ઝાયો અને ગહુંલીઓ વગેરેનો સુંદર સંગ્રહ છે.

**મારા જીવન પ્રસંગો:** લેખકઃ શ્રી શીવજીભાઇ દેવસિંહ પ્રકાશકઃ શીવસદન ગ્રંથમાળા કાર્યાલય મઢડા ક્રાઉન સોળ પેજી ૪૦૦ પેજ મૂલ્ય ૩–૦–૦ શ્રી શીવજીભાઈ ને પોતાના જીવનમાં જે અનુભવો થયા અને જાણવાનું મળ્યું તે શબ્દદેહમાં રજુ કર્યું છે.

---


કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત:

## કાવ્યાનુશાસન

સંપાદકઃ **રસિકલાલ સી. પરીખ.**

પ્રકાશકઃ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય.**

આમુખઃ **શ્રી આનંદશંકર ધ્રુવ.**

પ્રાચીન જૈન સાહિત્ય એ અમૂલ્ય વારસો છે, એ વારસાનું સંવર્ધન કરવું, એ આપણું ધ્યેય હોવું જોઇએ, એ માટે 'કાવ્યાનુશાસન'નું પ્રકાશન આપણને આપણા ધ્યેય તરફ દોરી જાય છે.

ભારતના આધુનિક સાક્ષરો, વિદ્વાનો અને પુરાતત્ત્વના પ્રખર અભ્યાસકોએ આ ગ્રંથનાં વખાણ મુક્ત કંઠે ગાયાં છે.

કિંમતઃ પ્રચારાર્થે રૂ. ૬–૦–૦ મોકલવાનો ખર્ચ અલગ.

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય,**

ગોવાલિયા ટેંક રોડ, **મુંબઈ ૨૬.**

# શ્રી નવકાર મહામંત્રના પ્રભાવને રજુ કરતું અપ્રસિદ્ધ કથાનક.

શ્રી વીરભિક્ખુ.

**જિનેશ્વર** દેવના શાસનમાં નવકાર મહામંત્ર જેવો બીજો કોઇ મંત્ર નથી. જ્ઞાનીઓએ જેને ચૌદ પૂર્વના સાર તરીકે વર્ણવ્યો છે, તે શ્રી નવકારનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરનારને આલોક તથા પરલોકનાં પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ થાય છે અને છેવટમાં તે મોક્ષના સુખની પ્રાપ્તિ પણ કરાવનાર છે. નવકાર મહામંત્રનું વિધિપૂર્વક આરાધન કરનારો આત્મા પ્રાયઃ સંસારમાં દુઃખી થતો નથી. શ્રી નવકાર મંત્રના પ્રભાવને રજુ કરતાં અનેક દષ્ટાંતો શાસ્ત્રોમાં બતાવેલાં છે, તે અનેક દષ્ટાંતોમાંથી અત્યાર સુધી અપ્રસિદ્ધ **સૌભાગ્યસુંદર**નું કથાનક અહીં આપવામાં આવે છે.

**મુક્તિમતી** નામની નગરી છે. ત્યાં અનેક પુણ્યવાન, ધન–ધાન્યથી સુખી આત્માઓ વસે છે. તે નગરીનું પાલન **મહીપાલ** નામે રાજા કરે છે. તે રાજાને **મહાલક્ષ્મી** નામની એક સ્ત્રી તથા **સૌભાગ્યસુંદર** નામે એક ગુણવાન પુત્ર છે. રાજપુત્રનું જેવું નામ છે તેવો જ તે પુણ્યવાન અને સૌભાગ્યવાન છે. થોડા જ સમયમાં તે સકલ કલામાં નિપુણ બને છે. એક વખત ક્રીડા કરવા માટે પોતાના કેટલાક મિત્રોની સાથે રાજકુમાર, રાજમહેલમાંથી પગે ચાલતો બહાર નીકળે છે. રાજમાર્ગ ઉપર આવ્યા પછી ચારે બાજુ મકાનો તથા દુકાનો, તોરણો તથા ધ્વજાઓ વગેરેથી શોભાયમાન જોઇને **ધર્મદાસ** નામના એક શ્રાવક શ્રેષ્ઠિ પુત્રને રાજકુમાર પૂછે છે કે, 'આજે આ નગરમાં કયા મહોત્સવને અંગે આ શોભા છે ?'

શ્રેષ્ઠિપુત્રે જવાબ આપતાં જણાવ્યું કે, 'હે કુમાર ! એક વખત હું મુક્તિમતી નદીએ ફરવા ગયો હતો. તે વખતે નદીમાંના પાણીમાં ગાગર પ્રમાણ મોટું બીજોરૂં તરતું આવતું દીઠું. મેં તે બીજોરૂં લઇને રાજાને આપ્યું. રાજાએ તે પોતાની સ્ત્રીને આપ્યું. મહાલક્ષ્મીરાણીએ તે સુંદર ફળ ખાઇને અતિહર્ષિત થઇ રાજાને કહ્યું કે, 'હે નાથ ! આ ફળનો સ્વાદ કોઇ અપૂર્વ છે. જીભથી કહી શકાય તેમ નથી. મને આવું ફળ દરરોજ એકેક મળવું જોઇએ. જે દિવસે મને આવું ફળ નહિ મળે તે દિવસે હું ભોજન કરીશ નહિ.'

આ સાંભળી રાજાએ અત્યંત દુઃખિત થઇને તે જાતનું ફળ મેળવવા માટે મને બોલાવીને પૂછયું કે, 'તને આ ફળ કયાંથી મળ્યું ?'

મેં જણાવ્યું કે, 'તે ફળ મને નદીના પાણીમાં દૂરથી તરતું આવતું મળ્યું છે.'

આ સાંભળી તે ફળની પ્રાપ્તિ માટે તેનું નિયત સ્થાન નહિ જણાવાથી રાજાએ રાણીને કહ્યું કે, 'હે દેવી ! આ તમારો હઠાગ્રહ છોડી દો ! આ ફળ કયાંથી આવ્યું તેની લાવનારને પણ ખબર નથી એટલે તે ફળ કેવી રીતે મેળવી શકાય ? માટે અશકય વસ્તુની પ્રાપ્તિના આ તમારા આગ્રહને મારા કહેવાથી છોડી દઇ ભોજન કરો.'

આ પ્રમાણે રાજાના કહેવા છતાં પણ રાણીએ ભોજન કર્યું નહિ એટલે રાજાએ પણ ભોજન બંધ કર્યું. રાજા તથા રાણીના ભોજનના ત્યાગના સમાચાર સાંભળી સઘળું લોક ખેદ પામ્યું. **મતિસાર** નામના મંત્રીએ પણ ચારે બાજુ તે ગાગર જેવા બીજોરાને લાવવા માટે નોકરોને મોકલ્યા. એક નોકર નદીમાં જે બાજુથી બીજોરૂં આવ્યું હતું તે દિશામાં કિનારે કિનારે તપાસ કરતો કરતો નદીમાં ઉતરીને કેટલેક દૂર ગયો. ત્યાં તેણે લીલાછમ વનમાં શૂન્ય વાડીમાં ગાગર સમાન બીજોરાં જોયાં. કિનારે ઉતરીને શૂન્ય વાડીમાં જઇ ઇચ્છાપૂર્વક બીજોરાં ખાઇને એક બીજોરૂં લઇને પાછા નગરીમાં આવી મંત્રીને તે આપ્યું. મંત્રીએ રાજાને આપ્યું. રાજાએ રાણીને આપ્યું અને તેણે પણ હર્ષિત થઇને ખાધું.

રાત્રિએ તે ફળ લાવનાર પુરૂષ અકસ્માત્ મરણ પામ્યો. બીજે દિવસે બીજા માણસને તે જાતનું બીજોરૂં લાવવા મોકલવામાં આવ્યો, તે પણ પ્રથમ પુરૂષની માફક લાવ્યો અને તેણે રાજાને આપ્યું. તે પણ રાત્રિએ મરણ પામ્યો.

આ પ્રમાણે જે જે માણસ ફળ લઇને આવે છે, તે તે રાત્રિના મરણ પામે છે એટલે મરણના ભયથી કોઈ ફળ લેવા જવા માટે તૈયાર થતું નથી.

રાજાએ રાણીને જણાવ્યું કે, ' હે દેવી ! મરણના ભયથી કોઇ પણ ફળ લેવા જતું નથી માટે તું આ હઠાગ્રહ છોડી દે. ' રાણીએ કહ્યું કે, ' ગમે તેમ થાઓ પણ જે દિવસે મને બીજોરૂં નહિ મળે તે દિવસે હું ભોજન કરીશ નહિ. '

આ હઠાગ્રહના યોગે રાણીને બે ઉપવાસ થયા. રાણીના ઉપવાસના યોગે રાજાને પણ બે ઉપવાસ થયા.

આ પ્રમાણે રાજા–રાણીને ઉપવાસ થવાથી અને ફળ મેળવ્યા વગર રાજા–રાણીના ઉપવાસ છુટે તેમ નહિ હોવાથી મંત્રીએ પોતાની બુદ્ધિના યોગે એક ઉપાય ખોળી કાઢયો. નગરીના સઘળા લોકોના નામની ચિઠ્ઠીઓ લખીને એક ઘડામાં નાંખવી અને દરરોજ તેમાંથી એક ચીઠ્ઠી કાઢવી. જેના નામની ચિઠ્ઠી આવે તેણે બીજોરૂં લેવા જવું, એમ ઠરાવવામાં આવ્યું. તે બીજોરૂં લાવનારને રાજા સોલસો દ્રમ આપે છે. બીજોરૂં લાવનાર રાત્રિએ મરણ પામે છે. આમ દરરોજ એકેક માણસનો નાશ થવાથી સઘળા નગરના લોકો દુઃખી થઇને નગર છોડીને જવાની તૈયારી કરવા લાગ્યા. પરંતુ રાજાએ બધાને રોકી રાખ્યા. ગઈ કાલે મારો વારો બીજોરૂં લાવવાનો આવ્યો. હું બીજોરૂં લાવ્યો પરંતુ મરણ પામ્યો નહિ અને હે કુમાર ! હવેથી કોઇ પણ મરશે નહિ. આ ઉપદ્રવ ટળવાથી લોકો હર્ષમાં આવીને નવો જન્મ મળ્યાની ખુશાલી ઉજવી રહ્યા છે.

આ સાંભળી કુમારે ધર્મદાસને કહ્યું કે, ' આ બધી વાત તો હું પહેલાં પણ જાણતો હતો, પરંતુ તું બીજોરૂં લાવવા છતાં કેમ મરણ પામ્યો નહિ તે હકીકત જણાવી નહિ. તો તેનું કારણ તું મને કહે ? '

ધર્મદાસે કહ્યું કે, ' બીજોરૂં લેવા જવાની આગલી રાત્રિએ મેં આખી રાત્રિ એક ચિત્તે શ્રી નવકાર મંત્રનો જાપ કર્યો. સવારે હું બીજોરૂં લેવા શૂન્ય વાડીમાં ગયો. ત્યાં મેં **' અણુજાણહુસ્સગ્ગો '** કહી આજ્ઞા માગી. પછી શ્રી નવકાર ગણી મેં બીજોરૂં લીધું કે તરત જ એક દેવે પ્રત્યક્ષ થઇને મને કહ્યું કે, 'હે શેઠ ! પૂર્વે હું આ નગરીનો ભોજ નામનો રાજા હતો. આ મારૂં હંમેશનું ક્રીડાસ્થાન હતું. આ વાડીમાં બીજોરા, કેળ, આંબા વિગેરેના વૃક્ષો મારી દેખરેખ નીચે વૃદ્ધિને પમાડાયેલાં છે અને તેથી આ વાડી મારા પ્રાણથી પણ મને અધિક પ્રિય હતી. આ વાડીમાંથી કોઇને પણ કુલફળાદિ હું લેવા દેતો ન હતો. જે કોઇ મારી નજર ચૂકવીને લેતો તેને હું મારી નાંખતો હતો. વાડી ઉપરના આવા અપૂર્વ રાગના યોગે મરીને હું અહીં વ્યંતર થયો છું અને આ વાડીમાંથી જે કોઇ ફળ લઇ જાય છે તેને હું મારી નાંખું છું. શ્રી મહીપાલ રાજા અને મહાલક્ષ્મી રાણી અહીંથી ફળ મંગાવવા છતાં તેમની જિનેશ્વરના ધર્મની આરાધનાના યોગે હું તેમને કંઇ પણ નુકશાન કરી શકતો નથી. આજે તું પણ બીજોરૂં લે છે છતાં પણ તારા શ્રી નવકાર મંત્રના ધ્યાનના પ્રભાવથી તારૂં કંઈ પણ અહિત હું કરી શકતો નથી. દેવનું દર્શન નિષ્ફળ જાય નહિ, માટે જલદીથી તું કોઇ પણ વરદાન માગ.

મેં કહ્યું કે, 'આ વાડીમાંથી ફળ લેનાર કોઇને પણ હવેથી તારે મારવો નહિ એમ કબુલાત કર.' દેવે પણ તે પ્રમાણે કબુલાત કરી. ત્યારપછી બીજોરૂં લાવીને મેં રાજાને આપ્યું અને સઘળી હકીકત જણાવી. લોકોએ પણ આ હકીકત જાણીને આજે ખુશાલીમાં ઓચ્છવ કર્યો છે.

' હે કુમાર ! આ પ્રમાણે બીજોરૂં લાવવા છતાં પણ મારૂં નહિ મરવાનું કારણ મેં તમને જણાવ્યું.'

કુમારે ધર્મદાસને કહ્યું કે, ' જેના પ્રભાવથી દેવો પણ લોકોને વશ થાય એવો શ્રી નવકાર મહામંત્ર તું મને આપ. '

ધર્મદાસે કહ્યું, કે ' તે મંત્ર હું આપી શકું નહિ. ગુરૂ મહારાજ જ તે આપી શકે. આ નગરીમાં શ્રી શાંતિસૂરિ મહારાજ બિરાજમાન છે. તેમની પાસે જાઓ, તેઓશ્રી તમને આપશે. '

આ સાંભળી કુમાર ગુરૂ મહારાજ પાસે ગયો. વંદન કરી, શ્રી નમસ્કાર મહામંત્રની માગણી કરી.

ગુરૂ મહારાજે કહ્યું કે, દેવ, ગુરૂ અને ધર્મ ઉપરની શુદ્ધ શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરાયેલો શ્રી નમસ્કાર મહામંત્ર ઇચ્છિત ફળને આપનારો થાય છે.

આ સાંભળી કુમારે સમ્યકત્વ ગ્રહણ કરવાપૂર્વક શ્રી નવકાર મહામંત્ર ગુરૂ મહારાજ પાસેથી લીધો. ત્યાર પછી તે મંત્રની આરાધનની વિધિ ગુરૂ મહારાજને પૂછી.

ગુરૂ મહારાજે કહ્યું કે, 'દરરોજ ત્રણ કાળ જિનેશ્વર દેવની પ્રતિમાની પૂજા કરીને એકસો આઠવાર આ મંત્રનો જાપ છ વરસ છ મહીના સુધી કરવો. નવકારના અડસઠ અક્ષર હોવાથી તેટલા દિવસ સુધી પોતાની યથાશક્તિ મુજબ ઉપવાસ વિગેરે તપ કરવો. તપ પૂરો થયે પારણું કરીને ઉજમણું કરી લોકોને મનવાંછિત દાન આપવું. આ પ્રમાણે વિધિપૂર્વક આરાધન કરાયેલો શ્રી નવકાર મંત્ર વશીકરણ, રૂપપરાવર્તન, આકાશગમન, લક્ષ્મી, પુત્ર, રાજ્ય યાવત્ મોક્ષના સુખને આપે છે.'

પછી કુમાર પણ ગુરૂ મહારાજને નમસ્કાર કરી પોતાના સ્થાને ગયો અને ગુરૂ મહારાજના કહેવા મુજબ શ્રી નવકાર મંત્ર આરાધનની આયંબીલના તપપૂર્વક જાપ વિગેરે સર્વ ક્રિયા કરી. છેવટે ઉજમણામાં સંઘની પૂજા કરી, જિનેશ્વરની પ્રતિમાને સ્નાન, વિલેપન વગેરે પૂજા કરી સોનાના શ્રી નવકાર મંત્રના અક્ષરવાળો રૂપાનો પટ્ટ બનાવરાવ્યો. તથા જિનેશ્વરના બિંબ તથા શ્રી નવકાર મહામંત્રના પટ્ટના આગળ ઉત્તમ જાતિનાં નૈવેદ્ય તથા ફળો દરેક એકસો આઠની સંખ્યામાં મૂક્યાં.

આ રીતિએ શ્રી નવકાર મંત્રની આરાધના તથા ઉજવણી કર્યા પછી કુમાર દરરોજ જિનપૂજા તથા ગુરૂવંદન કરે છે અને દરરોજ એક ચિત્તે એકસો આઠવાર શ્રી નવકાર મહામંત્ર ગણે છે.

એક વખત રાજકુમાર રાજસભામાં બેઠો છે તે વખતે અનેક કલાવાન એક યોગી રાજસભામાં આવ્યો. તેણે કુમારને આશીર્વાદ આપીને કહ્યું કે, 'હું આકાશગામિની તથા બહુરૂપીણી વિદ્યા સાધું છું તેમાં તમારી સહાયની જરૂર છે.' જે બીજાની પ્રાર્થનાનો સ્વીકાર કરતો નથી તે ખરેખર ભૂમિને ભારભૂત થાય છે, એમ વિચારી યોગીની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

યોગીએ કહ્યું કે, 'આજે રાતના સ્મશાનભૂમિમાં પધારજો.' એમ કહી યોગી પોતાના સ્થાને ગયો. કુમાર પણ સંધ્યાકાલે સ્મશાન ભૂમિમાં જ્યાં યોગી વિદ્યા સાધવા માટે નિશ્ચયપણે ધ્યાનમાં બેઠો છે ત્યાં પહોંચ્યો અને એકાગ્રચિત્તે શ્રી નવકારમંત્રનું ધ્યાન ધરતો કુમાર પણ હાથમાં ખુલ્લી તલવાર ધારણ કરીને સર્વ દિશાઓનું નિરીક્ષણ કરતો સાવધાનીપૂર્વક એક સ્થાનમાં બેઠો.

થોડી જ વારમાં એક ભયાનક રાક્ષસ કુમારની સામે પ્રગટ થયો. શ્રી નવકાર મંત્રરૂપ બખ્તરથી સજ્જ થયેલા કુમારના શરીરને ઉપદ્રવ કરવાની પોતાની શક્તિનો અભાવ જાણી રાક્ષસે કુમારને કહ્યું કે, 'હે કુમાર! તારા નવકારના સ્મરણથી હું તુષ્ટમાન થયો છું અને હું તને આકાશગામિની તથા બહુરૂપિણી વિદ્યા આપું છું.'

આ સાંભળી કેવળ પરોપકારમાં રસિક એવા કુમારે રાક્ષસને કહ્યું કે, 'આ યોગી આ બે વિદ્યાનો અર્થી છે. માટે તેમને પણ તે બે વિદ્યા આપો. રાક્ષસે પણ યોગીને કહ્યું કે, 'જો તું કુમારનો મિત્ર થઇને રહે તો હું તને પણ બે વિદ્યા આપું.' યોગીએ તે પ્રમાણે કબુલાત કરવાથી યોગીને પણ બે વિદ્યાઓ આપી, રાક્ષસ અદૃશ્ય થઇ ગયો. ત્યારપછી કુમાર પોતાના સ્થાને ગયો. યોગી પણ મિત્રભાવે કુમારની સાથે હંમેશાં રહેવા લાગ્યો. બન્ને જણ વિદ્યાના યોગે ઇચ્છાપૂર્વક આકાશમાં જવા–આવવાનું કરે છે.'

એક વખત આકાશગામિની વિદ્યાના યોગે ફરતા–ફરતા કુમાર તથા યોગી બન્ને શુભશુકનપૂર્વક રાજગૃહી નગરીએ પહોંચ્યા. ત્યાં પાર્વતિના મંદિરમાં જઇને ક્ષણવાર વિશ્રાંતિ કરી એટલામાં પાર્વતીના મંદિરમાં પોતાની સખી સાથે એક રાજકુમારી આવી, સ્નેહપૂર્વક વાંકી દૃષ્ટિએ કુમારના સામું રાજકુમારીએ જોયું. જોતાંની સાથેજ તેનામાં કામાગ્નિ પ્રગટ થયો. તેથી તેણે શૂન્ય મનવાળી બનીને વિપરીત રીતિએ પાર્વતીની પૂજા કરી. રાજકુમારીની આવી શૂન્યાવસ્થા જોઇને કુટિલા નામની સખીએ તેને કહ્યું કે, 'હે સખી! તારી આવી શૂન્યદશા કેમ છે? તેનું કારણ જો કહેવા લાયક હોય તો મને કહે!'

રાજકુમારીએ સખીને કહ્યું કે, 'જે કહેવાથી કાર્યની સિદ્ધિ ન થાય તે કહેવાથી શો લાભ!'

કુટિલાએ કહ્યું કે, 'હે પ્રિય સખી! દુઃખનું કારણ કહેવામાં આવે તો તે દૂર કરવા સહાય કરી શકાય. માટે તું પણ મને કહે અને હું પણ યથાશક્તિ સહાય કરીશ.' કુમારીએ સખીને સર્વ હકીકત કહી. ત્યારપછી કુટિલાએ પણ ફુલોની એક સારી માલા

ગુંથીને કુમારની પાસે જઇને કહ્યું કે, 'હે કુમાર! તમે મારી સખીના હૃદયના ચોર છો અને તે ચોરીની આ શિક્ષા કરવામાં આવે છે, એમ કહી કુમારના કંઠમાં વરમાળા આરોપણ કરી.'

યોગીએ પણ કુટિલાને કહ્યું કે, 'ખરેખર અપરાધને યોગ્ય દંડ કરવામાં આવ્યો છે.'

ત્યારપછી કુટિલાએ કહ્યું કે, 'હે કુમાર! આ ઘટના તમે સાંભળો. આ નગરમાં જગતચંદ્ર નામે રાજા છે. તે રાજાને જગતદેવી નામે સ્ત્રી છે અને સૌભાગ્યદેવી નામે પુત્રી છે. રાજાએ યુવાવસ્થાને પામેલી સૌભાગ્યદેવીનો, સંપ્રતિ રાજકુમારની સાથે વિવાહ કર્યો છે અને આજે રાત્રિના બીજા પહોરે તે બન્નેનું લગ્ન છે, પરંતુ કોઈ પણ કારણથી સૌભાગ્યદેવીનું સંપ્રતિકુમાર ઉપર મન ચોંટતું નથી. જ્યારથી આ મારી સખી સૌભાગ્યદેવીએ તમને જોયા છે ત્યારથી એ શૂન્ય મનવાળી થઇ છે માટે આ અવસરે હવે જે તમને ઉચિત લાગે તે કરો. તમોને વિશેષ શું કહેવાય.'

- આ સાંભળી યોગીએ કુમારને કહ્યું કે, 'હે કુમાર! તમે મારા કહ્યા પ્રમાણે કરો. આ સૌભાગ્યદેવીને લઇને હું વૈતાઢ્ય પર્વત પર જાઉં છું અને તમે તેનું રૂપ બનાવીને ત્યાં લગ્ન મંડપમાં પધારો. સૌભાગ્યદેવીના રૂપમાં સંપ્રતિકુમારની સાથે લગ્ન કરીને કુટિલાની સાથે વૈતાઢ્ય પર્વત ઉપર પધારજો.'

આ સાંભળીને કુટિલાએ કહ્યું કે, 'હે કુમાર! આપ પ્રસન્ન થઇને આપનું વૃત્તાન્ત સંભળાવો.'

યોગીએ પણ ત્યારપછી કુટિલાને કુમારનું સઘળું વૃત્તાન્ત જણાવ્યું.

પાર્વતીની પૂજા કરતી સૌભાગ્યદેવીએ આ સઘળો વાર્તાલાપ સાંભળ્યો અને પોતાને આવા ઉત્તમ કુમારનો પતિ તરીકેનો લાભ થયેલો જાણી અત્યંત હર્ષવાળી બની.

ત્યારપછી કુમાર વિદ્યાના યોગે સૌભાગ્યદેવીનું આબેહુબ રૂપ બનાવીને મૌનપણું સ્વીકારીને કુટિલાની સાથે લગ્નમંડપમાં ગયો.

કુમારને સઘળા લોકો તથા સંપ્રતિકુમાર પણ સૌભાગ્યદેવી તરીકે જુએ છે અને સૌભાગ્યદેવીના રૂપને ધારણ કરનાર કુમારની સાથે સંપ્રતિકુમારનું લગ્ન કરવામાં આવ્યું.

ત્યારપછી સંપ્રતિકુમાર પોતાની સ્ત્રીની સાથે પોતાના આવાસમાં ગયો. રાત્રીના સમયે બન્ને શયનભુવનમાં પહોંચ્યાં. બન્ને મૌનપણું સ્વીકારીને જુદા જુદા સ્થાનમાં બેઠાં. સંપ્રતિકુમારનું આવું વર્તન જોઇને ક્ષણવાર પછી સૌભાગ્યદેવીના લેબાશમાં રહેલા કુમારે કહ્યું કે, 'હે નાથ! આવા ભોગ વિલાસના સમયે આમ મૌન કેમ ધારણ કર્યું છે? કહેવા લાયક ન હોય તો તેનું કારણ મને કહો?'

સંપ્રતિકુમારે ખિન્ન મને કહ્યું કે, 'હે પ્રિયે! તને શું કહું. આપણા બન્નેનો જન્મ નિષ્ફળ ગયો છે.'

આ સાંભળી સૌભાગ્યદેવીએ પણ કહ્યું કે, 'હે પ્રિયતમ! આવા વચનો બોલો નહિ. જેવી રીતે આપણા બન્નેનો જન્મ સફળ થાય તેવી રીતે હું જરૂર પ્રયત્ન કરીશ માટે તમો સત્ય હકીકત કહો.

આવા આશાજનક વચન સાંભળી કુમારે કહ્યું કે, 'હે પ્રિયે! કુતુહલ ઉપજાવનારી કથા હું કહું તે તું સાંભળ.'

ચંપા નામની નગરીમાં ધર્મ નામનો રાજા છે. તે રાજાને ધર્મવતી નામની સ્ત્રી હતી. તે ગર્ભવતી થઈ એટલામાંજ અચાનક રાજા મરણ પામ્યો. બુદ્ધિમાન મંત્રીએ રાણીને પુત્રનો પ્રસવ થવાની આશાયે રાજ્યનું રક્ષણ કર્યું. સમયે ધર્મવતીએ પુત્રને બદલે પુત્રીનો જન્મ આપ્યો, એટલે મંત્રીએ પોતાની બુદ્ધિના યોગે રાજ્યના રક્ષણ માટે રાણીને પુત્રી જન્મી હોવા છતાં પુત્ર જન્મ્યો છે તેવી લોકોમાં જાહેરાત કરી, નગરીમાં મહોત્સવ કર્યો અને તેનું નામ સંપ્રતિ પાડવામાં આવ્યું.

તે સંપ્રતિને અંતઃપુરમાં ગુપ્ત રાખવામાં આવી અને પુરૂષ વેશમાંજ તેને સઘળી કલામાં નિપુણ બનાવવામાં આવી. તે સંપ્રતિની સાથે તારાં લગ્ન થયેલાં છે એટલે આપણે બન્ને સ્ત્રી હોવાથી કેવી રીતે ભોગ ભોગવી શકાય.

આ સઘળું વૃત્તાન્ત સાંભળીને સૌભાગ્યદેવીના વેશમાં રહેલા કુમારે હસીને કહ્યું કે, 'ખેદ કરવાની જરૂર નથી. જરૂર આપણા બન્નેનો જન્મ સફળ થાય, તેવો પ્રયત્ન હું કરીશ. જેમ દેવે તમને સ્ત્રી બનાવી છે અને હાલ પુરૂષના વેશમાં છો તેમ હું પણ પુરૂષ

હોવા છતાં કારણવશાત્ હાલ સ્ત્રીના વેશમાં છું. માટે હે દેવી ! તમારે હૃદયમાં કોઇ પણ ખેદ કરવાની જરૂર નથી. એમ કહીને પોતાનું પુરૂષ રૂપ પ્રગટ કર્યું. સંપ્રતિએ પોતાનું સ્ત્રી રૂપ પ્રગટ કર્યું.

ત્યારપછી સંપ્રતિદેવીએ પોતાની માતાને સઘળી હકીકત જણાવી. ધર્મવતીના પૂછવાથી સૌભાગ્યસુંદરે પોતાનું સર્વ વૃત્તાન્ત જણાવ્યું.

સંપ્રતિદેવીને પોતાનો મિત્ર યોગી સૌભાગ્યદેવીને લઇને વૈતાઢ્ય પર્વત ઉપર ગયાનું જણાવી. સૌભાગ્યસુંદર પોતે વૈતાઢ્ય પર્વત ઉપર ગયો અને ત્યાં જઇ તેની સાથે ગંધર્વ વિવાહથી લગ્ન કરીને પોતાના મિત્ર તથા સ્ત્રી સાથે રાજગૃહી નગરીમાં આવ્યો.

જગતચંદ્ર રાજાને પણ નવા જમાઇનો વૃત્તાન્ત જણાવવામાં આવ્યો. તે પણ સઘળો વૃત્તાન્ત જાણી હર્ષિત થઇને પ્રજાની અનુમતિપૂર્વક સૌભાગ્યસુંદરને પોતાના રાજ્ય ઉપર સ્થાપન કરે છે.

સૌભાગ્યસુંદર પણ રાજા બન્યા પછી સંધ્યા સમયે પોતાના માતપિતાને સઘળો વૃત્તાન્ત જણાવી પાછા આવવાનો પોતાનો અભિપ્રાય પોતાના સસરા વગેરેને જણાવ્યો. તેમની અનુમતિ લેઇ પોતાની બે સ્ત્રીઓ તથા મિત્ર યોગીને લેઈ રાત્રિના સમયે પોતાના પિતાને ત્યાં આવ્યો.

ત્યાં ભેગા થયેલા સર્વેએ એક બીજાના નવીન મેલાપના યોગે પરસ્પર વાર્તાલાપ આદિ સુખમાં આનંદપૂર્વક રાત્રિ એવી પસાર કરી, કે જે સુખ અને આનંદની આગળ સ્વર્ગનાં સુખો પણ હીન ભાસે.

સવારમાં કુમારે પોતાની નવી સ્ત્રીઓની સાથે માતા-પિતાને પ્રણામ કર્યાં. યોગીએ પણ કુમારની રાજ્યાભિષેક સુધીની સર્વ હકીકત કુમારના માતા-પિતાને જણાવીને કહ્યું કે, કુમારને હવે ચંપા નગરીમાં અવશ્ય જવું જોઇએ માટે આપ કુમારને ત્યાં જવા રજા આપો.

માત-પિતાએ પણ પોતાની પુત્રવધુઓના દર્શનથી હર્ષિત થઇને કુમારને ચંપા નગરીએ જવાની અનુમતિ આપી.

કુમાર પણ પોતાની સ્ત્રીઓ તથા યોગી મિત્રની સાથે રાજગૃહી આવ્યો. ત્યાં જગતચંદ્ર રાજાએ પણ યોગ્ય સત્કાર કરી ચંપા નગરીએ જવા માટે રજા આપી.

આ રીતે એ સત્કાર પામતો કુમાર પોતાના સઘળા પરિવાર સાથે ચંપા નગરીએ આવ્યો. પ્રજાએ પણ પોતાના રાજાનું આગમન જાણી મહાન આડંબરપૂર્વક પ્રવેશ કરાવ્યો.

હાથી ઉપર આરૂઢ થયેલો સૌભાગ્યસુંદર પણ પ્રજાના સન્માનને ઝીલતો પોતાના રાજમહેલમાં આવ્યો. લોકોએ અનેક રીતે રાજાની ભક્તિ કરી અને રાજાએ પણ લોકોનો મધુર વચનો વડે યોગ્ય સત્કાર કરી તેમને વિસર્જન કર્યાં.

ધર્મનિષ્ઠ રાજા સૌભાગ્યકુમાર નીતિપૂર્વક પોતાના રાજ્યનું પાલન કરે છે. વારંવાર આકાશગામિની વિદ્યાના બળે પોતાના માતપિતાની પાસે જાય છે અને ચરણકમલમાં નમસ્કાર કરી પાછો આવે છે.

આ પ્રમાણે શ્રી નવકાર મંત્રના ધ્યાનના યોગે મળેલી સંપત્તિનો તે ત્રણે જણા ઉપભોગ કરે છે અને ચંચળ લક્ષ્મીનો જિનમંદિર, ઉપાશ્રય તથા જિનાગમ વગેરે સત્ક્ષેત્રમાં સદ્વ્યય કરે છે. વિશેષ કરીને શ્રી નવકારનું ધ્યાન પણ હંમેશાં કરે છે. કદી પણ નવકારના સ્મરણને તેઓ ચુકતા નથી.

અન્તે શ્રી નવકારના ધ્યાનમાં તત્પર એવા તે ત્રણે પોતાનું સંપૂર્ણ આયુષ્ય પુર્ણ કરી સમાધિપૂર્વક કાલધર્મ પામીને દેવલોકમાં ઉત્તમ દેવ તરીકે ઉત્પન્ન થયા.

આ કથાનક ઉપરથી જોઈ શકાય છે, કે શ્રી નવકાર મંત્ર કેવો અપૂર્વ સહાયક છે. ગમે તેવા સંકટોમાં પણ જ્યાં કોઇ પણ સહાયક ન હોય જ્યાં મરણ નિશ્ચિત દેખાતું હોય તેવા સમયે શ્રી નવકારનું શ્રદ્ધાપૂર્વક ધ્યાન ધરનારને તે સહાયક થાય છે. તેના સઘળાં સંકટો નાશ પામે છે અને ઉત્તરોત્તર સુખોને પામે છે. આજે શ્રી નવકારમંત્રનું સ્મરણ કરતા છતાં પણ આપણે તેવી સહાય મેળવી શકતા નથી, સંપત્તિ મેળવી શકતા નથી અને તેનો ચમત્કાર દેખાતો નથી તેમાં કોઈ પણ કારણ હોય તો આપણને તે મંત્ર ઉપર તેવી શ્રદ્ધા નથી. જ્યારે તેવી અપૂર્વ શ્રદ્ધા આવશે ત્યારે જરૂર કાર્ય થયા વગર રહેશે નહિ. માટે શ્રદ્ધા કેળવવા પ્રયત્ન અવશ્યમેવ કરવો.

卐

# પર્યુષણ પર્વનું જ્ઞાન-વાચન

## પં. બેચરદાસ

| | |
|---|---|
| પ્રાકૃત માર્ગોપદેશિકા | ૪-૪ |
| રાજપ્રશ્નીય [ ટીકા, વિસ્તૃત અનુવાદ, પ્રસ્તાવના તથા કોશ સાથે ] | ૭-૦ |
| પ્રાકૃત વ્યાકરણ | ૪-૦ |
| ભ. મહાવીરની ધર્મકથાઓ | ૨-૮ |
| ભ. મહાવીરના દશ ઉપાસકો | ૧-૮ |

## પં. સુખલાલજી

| | |
|---|---|
| તત્ત્વાર્થ સૂત્ર | ૪-૮ |
| પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો ૧-૨-૩ | ૧-૮ |
| આધ્યાત્મિક વિકાસક્રમ | ૦-૬ |
| પ્રમાણ મીમાંસા | ૭-૦ |
| જ્ઞાનબિન્દુ | ૫-૦ |

## શ્રી ધુમકેતુ

| | |
|---|---|
| ગૂર્જરેશ્વર કુમારપાળ ૧-૨ | ૯-૦ |
| હેમચંદ્રાચાર્ય | ૨-૮ |
| હેમસમીક્ષા [ મોદી ] | ૨-૮ |
| સુબોધવાણી પ્રકાશ [ ન્યાયવિજયજી ] | ૧૦-૦ |
| જૈન દર્શન ” | ૨-૦ |

## શ્રી જયભિખ્ખુ

| | |
|---|---|
| ભ. ઋષભદેવ | ૪-૮ |
| નરકેશ્વરી વા નરકેસરી | ૪-૮ |
| કામવિજેતા સ્થુલિભદ્ર | ૪-૮ |
| મહર્ષિ મેતારજ | ૪-૮ |
| વિક્રમાદિત્ય હેમુ ભા. ૧-૨ | ૮-૪ |
| વીરધર્મની વાતો ૧-૨ | ૫-૦ |
| મત્સ્ય ગલાગલ | ૪-૮ |
| હિંમતેમર્દા | ૧-૮ |
| જવાંમર્દ ભાગ ૧-૨ | ૨-૮ |
| ઉપવન | ૨-૮ |
| પ્રેમભક્ત જયદેવ | ૪-૮ |
| ગઇ ગુજરી | ૧-૮ |
| રાજા શ્રીપાળ | ૦-૮ |
| જૈનધર્મની પ્રાણીકથાઓ | ૧-૪ |

## પ્રકીર્ણ

| | |
|---|---|
| આર્હત દર્શન દીપિકા | ૮-૦ |
| સુંદરીઓનો શણગાર | ૪-૦ |
| સોળ સતી | ૧-૮ |
| ભરતેશ્વર બાહુબલિવૃત્તિ ૧-૨ | ૫-૦ |
| અર્હન્નીતિ | ૧-૮ |
| અનેકાર્થ સાહિત્ય સંગ્રહ [ ૧૧૬ અર્થવાળી કૃતિ ] | ૨-૮ |
| અમરબલિદાન | ૧-૮ |
| ભાઇબીજ | ૪-૦ |
| સૂરીશ્વર અને સમ્રાટ | ૩-૦ |
| The jinist studies | ૫-૦ |
| Studies in jainism | ૩-૦ |
| Jainas in the history of indian-LITERATURE | ૨-૦ |

## જૈન બાલ ગ્રંથાવલિ

શ્રી જયભિક્ખુએ નવીન રીતે સંપાદિત કરેલ, નવા ફેરફાર સાથે સુંદર ગેટઅપમાં પ્રગટ થયેલી બે શ્રેણીઃ કિં. છ રૂપિયા.

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** ગાંધી રસ્તો—**અમદાવાદ.**

# સુકુમાલિકા અને બાંધવ બેલડી — શ્રી મુલચંદ એમ શાહ

વર્ષોનાં વહાણાં વાયાં છતાં ન ભૂલાય એ વિભૂતી! વૈરાગ્યનો રંગ જેની નસેનસમાં ને રગેરગમાં પરિણત પામી ચૂકયો છે એવી એ માનવ મૂર્તિને જડ આ કાયાને કોતરી તેમાં સજીવારોપણ કરનાર એ ત્યાગ મૂર્તિને! સુંદરતાના શિકારીઓના શિકાર ન બનતાં ત્યાગ ને તપમાં તે સુંદરતાને હોમી દેનાર તે સુકોમળ દેહને ધારણ કરતી માનવ–વ્યક્તિને!

જગતના ઇતિહાસના પાને સુવર્ણમય અક્ષરે–અક્ષરે વૈરાગ્યના રંગો પાથરતી તે કથની અમર બની ગઇ.

ખેર! આજે સુકુમાલિકા નથી. સશક ને ભષક બાંધવ જોડી નથી. સિંહ કે સિંહલા માતા–પિતા નથી કે વસન્તપુર નગર નથી. છતાં અમરતાના દેહમાં તેમની યાદ ઝળહળતી ને ઝળહળતી જ છે, તે નથી ભૂલાઇ કે ભૂલાશે પણ નહિ.!

પૌદ્‌ગલિક પદાર્થમાં ક્ષણે ક્ષણે અસારતા ને નિરસતા તરવરે છે છતાં કેમ તેની જાળમાં ફસાઇ અનંત આત્માઓ અવિરામ રીતે વિરાટ સંસાર ચક્રમાં ફર્યા કરે છે! જડની ઉત્પત્તિ સાથે જ નાશ તો તેની સાથે નક્કી થઇ ચૂકયો. પરંતુ અનિશ્ચિત કે કયારે તે જડમાં તે રમતા ને રંગરસીલા મનાવતા મોહઘેલાને વિરહના પૂરમાં તણાતો મૂકી નાશ પામશે!

સંસારનું આ સ્વરૂપ, જન્મ, જરા અને મૃત્યુને દરરોજ જોતા પણ કુતુહલપણે, એવા સશક–ભષક વિચારશ્રેણીમાં અટવાઈ પડયા. શું આ ભયંકર મૃત્યુથી બચવાનો, તેના મહા વિકરાળ સ્વરૂપથી દૂર રહેવાનો કોઈ રાહ નથી કે જે શાશ્વત શાંતિમય સ્થાને પહોંચતા કરે! આ રમત જડની, શું આ રાજ! આ રિદ્ધિ, આ પરિવાર સર્વ કોઇ શુદ્ધ સ્વરૂપે કોઇના સગાં નથી. સ્વાર્થમય આ જગત કોઇનું નથી ને કોઇનું થશે નહિ. જે ખુદ નાશવંત છે તે બીજાને કયાંથી શાશ્વત બનાવી શકે! તેની પાસેથી શાશ્વત સ્થાને પહોંચવાની આશા રાખવી તે તો કેવળ મૃગજળની પાછળ હર્ષઘેલા થઈ દોટ મૂકવા જેવું છે!

યુવાનીની હુંફમાં ખેલતા બાંધવો જગતની તાકાતને હંફાવતા, સૌન્દર્યના દિવડાઓથી દિપતા, રાજકુળની ખાનદાની તેમના ઐશ્વર્યમાં કળશ બની રહી પરંતુ સ્વપ્નના મહેલો સરીખી કાયા મૃત્યુરૂપી પ્રભાત ઉગતાંજ માટીમાં મળી જનાર તેનો મોહ શો! તેમાં રાચવાનું શું! દામિનીના દમકાટ સરખું સૌન્દર્ય તેનો ગર્વ શો! જે રાજરિદ્ધિ નર્કના દ્વારોને ખખડાવનારી છે, તેમાં રાચી ભાન ભૂલી શા નાચ નાચવા–નચાવવા!

" બા " શસક માતાની સમીપ ઉભો રહ્યો.

" આવ ભાઇ, કેમ? " માતાનો વાત્સલ્યપૂર્ણ હાથ સશકના મસ્તકે ફરી રહ્યો.

" બા, સુખ મેળવીને દુઃખનો ત્યાગ, તને વ્હાલો ખરો કે નહિ?',

" સુખની શોધ તો પ્રાણી માત્ર કરી રહ્યું છે! "

" પરંતુ વાસ્તવિક સુખની પરવા ન કરતાં ક્ષણિક આવેશમય સુખમાં જો આપણે સુખ માનતા હોઇએ તો બહુ જ ભૂલ ભરેલું મને લાગે છે! "

" આજે કેમ તને આ રંગ લાગ્યો છે! આ બધું તો સન્યાસીઓને વિચારવાનું. તું અને ભષક તો રાજપુત્રો છો. આનંદમય જીવન વિતાવો! "

" હવે, અમને આ સંસારનું, આ રાજરિદ્ધિનું એક પણ સુખ, સુખ ન લાગતાં, પાપના પોટલા બંધાવતું મહાદુઃખ લાગે છે. "

" સંસારની ફર્જો એજ ધર્મ સમજ, રાજ્યને સુરાજ્ય બનાવ, રાજ્યની જવાબદારી તારી પણ છે. "

" સંસારની ફરજોને ધર્મ માનવો એ તો નરી અજ્ઞાનતા છે. બા, સંસારનો વ્યવહાર પણ નર્કના દ્વારોની ચાવી છે, તેમાં રાજ્યની ધુરા, એ તો સંસારમાં અનંતકાળ રવડાવનાર શૈતાન છે. "

" બા, તું અમને સુખી જોવા ઇચ્છે છે ને! તો માની લે કે સંસારના કોઇ પણ તત્ત્વમાં અમને સુખનો ભાસ નથી થતો. વૈરાગ્યનો માર્ગ અનોખો છે. અનંત સુખ તેના પેટાળમાં છે. જિનેશ્વરદેવે બતાવેલી મુકિતની કેડી તે રત્નત્રીયીની આરાધના, તેમાં જ માનવ જન્મની સાફલ્યતા છે.

" શસક...... " માતાની આંખમાંથી આંસુઓની ધારા વહી રહી. માતૃત્ત્વનો પ્રેમ તેના હૈયામાં હિંચોળા ખાવા માંડયો ને મોહનાં તાંડવ રચાયાં. પુત્રો સુંદર માર્ગે જઇ રહ્યા છે. તેના હૃદયને તે ખ્યાલ થનગનાટ આપે છે, છતાં 'મારી' દૃષ્ટિથી દૂર! ભટકતા સન્યાસી......! આ રાજપુત્રો! ને

તેનું ચિત્ત કલ્પનામાંથી વિરહના દુઃખમાં ઝુરવા માંડ્યું.

"મા, શાને વૃથા ખેદ કરે છે! જગતનું કોઇ સ્વજન આયુષ્યને પૂર્ણ થતાં સ્વજન નથી રહેતું. માયાવી સંસારની ઇન્દ્રજાળમાં ફસેલા માનવીઓ જગતના સ્વાર્થને ન પીછનતાં દુઃખની ઘાણીમાં પીલાય છે. જો સ્વાર્પણના અજવાળાં પથરાય માનવી હૃદયમાં તો ખરે! સ્વર્ગ પૃથ્વી પર ઉતરે!

મોહના ઘરનો ભાડૂતી પ્રેમ આપણી પાસે ક્યાં સુધી ટકે! જ્યાં કોના પર મોહ કરવો ને કોના પર દ્વેષ, તેનો ખ્યાલ માનવી ભૂલી રહ્યો છે પળે પળે! ને સ્વાર્થની પુષ્ટિમાં મોહ ને સ્વાર્થની પ્રતિકૂળતા તેમાં દ્વેષ માને છે!" ને તેનું હૃદય ભાવી ઉજ્વળ જીવનની રમણતા કરી રહ્યું. તેની આંખોમાં દૃઢ નિશ્ચયની સ્થિરતા આવી વસી ને સંસારની એક એક પળ મારા આત્માને માટે અસહ્ય છે તે કલ્પનાએ તેને કંપાવી મૂક્યો.

"બા, જીવનને સોનેરી બનાવજો ધર્મના પ્રકાશથી." ને તે પુંઠવાળી સકળ સંસાર તરફ! વૈરાગી શસક, વૈરાગ્યનાં અજવાળાં પાથરતો સંયમ યાત્રાએ ચાલી નીકળ્યો. ભશકનો સાથ તેના ઐશ્વર્યમાં અનોખી ભાત પાડતો હતો. બંને બાંધવો વૈરાગ્યની સુવાસ પાથરતા પૃથ્વી પર પર્યટન કરતા, તીર્થંકર ભગવંતોએ ચિંધેલા માર્ગને પાવન કરી રહ્યા.

બ્રહ્મનું તેજ જેમના ભવ્ય લલાટમાં ઝળુકા લઇ રહ્યું છે તે બંધુઓ જગતની પાશવી વૃત્તિ નિરખતા વૈરાગની ઉછામણી કરી રહ્યા.

બાંધવોના વૈરાગ્યે બ્હેનની હૃદયવિણાના તારોને ખળભળાવી મૂક્યા. તેના હૃદયમાં બાંધવો પ્રત્યે સ્નેહ અવિરત રીતે વહેવા માંડ્યો!

અતિપ્રિય એવા ભાઇઓ સંસારને લાત મારીને વૈરાગ્યનાં અજવાળાં પાથરે તો કયા સ્વાર્થને વશ થઇ 'હું' દુનિયાના કિચડમાં ફસાઉં!

સુકુમાલિકાની હૃદયવ્યથા ને બાંધવોનું વસન્તપૂરમાં આગમન! ને સુકુમાલિકાના ઉદયનું સુપ્રભાત ઉગ્યું!

સૌન્દર્યમૂર્તિ-કેવળ સ્નેહમૂર્તિ સુકુમાલિકાના યૌવનમાં આગમન પૂર્ણપણે થઇ ચૂક્યાં હતાં. સ્વતંત્રતામાં ઉછરેલી બાલિકામાં સ્વાભાવિકતાની ઝાંખી થઇ રહી હતી. સ્વતંત્રતા-સ્વાભાવિકતા ને સુંદરતા તેના આંગણે નૃત્ય કરી રહ્યાં!

"સુકુમાલિકા, સંસારની છીછરી મનોવૃત્તિઓમાં તું હોમાઇ જઇશ. નર-રાક્ષસો તુજ સૌન્દર્યમાં મુગ્ધ બની તારી આસપાસ ગુંજારવ કરશે! તું સદાય તે વાતાવરણથી ગુંગળાઇ જઇશ ને જીવનને તું વેડફી નાંખતાં વાર નહી લગાડે ને પછી તારા પશ્ચાતાપનો પાર નહિ રહે. અશાંતિના વાદળોમાં તું પૂરાઇશ. તારૂં સૌન્દર્ય તારી જ કત્લ કરશે, જો સંસારના ઘોર તિમીરના માર્ગે એને દોરીશ તો." બંને બાંધવોએ શહેરની બહાર ઉદ્યાનમાં આવીને સ્થિરતા કરી છે. બહેનને ખબર મળતાં, હર્ષનાં આંસુ તેની આંખોમાંથી વહી રહ્યાં, બાંધવોની યાદમાં! ને કોમળતાની મૂર્તિ ભાઇઓની કદમોમાં આવીને ઝૂકી!

ભાઇઓના વિરહે તેને વૈરાગ્યના પંથે તો વાળી હતી. ત્યાં તેમની વૈરાગ્યરસ ઝરતી વાણીએ સુકુમાલિકાના હૃદયને વિંધીને વિજય ડંકા વગાડી તેની સંયમયાત્રાની જયઘોષણા કરી મૂકી! ને રાજકુમારી સુકુમાલિકા સાધ્વી બની રહી!

દુનિયાની રૂપરાણી સુકુમાલિકા સૌન્દર્યનાં મૂલ્ય સમજી ચારિત્ર યાત્રામાં સ્થિર બની. માસખમણને પારણે માસખમણની તપશ્ચર્યાએ તેના રૂપનો નાશ કરી નાંખ્યો. "આ સૌન્દર્ય મને દૂર્ગતિના પહાડો સાથે અથડાવનાર છે, તેને તો પહેલી તકે છુંદી નાંખું..." તેની તમન્ના વૈરાગ્યની હુંફમાં તીવ્ર બની. તપ અને જપમાં દિન-રાત તલ્લિન એવી સુકુમાલિકા વીતરાગના શાસનની ઉજ્વળતામાં અમરપદ પામી રહી.

પાશવી વૃત્તિઓને જીવનમાં સ્થાન આપી ભટકતા નરભ્રમરો હજુ સુકુમાલિકાના સૌન્દર્યના 'પતંગિયા' બની તેની ચારે બાજુ ભટકતા. વખતે વખતે તો ઉપાશ્રયમાં પણ ઘુસી જઇને તેમની પાશવી લાલસાની માંગણી કરતા પણ ચૂકતા નહિ.

ખરેખર, મોહના સકંજામાં સપડાયેલો આત્મા ઘોર અંધકારમાં અથડાઈ રહે છે. તેને નથી રહેતું જીવનની બરબાદીનું ભાન, માનવજીવનની અમૂલ્યતાનું ભાન કે નથી રહેતું ધર્મ તત્ત્વોનું ભાન. બસ, ભાન ભૂલી તેની વૃત્તિઓ પોશવામાં તલ્લિનતા, ને

તે વૃત્તિઓ પોષવા જતાં ચાહે ગમે તેટલા ફટકા પડે પરંતુ પાગલ ન બને માનવ

બન્ને બાંધવોને સમાચાર મલ્યા કે, 'બહેનને ચારિત્રયાત્રામાં નરપિશાચો, સૌન્દર્યના પતંગિયાઓ વિઘ્ન કરી રહ્યા છે.' બન્ને ભાઇઓ બહેનની રક્ષાને કાજે, વીતરાગના શાસનની રક્ષા માટે ઉપાશ્રયના દ્વારરક્ષક બની બહેનની સંયમયાત્રા નિર્વિઘ્ન કરી આપી.

અતુલ પરાક્રમી અને મહાન બાહુબળ જગ વિખ્યાત એવા શસક–ભષકની દ્વાર રક્ષણતાએ નર-પિશાચોમાં કોલાહલ મચાવી મૂકયો.

"કોણ છે એ આટલી રાત્રે ?" ભષકનો ભિષણ પડકાર પડયો.

સામેથી કોઈ ધસી આવ્યું, ત્યાં તો પાછળથી શસકનો પંજો તે યુવાનની ગરદન પર પડતાં જ પછડાયો નીચે. છતાં ઉભો થઇ શશકની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવા માંડયો. પરંતુ શશકની એક થપાટથી ધૂળ ચાટતો થઇ ગયો. છતાં ખીસામાંથી કંઇ હથિયાર કાઢી જેવો ધસી આવ્યો એવો જ ભષકે આખો ઉપાડી ઝીંકયો પથ્થર સાથે, ને સખત પછાડ ખાઇ પડતાં જીવ લઇને નાઠો.

આ યુદ્ધ દરમિયાન આજુબાજુનું વાતાવરણ ઉગ્ર બની રહ્યું હતું. સુકુમાલિકા પણ આ ધમાલથી જાગૃત થઇ.

"બંને બાંધવો પોતાને માટે કેટલો ભોગ આપી રક્ષા કરી રહ્યા છે ! કેટલી સ્વાર્પણની પરાકાષ્ટા !" ને તેનું મસ્તક બાંધવોને નમી રહ્યું !

"આટઆટલી તપશ્ચર્યાથી સૌન્દર્યને-કુરૂપ કરવા છતાં હજુ મારૂં સૌન્દર્ય લોકોને વિકારી બનાવે છે ! બહેતર છે કે, એના કરતાં આ જીવન ન હોય આ પૃથ્વી પર ! આજથી જીંદગીનું અનશન ! મારે આજથી જગતના એકેએક પદાર્થનો જીંદગી પર્યંત ત્યાગ. વોસીરે–વોસીરે !

વીતરાગની જ્યોત તેનામાં ઉજ્વળતા પાથરી રહી. તેની આંખોમાંથી અવિરત વાત્સલ્યનાં પૂર વહી રહ્યાં. તેનું સૌન્દર્ય બ્રહ્મના તેજથી અતિ તેજસ્વી બન્યું.

અનેક દિવસો વ્યતિત થતાં એક દા' સુકુમાલિકા મૂર્છા પામી ને અચેતન અવસ્થામાં પડી રહી. બન્ને બાંધવો વિચારમાં પડયા, કે ચોક્કસ બહેને અનુસન કરી દેહનો ત્યાગ કર્યો ને તેમનું મસ્તક ભગિનીના દિવ્ય આત્મ તેજને નમી રહ્યું.

સરિતા તટે દેહને વોસીરાવી. ચારિત્ર મંઝિલ શરૂ કરી ને પૃથ્વી પર વિચરતા અનેક આત્માઓનું કલ્યાણ કરતા જૈનશાસનના તેજસ્વી સ્તંભો બની રહ્યા.

નદીના પ્રવાહમાં પૂર આવતાં સુકુમાલિકાનો અચેતન દેહ તણાયો તે પ્રવાહ સાથે. પૂર ઓસરી જતાં કોઇ જુદા જ પ્રદેશમાં તેનો દેહ નદિ કિનારે તણાઈ આવ્યો. શિતળ વાયુના સ્પર્શથી તેની મૂર્છા ઉતરી ને આવાક્ બની ગઇ. હું કોણ ? કયાં ! ને સ્વનું ભાન ભૂલી રહી ને નદીના પટ પર આમથી તેમ ફરતી વિચારોમાં અટવાઇ પડી.

"આવા ઉજ્જડ કિનારા પર આમ એકલાં કેમ બહેન !" એક તરૂણે સુકુમાલિકાને ગભરાયેલી જોઇ પૂછયું. જવાબ શું આપું, તે અચકાઇ પડી ! બીચારી ભાન ભૂલી ગઈ કે હું એક વિરાગીની, સંન્યાસીની, સાધ્વી–અનસણ જેણે સ્વીકાર્યાં છે ! તેવી તપસ્વિની માનવ–મૂર્તિ છું !

"કેમ મારી સાથે આવીશ." યુવાન તેની નજીક આવતાં રૂપનો રાગી બની ગયો ને ઘેર આવી લગ્નની માંગણી કરતાં અનાદિના કુસંસ્કારો વિષય–વાસનાના ઉછળતાં સુકુમાલિકા કબુલ થઇ, ને લગ્ન થઇ ગયું.

બિચારી સુકુમાલિકા વૈરાગ્યના વહેણમાં તણાતાં કયાં વિષય–વાસનાના વમળમાં સપડાઇ. જીવનની અમૂલ્ય પળો વિષયના તાંડવ નૃત્યોમાં વિતાવી. કયી સ્થિતિ ભવાંતરમાં 'રિઝર્વ' કરશે ! કર્મોની એવી વિલક્ષણ રીતિ પથરાયેલી છે વેલીઓ. આ ભવ-ભ્રમણાના વેરાનમાં કે માનવ કયાં વેલીમાં ભીડાઇ ઠોકર ખાઇને પછડાય છે. ભવ–ભ્રમણાના ચગડોળમાં જો ભાન ભૂલી ગયો ને ચગડોળની ક્ષણિક સુખની છાયામાં ઘેલો બની ગયો તો મહા વિલક્ષણ રીતે કર્મો તેને પકડશે તેના પાશમાં !

તરૂણ સાર્થવાહની સાથે વિષયના રંગરેલાં મનાવતી સુકુમાલિકા તેમાં અવિહડ રંગ લગાડી રાચવા લાગી. ન રહ્યું તેને દિન–રાતનું ભાન, કે ન રહ્યું ગત સંયમ યાત્રાનું ભાન. દોડી......દોટ મૂકીને ઝાંઝવાના નીરની પાછળ!

" કોણ છે આ સ્ત્રી? ભષક!" પૃથ્વી પર વિચરતા–વિચરતા શષક ને ભષક તેજ શહેરમાં આવી ચઢ્યા, જ્યાં ભગિની સુકુમાલિકા વિષયસુખનાં રાચ–રચીલાં મનાવી રહી છે. સુકુમાલિકાને રસ્તે જતાં જોઇ શષકની દૃષ્ટિ તેના પર પડતાં તેને શંકા પડી કે કદાચ ભગિની તો નહિ!

ભષકે જરા ઉતાવળે ચાલીને સુકુમાલિકાની નજીક પહોંચી તેને પૂછ્યું. " આપનું નામ! " અવાજ સાંભળતાં તેણે પાછળ જોયું ને તે ભષકની તરફ ટીકી–ટીકીને જોઈ રહી તે કાંઈ વિસ્મરણ થયેલું સ્મરણ કરવા લાગી. ભષકે પણ તેને બરાબર પીછાની કે ચોક્કસ આજ ભગિની સુકુમાલિકા.

" સુકુમાલિકા, શાને ભૂલી જાય છે શષક ભષકને!

સુકુમાલિકા......શષક......ભષક ને તેનાં ભવાં ચઢ્યાં ને તેના સ્મરણ પટ પર ભૂલાયેલો સુવર્ણ ઇતિહાસ ક્રમસર રજુ થયો. ને તેનું ઉન્નત મસ્તક શર્મથી નમી પડયું.

" ઉપાશ્રયે આવીશને મલવા!" હ'કારમાં માથુ હલાવીને નખથી પૃથ્વી ખોતરતી સ્થિર થઇ ગઇ ને ભષક ઝડપથી ઉપાશ્રય તરફ ચાલ્યો.

સુકુમાલિકા ત્યાંની ત્યાં ઉભી રહી. ન તેનાથી એક ડગ આગળ ચાલી શકાયું કે ન એક શબ્દ તેનાથી બોલી શકાયો. તેનું ચિત્ત વૈરાગ્યની છોળો ઉછાળતી સુકુમાલિકાને જોઇ રહ્યું! તેની માસખમણ ને પારણે માસખમણની તપશ્ચર્યાને નિહાળી રહ્યુ ને સ્વીકારેલું અનસણ તેને કંપાવી રહ્યું.

અરે, ઘોર અંધકાર ખીણમાં કયાં અથડાઇ રહી છું. જીવનની અમૂલ્ય પળે પળે કયાં વિષયના ભયંકર ઝેરની મોજો ઉડાવી ને અનંત જન્મ, મરણ કરી રહું છું. જીંદગીની જીત મેળવવા જતાં હારનાં બ્યુગલો વાગવા છતાં શાને આંખ ખુલતી નથી!

" મારાથી હવે એક ડગ પણ સંસારનાં તોફાનો તરફ ન ભરાય " તેનાથી વિહ્વળ હૃદયે પૂકાર થઈ ગયો.

" હા! મારાથી હવે એક ડગ પણ સંસાર તરફ ન મંડાય " ને તેનું ગુંજન ચાલુ રહ્યું. ને તેની આંખો સ્થિર થઇને પ્રકાશની કોઇ શાશ્વત જ્યોતને શોધી રહી! ને તેનાં ઝડપી પગરણ ઉપાશ્રય તરફ થયાં.

ભગિનીને ઉપાશ્રય તરફ આવતી જોઇ અનેરા રંગમાં, ને શષક, ભષકની આંખોમાં વાત્સલ્યનાં આંસુ ટપકયાં!

ખરેખર વીતરાગનું શાસન માનવને પતનમાંથી પાવન કરી નાંખે! ને સુકુમાલિકાની જીવનયાત્રા મોક્ષના રાહની નજીક આવી પહોંચી.

" જીંદગીનાં અનશણ મારે."

" તેજ તારા પાપનું પ્રાયશ્ચિત છે, સુકુમાલિકા! " શશકનો હાથ સુકુમાલિકાના મસ્તકે વાસક્ષેપની છાંટણી કરી રહ્યો.

" માનવ જીવનનું મૂલ્ય જેની રગેરગમાં પ્રસરી ગયું છે. દિવ્ય સંદેશના ઘોષ જેને આવકારી રહ્યા છે,

" જીવનને ઉજ્વળ બનાવી પ્રાયઃશ્ચિતના અગાધ સમુદ્રમાં નાહી વિરાગના ઓજસમય માર્ગે ચાલી, મુક્તિની ગોદમાં સમાઈ ગઇ. "


આંતરડાંની કમજોરીમાં

**લક્ષ્મી છાપ–**

**સત્ ઇસબગુલ**

**સહાયભૂત છે અને કુદરતી રીતે દસ્ત લાવી કબજીયાત મટાડે છે.**

—: લખો :—

**રસીકલાલ બકોરદાસ શાહ ઊંઝા**

# સંસારનું એક રેખાચિત્ર

## પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજના
## પ્રશિષ્ય
## પૂ૦ પંન્યાસશ્રી ચરણવિજયજી ગણિવર

એક વૃદ્ધા બાઇના ઘેર સાંજના સાડા છ–પોણા સાતના ગાળામાં એક મહેમાન આવી ઉભા રહ્યા અને ડોશીમા બોલ્યાં, 'આવો ભાઇ!'

ડોશીમા 'આવો ભાઇ' બોલીને તુરત જ કામે લાગી ગયાં. મહેમાનને 'આવો ભાઇ' એ શબ્દ રચનામાં કાંઇક કઠોરતા જણાઇ. 'આવો ભાઇ' શબ્દ અનેક રીતે બોલાય છે. શબ્દ ભલે ગમે તેવો ટૂંકો હોય પણ તેમાં અર્થ જુદા જુદા ભરેલા હોય છે. શબ્દ બોલનારના મુખના આકાર ઉપરથી અર્થની તારવણી થઇ શકે છે. શબ્દ બોલનાર વ્યક્તિ કોણ છે? કેવા સ્થાન ઉપર છે? કોને સંભળાવે છે? કેવો ટાઈમ છે? એ બધું સમજનાર જ સમજી શકે છે.

ડોશીમા તો બોલીને ઘરમાં ચાલ્યાં ગયાં, કામે લાગી ગયાં, રસોઇ બનાવી, મહેમાનને જમાડયા. બધું પતી ગયા પછી મહેમાન બુદ્ધિમાન હોવાથી ડોશીમા ઉદાસીન લાગે છે! કાંઇક દુઃખમાં હોય તેમ સમજાય છે! એમ વિચારી જમ્યા પરવાર્યા પછી પરોણાએ પ્રશ્ન પૂછયો.

'માજી! આપનું ઘર, ઘરનો ઠીમાક, ઘરના માણસો, ઘરનું રાચ રચીલું, આ બધું જોતાં આપ સારા સુખી દેખાવ છો! છતાં તમારા મુખના ચહેરા ઉપર સુખની થોડી પણ અસર જણાતી નથી. જાણે કોઈ મહાદુઃખમાં ફસાયાં હોય! એવો મને ભાસ થાય છે! શું આ મારી કલ્પના સાચી છે?'

'ભાઈ! ભગવાન જિનેશ્વર દેવોએ આ સંસારને દુઃખની ખાણ કહેલ છે. જેનું ચારે બાજુથી ઘર સળગ્યું હોય, જેના પહેરવાનાં બધાં કપડાં બળી ખાખ થઇ ગયાં હોય, તેને તમે તો દાઝયા નથી ને? એમ પૂછવું જેમ નકામું છે, તેજ પ્રમાણે શું સંસારમાં તમને કાંઈ દુઃખ છે? આવો પ્રશ્ન પૂછવો જ નકામો છે. તેમાં પણ સ્ત્રીપણું એ તો મહાદુઃખની ખાણ છે.

અનંત પાપ રાશીઓ જ્યારે એક સામટી ઉદયમાં આવે છે, ત્યારે સ્ત્રીનો અવતાર મળે છે. ભગવાન સર્વજ્ઞ દેવોનાં વચનો યથાર્થ સાચાં જ હોય છે, તે જ પ્રમાણે અનુભવાય છે. સાક્ષાત્ અનુભવ થવાથી એ મહાપુરૂષોનાં વાકયો ઉપર શ્રદ્ધા મજબુત થઇ છે. એટલે ભાઇ! તમે ઉપરથી સુખનો દેખાવ ભલે દેખતા હો પરંતુ જગતમાં કોઇ પણ સ્ત્રી સુખી હતી નહિ. હોય પણ નહિ. હું સુખી હોવાની ઇચ્છા રાખું તે નકામી છે અને બીજા કોઇ અમારી જાતને સુખી કહેતું હોય, તે પણ તદ્દન પાયા વગરની વાત છે.

ભાઈ! આ તો સ્ત્રી જાતિની વાત કરી, પરંતુ મારી અંગત વાત પૂછતા હો તો મારા દુઃખની કથની કહેવા બેસું તો પાર આવે એવું છેજ નહિ. કવીનાઇનની ગોળી ઉપરની મધુરતા કરતાં હજારો ગુણી કડવાશ જેમ ગોળીના પેટાળમાં રહી છે, તેમ ઉપરથી મારી તમામ જીંદગી સારી જણાવા છતાં મારૂં ચિત્ત સદાકાળ સળગેલું જ રહે છે. ભાઇ! પહેલેથી મારી વાત કરૂં છું. 'મારા બાપુજી એક સારા ગૃહસ્થ હતા, અમો એક મોટા શહેરમાં રહેતાં હતાં. મારા બાપાજીનો વેપાર–રોજગાર ઘણો જ સારો હતો એટલે બારે માસ મહેમાન–પરોણા ઘણું કરીને પાંચ–સાત દરરોજ રહ્યા જ કરતા. બાપા અને બા બંને જુના જમાનાનાં માણસ એટલે ઘેર નોકર–ચાકર હોય જ શેના? દળણું દળવું, પાણી ભરવું, વાસણ સાફ કરવાં, રસોઇ કરવી બધું કામ મારી બા એકલા હાથે કરતાં હતાં. શહેર મોટું છતાં અમારી જ્ઞાતિના ઘર તદ્દન ન હોવાથી ધર્મનો લગભગ અભાવ હતો.

પરંતુ 'ખારા સમુદ્રમાં મીઠી વીરડી'ની માફક રસ્તાનું ગામ હોવાથી અને અમારા પિતા ધનાઢ્ય હોવાથી વખતે વર્ષમાં કોઇ કોઇ વાર સાધુ કે સાધ્વી પધારતાં અને ગામમાં ધર્મસ્થાન ન હોવાથી અમારા ઘરમાં જ તેમને ઉતારતાં હતાં.

પરંતુ જૈન સાધુઓના આચાર પ્રમાણે જેના ઘરમાં ઉતરે તેના ઘેર બીજા દીવસે ન વહોરી શકાય,

એ નિયમથી અમને બીજા દીવસનો સાધુ–સાધ્વીનો લાભ મળી શકતો નહિ.

જોકે અમારા ઘરનું કામ એવું હતું કે, મારી બા દરરોજ પરોઢીએ પાંચ વાગ્યે ઊંઘમાંથી જાગે ત્યારથી રાતના નવ વાગ્યા સુધી એક પણ મીનીટ નવરા થાયજ નહી તોપણ ઘેર પધારેલા સાધુ–સાધ્વીની પાસે બપોરના વખતે અડધો કલાક જરૂર ટાઇમ મેળવી ધર્મ સાંભળવા બેસતાં, ત્યારે હું ઘણી નાની છતાં મને સાધુ–સાધ્વીનો પરિચય ખુબ ગમતો. મને થોડુ સાંભળેલું પણ યાદ રહેતું. મારૂં મૂળનામ ચંપા હોવા છતાં મારાં માબાપને લાંબો ટાઇમ બીજું સંતાન ન જીવવાથી મને લોકો **લાડકી** કહીને જ બોલાવતાં હતાં.

લગભગ હું આઠ વર્ષની થઇ તે દરમ્યાન મારે ત્રણ–ચાર ભાંઇ બેન થયાં. બબે વર્ષના થઇને મરી ગયાં. ગામમાં નિશાળ હતી; કન્યાશાળા હતી. કન્યાઓને ભણાવવાનો સરકારી કાયદો પણ હતો, છતાં મારી બા નાનાં બચ્ચાંને રમાડવા, સાચવવાના કારણે મને નિશાળે મુકતા નહિ. મારી બુદ્ધિ સાધારણ ઠીક હતી, છતાં પાપોદયથી મારા માતા–પિતાએ પોતાના કામની, ઘર કામની ખાતર મને એકડા–બારાક્ષરીનું પણ જ્ઞાન અપાવ્યું નહિ.

બસ, માતાના હાથ નીચે વીસ વર્ષની ઉંમર મેં પૂર્ણ કરી. દીકરી ઘણી વ્હાલી હતી પણ માતાએ મારો આલોક–પરલોકનો જરા પણ વિચારજ કર્યો નહિં.

અમારા ઘેર સાધ્વીજી આવતાં, મને ધર્મનું ભણવા કહેતાં. મારી રૂચી પણ ખરી. મારો નમ્ર, વિનયી અને સેવાભાવી સ્વભાવ જોઇ ઘણાં ઘણાં સાધ્વીજી મને કહેતાં કે, 'ચંપા! તું દીક્ષા લઇશ?' મને દીક્ષાની વાત ખુબજ મીઠી લાગતી. દીક્ષાની વાત સાંભળીને કોઇકિ વાર આંખોમાં આંસુ આવી જતાં હતાં અને મારાથી બોલાઇ જવાતું કે, મેં એવાં પુણ્ય કયાંથી કર્યાં હોય કે મને દીક્ષા મળે!

મારા બાપા લક્ષાધિપતિ હતા પણ મારી બા અને હું અમે બંને ઘરના કામકાજમાં ગૂંથાએલાં રહેતાં. દિવસ ઊગે પાંચ–દશ મેમાન તો જમનારા હોયજ મારે ચાર નાના ભાઇઓ હતા, તેમને નવડાવવા, ખવડાવવા વગેરેનું કામ પણ અમારે જ કરવાનું હતું.

મને દીક્ષા લેવા ખુબજ ઇચ્છા થઇ જતી અને તેનું મુખ્ય કારણ સ્ત્રીઓનું ગુલામડી જીવન. મારા જેવી હું અને મારી બા બેજ ન હતાં પણ હજારો સ્ત્રીઓનાં ગુલામ જીવનો નજરોનજર જોતી અને વિચારતી કે હે શાસન દેવ! મને દીક્ષા ઉદય આવે તો કેવું સારૂં!

કોઇ પણ સાધ્વીજી મારી બાના સાંભળતાં મને દીક્ષાની વાત કરે તો મારી બાનો પાવર વધી જતો ને બોલવા માંડે કે ના બા! મારે એકની એક છોડી છે. મારી છોડીની દીક્ષાની વાત કાઢશો મા! બસ, મારા કર્મના જોરની મદદથી મારૂં ભલું ન જ થયું. દીક્ષા તો દુર રહો પણ **લાડકી** દીકરીને **મોંઘી** માતાએ પહેલી ચોપડી પણ ન જ ભણાવી. સારૂં ઘર અને સારો મુરતીયો જોતાં અમારી નજીકના એક ગામમાં માસીક ત્રણસો–ચારસો કમાતા હુશિયાર વર, મારા માતા–પિતાની નજરે આવ્યો અને મારા વેવિશાળ માટેની પૂછપરછ ચાલી. મુરતીયાને બીજે ભણેલી–ગણેલી સારી કન્યાઓ મળતી હતી તો પણ મારા બાપાની લાગવગથી અને હું સ્વભાવે નમ્ર વિનીત હોવાની જાહેરાતના કારણે મારૂં વેવિશાળ થયું અને મારા મા–બાપ અને પાડોસી અને સગા વ્હાલાં મારા નસીબનાં ખુબજ વખાણ કરવા લાગ્યાં 'ચંપા તું તો પુરેપુરી ભાગ્યશાળી છું' શું ઘર મળ્યું છે, શું વર મળ્યો છે, આ બધું સાંભળતાં મને જરા પણ આનંદ થતો નહિં. કારણ કે સાધ્વીજી મહારાજો પાસે મેં સંસારનું સ્વરૂપ સાંભળેલું અને તે મારા હ્રદયમાં કોતરાઈ ગયું હતું. વર સારો, ને ઘર સારૂં, એ સ્ત્રી જાતીના સુખ માટે નથી. પરંતુ ગયા જન્મોનાં ઉદય આવેલાં પ્રબળ પાપ ભોગવવાનું સાધન છે. બસ; થોડા જ દીવસમાં મારા બાપુજીએ લગ્નની માગણી કરી અને મારૂં મોટા આડંબરથી હજારોના ખર્ચે લગ્ન થયું. છ–બાર માસ તો સાસરા–પીયરની મેમાનગતી ભોગવવામાં ગયા પરંતુ વર્ષ પૂર્ણ થયું નહિ ત્યાં તો અમારા સાસુજીનું કેણ શરૂં થયું. મારે ઘરમાં પાંચ–સાત વહુઆરો નથી બા! એટલે હવે વારે ઘડીએ અમો

અમારી વહુને પીયર નહી મોકલી શકીએ.

બસ, પ્રથમ મારી બાને બે–ચાર દીકરી ન હોવાથી હું લાડકી દીકરી એકડો પણ ભણવો ન પામી, એજ પ્રમાણે અમારા સાસુજીને પાંચ દીકરામાં એકજ પરણેલા હોવાથી સાસુજીને પણ લાડકી વહુ થઇ પડવાથી પરોઢીયે પાંચ વાગ્યાથી રાતના દશ વાગ્યા સુધી ઘરનું કામકાજ ચાલુ જ રહેતું.

એટલું પુણ્ય પાંસરૂં હતું કે, પતિનો સ્વભાવ અને સાસુનો સ્વભાવ સારો હતો. સસરો, દિયર અને જેઠ પણ કજિયા પ્રિય ન હતા. આવામાં કોઇ ગુરૂણીજી વહોરવા આવતાં તો આત્માને આનંદ થઇ આવતો. કોઇ કોઈ ગુરૂણીજી ધર્મ શું કરો છો? એમ પૂછતા ત્યારે આંખમાં બોર બોર જેવડાં આંસુ આવી જતાં. કોઇ ગુરૂણીજી વળી એમ પણ કહેતાં કે, બ્હેન! શું ભણ્યાં છો? ભગવાનનાં દર્શન કરો છો? પૂજા કરો છો? તીર્થયાત્રા કરી છે? આવું આવું સાંભળીને હૈયું ભરાઈ આવતું. કોઇ દહાડે સારે કે હીણે પ્રસંગે પણ પિયરમાં જવાનું બને નહી. મારી બા અને બાપાના સમાચારો આવ્યા જ કરે. ચંપાને બે દિવસ તો મોકલો પણ મારા નસીબમાં કામનો બોજો એટલો બધો હતો કે હું માની પાસે જાઉં શી રીતે? આમ થતાં મારી બા માંદા પડયાં. ઘણા કાગળો–સમાચારો આવ્યા કરે પરંતુ અહિં સાસુનો એકજ જવાબ મળતો કે, આ ઘરનું કામ કોણ કરે? હમણાં જવાય છે, હમણાં બે દહાડા પછી જજો, આમ ટાઇમ જતાં મારી બા બે મહીને ગુજરી ગઈ. લોક લાજે રોવા જવા રજા દેવી જ પડે. મારે એકની એક દીકરી મારે દીક્ષા લેવા દેવી નથી; આમ બોલનારી માતા મરતી વખતે મારી ચંપા ન આવી કે? અરેરે મરતી વખતે પણ મારી લાડકી દીકરી ન આવી. ઓ ચંપા! ઓ ચંપા! આમ બોલતાં માતાના પ્રાણ ગયા. આ તો બધું હું રોવા ગઇ ત્યારે સાંભળ્યું. બાપા પણ મંદવાડમાં ઘસાઇ ગયા હતા. બે–ચાર દહાડાના મેમાન હતા, સાસુને પાલવે કે ન પાલવે પણ બાપાની છેલ્લી ચાકરી કરી. અઠવાડીએ બાપા પણ ગયા. સંસારમાં પીયરનું સુખ મા અને બાપ હતાં અને મારા ઉપર વાત્સલ્યવાળાં હતાં, તોય મારા નસીબે મને માબાપ તરફથી સુખ તો મળ્યું નહિ. પણ અભણ રાખી દીક્ષા લેવા ન દીધી એક મોટા કુટુંબની મજુરણ બનાવી. મરતાં સુધી મારૂં મોઢું જોઇ ન શકી, આવું સુખ પામી.

મારી બ્હેનપણીઓ કોઇકવાર મેણાં ટોણાં આપે કે ક્ષણવાર પણ આવતાંએ નથી. પણ શું આવું? **મારા આત્માના પરમકલ્યાણ દીપક** જિનેશ્વર દેવનાં દર્શન પણ મળતાં નથી.

ગામમાં બારે માસ સાધુ મહારાજ હોય તો પણ અમારા નસીબમાં વ્યાખ્યાન સાંભળવાનું કે મુનિવંદનનું ભાગ્ય હોય જ શાનું? દર્શન, પૂજા, વ્યાખ્યાન, યાત્રા નાની વહુવારૂના નસીબમાં હોય જ શાની? નાની વહુ એટલે એક ગુલામડી, નાની વહુ એટલે ગયા જન્મનો પાપનો પુંજ, એ બાપડીને સાસુ ટોકે, સાસરો ટોકે, દીકરો કનડે, ધણી ધમકાવે, નણંદો છીદ્ર શોધી સાસુને કહે.

આહા! આવા મારા પાપમય જીવનનાં પણ મારા પીયરની બાઇઓ વખાણ કરતી હતી. 'બેન ચંપા! તને વર અને ઘર સારૂં મળ્યું છે હો.' હા, લોકો કહેતાં હતાં તે તેમની દ્રષ્ટીએ બરાબર ભલે હોય પણ હું પોતાને પરમ દુર્ભાગીજ માનું છું, કારણ કે મારા કરતાં અમદાવાદ, સુરત અને મુંબઇની શેઠાણી પાસે રહેનારી ઘાટણો ભાગ્યશાળી છે, કે શેઠાણીઓ સાથે તેમના બચ્ચાને ઉપાડી તેઓ જિનાલયમાં જાય; દરરોજ ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા જાય, દરસાલ શત્રુંજયની, ગીરનારની, આબુની, ભોયણી, પાનસર, તારંગાની યાત્રા કરે. જુદા જુદા કોઇ સાલ પાવાપુરી, ચંપાપુરી, સમેતશીખરની યાત્રા કરે છે અને શ્રદ્ધા હોયતો બને તેટલો ધર્મ પણ આરાધી શકે છે.

બસ. લગ્ન પછી ૧૫ પંદર વર્ષે વૈધવ્ય આવ્યું. સાસુ–સસરા અને પતિ પરલોક સીધાવ્યા. હવે બે ઘરડા કાકાજી અને ચાર દીયર રહ્યા, ઉપરાંત મને પોતાને છ દીકરા હતા. પહેલાની ઉંમર અગ્યાર વર્ષની હતી. બસ જોઇ લ્યો મારૂં મૃગતૃષ્ણાના જલ જેવું, ઇંદ્રજાળના બંગલા જેવું, સંસારનું સુખ છે ભાઇ! મારે વૈધવ્ય શરૂ થયું, બાળકો નાનાં હોવાથી ઉછેરવાનાં હતાં. તેર જણની રસોઇ વિગેરે તમામ ઘરનું

કામ મારે માથેજ હતું.

મને જૈનશાસનમાં જન્મ મળ્યા છતાં શત્રુંજય, ગીરનાર, આબુ, સમેતશીખર, પાવાપુરી, ચંપાપુરી, તારંગા, કુંભારીયા, ભોયણી, પાનસર, ઝગડીયા, સુરત, ભરૂચ, ખંભાત, પાટણ, અમદાવાદ, જેસલમેર, જેવાં તીર્થોની પેટપુર જાત્રા પણ ક્યાંથી થાય ?

શું શત્રુંજયગિરિની શીતળ છાયામાં નવાણુ-ચોમાસુ હોય ? એવા અમારા નસીબ ક્યાંથી ? ત્યારે મુનિ મહારાજોના બારમાસી વ્યાખ્યાન સાંભળવાનું અમારૂં પુણ્યજ ક્યાંથી હોય ?

હસે કોઈ હજારે એકબાઇ ભાગ્યશાળી કે જેને શ્રી વીતરાગ શાસનની આરાધના થતી હોય.

ખરી પુણ્યશાળી બાઇતો તેજ છે કે, જે કુમારી બાળ બ્રહ્મચારીણી સંજમ-દીક્ષા અંગીકાર કરી તત્ત્વ અભ્યાસ પામી-આત્માની ઓળખાણ પામે છે.

એ કાકાજી અને સાસુ-સસરો મરી ઠેકાણે પડયાં પણ દીયર હતા, છોકરા મોટા થયા. પરણતા ગયા ને જુદા થતા ગયા. ચોથા છોકરાની વહુ હમણાંજ પાંચ છોકરા મુકીને મરી ગઇ છે. વળી ભાઈ ! મારે પાછો સંસારનો બોજો માથા ઉપર આવ્યો. એ દીકરો ને તેના પાંચ છોકરાં બધાની વેઠ મારા ઉપર આવી છે. મને આજે બાસઠ વર્ષ થવા આવ્યાં છે. દસ વર્ષની થઇ ત્યારથી એક ધારૂં કામ, કામ ને કામ ચાલુ જ છે. આ ઘરનાં બધાને જમાડી-પરીવારી પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયે જવા કટાસણું ગોતતી હતી; ત્યાં તમારા પનોતા પગલાં થયાં એટલે મારે કટાસણું હેઠું મુકી તમારા માટે જમવા સારૂ રસોઇની વ્યવસ્થા શરૂ કરવી પડી. તમને જમાડયા, એંઠવાડ કાઢયો, પ્રતિક્રમણ ગયું. બાસઠ વર્ષની બુઢી પણ હું ભાવના હોવા છતાં પ્રતિક્રમણ, સામાયિક કરી શક્તી નથી. ઉપધાન કરવા ઇચ્છા છતાં થતાં નથી. તમે કે તમારા જેવા મેમાન જમાડવા પડે તેની બળતરા નથી, પણ આત્માનું કલ્યાણ કશું થતું નથી. આજ બાબત ચિત્તને કાંટાની પેઠે ખુંચ્યા કરે છે. અનંતા કાળથી કૈકને ધર્મમાં અંતરાય નાખ્યા હશે કે જેથી ધર્મ કરવાની જોગવાઇ મળતી નથી અને ઇચ્છા છતાં ધર્મ થતોજ નથી.

એટલે પ્રભુ વીતરાગે કહયું છે તે તદ્દન સાચું જ છે કે, અનંતા પાપની રાશીના ઉદયથીજ સ્રીપણું જીવ પામે છે. અને નીતિકારે પણ ઠીકજ કહયું છે. **कष्टं वधु जीवति** નાની વહુ બાપડી દુખઃમય જીવન જીવે છે. આટલા પાપના ઉદય સાથે જો પતિ **ક્રોધી, નિર્દય કે અનાચારી સાંપડયો હોય અને કજીયાખોર સાસુ મળી હોય તો તેના જીવનમાં અને નારકીપણામાં લાંબો ફેર રહેતો નથી.**

બસ, હું તો સંસારમાં વસેલી નાની-મોટી બેનોને ભલામણ કરૂં છું કે, સંસારના કારમા સુખમાં ફસાશો નહિ. હવે છેલ્લું જીવન એવું જીવવા ઇચ્છું છું અને મારી બ્હેનોને ભલામણ કરૂં છું, કે શ્રી વીતરાગ શાસનનું ખુબ જ આરાધન થાય, બોધીબીજ મળે, સમાધી મરણ થાય, કોઇ ભવમાં હવે સ્રીનો અવતાર ન આવે, એવું જીવન જીવજો.


## આંખની અકસીર દવા

# નયન ક્યોર

**એક શીશીના રૂા. ૫-૦-૦**

[ પોષ્ટેજ અલગ ]

**સેંકડો માણસોએ અજમાયેશ કરી છે. ' નયન ક્યોર ' આંખના દરેક રોગ જેવાં કે ફુલાં, મોતીયો, પરવાળું, છારી, પાણીનું ઝરવું, આંખની લાલાશ તથા આંખની ઝાંખપ ઉપર અકસીર કામ કરે છે.**

: લખો :

**એમ. પી. મહેતા જૈન**

ઠેઠ આણંદ બાવાનો ચકલો **જામનગર**

**વાપરવાની રીત:**—દિવસમાં ત્રણ વખત ટયુબથી ટીપાં પાડવાં. અચૂક ફાયદો થશે.

# શંકા અને સમાધાન

[ સમાધાનકારઃ—પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ]
[ પ્રશ્નકારઃ—મુનિરાજ શ્રી ભક્તિવિજયજી મહારાજ ]

**શં૦** બાવીશમા શ્રી નેમનાથ ભગવાન ઉમ્મરમાં મોટા કે રહનેમિજી મોટા ? રાજીમતિએ રહનેમિજીને દેવરીયા કહ્યા છે તો નાના સમજવા કે કેમ ? જો મોટા હોય તો દેવર કેમ કહ્યા ?

**સ૦** શ્રી રહનેમિજીથી પ્રભુશ્રી નેમનાથ ભગવાન મ્હોટા હતા. એટલે જ રાજિમતિજીએ શ્રી રહનેમિજીને દેવરીયા કહીને સંબોધ્યા છે.

**શં૦** તીર્થંકરનો જન્મ થયા બાદ તેઓશ્રીની માતુશ્રીજીની વિષયવાસના ઉડી જાય કે રહે? અને જો રહેતી હોય તો ફરીથી જન્મ આપે કે નહિ ?

**સ૦** તીર્થંકરની માતુશ્રી તીર્થંકર પ્રભુજીના જન્મની સાથ વિષયવાસના ઉડી જવાનો ઉલ્લેખ જોવામાં આવ્યો નથી. વિષયવાસના હોય એટલે ફરજંદ જન્મે જ એવો કોઈ નિયમ નથી.

**શં૦** ત્રીજા ઉદયમાં યુગપ્રધાન સૂરિ થવાના છે તે વિક્રમ સંવત કેટલા થયા પછી ?

**સ૦** વિ. સં. ૨૦૩૦ બાદ યુગપ્રધાન સૂરીશ્વરજી મ. નો સંભવ છે.

**શં૦** એક પૂર્વ હાથીપુર રૂસનાઇ [શાહી] ના ઢગલાથી લખી શકાય તો તે હાથી ભરતક્ષેત્રનો કે મહાવિદેહ ક્ષેત્રનો સમજવો ?

**સ૦** ચોથા આરાનું આ વર્ણન હોવાથી અને ચોથા આરામાં પૂર્વના જ્ઞાનીઓનો વધારે સંભવ હોવાથી હાથીનું માપ ચોથા આરાનું સમજવું અને આ માપ મહાવિદેહમાં પણ બંધબેસતું રહી શકશે.

**શં૦** દશ ક્ષેત્રમાં અત્યારે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનાર સાધુ અને ઉત્કૃષ્ટ દેશવિરતી પાળનાર શ્રાવક કયા દેવલોકે જઈ શકે ?

**સ૦** હાલમાં દશે ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સંયમી અને દેશવિરતિ શ્રાવક ચોથા દેવલોકથી વધારે ઉંચે જઈ શકે નહિ.

**શં૦** પારણા તથા સ્વપ્નાની પ્રતિષ્ઠાન ક્રિયા વિના સંકલ્પ માત્ર છે. નાળીએરથી વીરપ્રભુનો જન્મ થાય છે તો મંગલપ્રતિમા ગણાય કે નહિ ?

**સ૦** શ્રીફલ એ મંગલ પ્રતિમા નથી પણ એમાં પ્રભુજીની સ્થાપના કરાય છે અને તે સ્થાપનાને અસદ્ભાવ સ્થાપના કહેવાય કેમકે તેમાં જેની સ્થાપના કરીએ છીએ તેની આકૃતિ નથી.

[ પ્રશ્નકારઃ-શાહ શાન્તિલાલ કેસરીચંદ ]

**શં૦** આર્દ્રા નક્ષત્ર પછી વિહાર થઇ શકે ?

**સ૦** ખુશીથી, કારણ કે શાસ્ત્રમાં અષાડ શુદ ૧૪ પછી વિહાર બંધ કરવાનું ફરમાન છે. જે દેશમાં વરસાદ વહેલો આવતો હોય, તેવા દેશમાં વનસ્પતિ આદિ જીવોની અધિક ઉત્પત્તિના કારણે આર્દ્રા નક્ષત્ર પછી વિહાર કરતા નથી અને આ રીવાજ પ્રાયઃ ગુજરાતમાં ચાલી રહ્યો છે.

**શં૦** નવ લાખ નવકાર મહા મંત્રનો જાપ અમુક ટાઇમમાં જ પુરો કરવો એવું ખરૂં ?

**સ૦** ના. એવું કંઈ છે નહિ પરંતુ શુભં શીઘ્રમ્ એ હિસાબે જેમ જલ્દી ગણી લેવાય તેમ સારૂં. કારણ કે કાલનો ભરોસો નથી.

**શં૦** નવકાર મંત્રના જાપમાં નવલાખનો આંક બાંધવાનું શું કારણ ?

**સ૦** નવનો આંક અભંગ છે એટલે નવ રાખ્યા છે. અધિક જાપ ગણી શકતો ન હોય તો આટલા તો ગણવા અતિ ઉત્તમ છે. બાકી નવક્રોડ, નવ અબજ આદિ જેટલો વધારે જાપ કલ્યાણકારક છે. એટલે આ સંખ્યા જઘન્ય રાખી હોય એમ લાગે છે.

**શં૦** માણિભદ્ર યક્ષ પાસે ચોખાનો સાથીઓ થાય?

**સ૦** નહિ, કારણ કે સાથીયામાં જે માંગણી છે તેવી માંગણી દેવ અને ગુરૂ પાસે વ્યાજબી છે, અવિરતિ દેવો પાસે નહિ.

**શં૦** શ્રી શત્રુંજય પ્રાયઃ શાશ્વત ગણાય છે તો તે કઇ અપેક્ષાએ?

**સ૦** પ્રાયઃ શાશ્વતનો અર્થ નાનો-મોટો થાય, વધે-ઘટે પણ મૂલ કાયમ રહે. સર્વથા નષ્ટ ન થાય. જ્યારે બીજી શાશ્વતી વસ્તુઓ છે તે તેના પ્રમાણમાં કાયમ રહે છે.

**શં૦** જૈન સમાજની અત્યારે પડતી દેખાય છે, તો હવે ક્યારે ઉન્નતિ થશે?

**સ૦** પ્રભુ શ્રી મહાવીરસ્વામી ભગવાનના જન્મ નક્ષત્ર ઉપર પ્રભુજીની હયાતિના અભાવમાં જે ભસ્મગ્રહ બેઠો છે તે ઉતરશે એટલે વીર નિર્વાણ પછી અઢી હજાર વર્ષ બાદ યુગ-પ્રધાન પેદા થશે ત્યારે.

**શં૦** પ્રચાર માટે પ્રેસ અને પ્લેટફોર્મ મનાય છે, એ બરાબર છે?

**સ૦** બરાબર નથી, કારણ કે પ્રેસ અને પ્લેટફોર્મ પર લખનાર અને બોલનાર અવળા હોય તો ઘણા જ હાનિકારક નિવડે, માટે ચુસ્ત આસ્તિક અને ધર્મતત્ત્વના પૂર્ણ જ્ઞાતા ઉપરોક્ત બે સાધનવાલા હોય તો તે બે ચીજો પ્રચાર માટે અતિ ઉત્તમ છે. સ્વાર્થ પુરતાં ન હોવાં જોઇએ.

**શં૦** ધર્મ પ્રચાર માટે આજે શું કરવું જરૂરી છે?

**સ૦** દર્શન, જ્ઞાન અને ચારિત્રનો પ્રચાર.


# जिनमंदिरो के-उपयोगी

रथ, हाथी, इन्द्रध्वजा गाडी, पालखी, भंडार पेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके ऊसके पर चांदी और जर्मन के चदर लगानेवाले और पंच धातु के प्रतिमाजी और परीकर बनानेवाले.

लीखो या मीलो,

**मिस्त्री त्रिजलाल रामनाथ**

**मु. पालीताणा, [ सौराष्ट्र ]**

रुबरु जरुर हो तो खर्च देनेसे आ सकते हैं.

## નવાં બહાર પડેલાં પ્રકાશનો

**પ્રાચીન સ્તવન-સજ્ઝાયાદિ સંગ્રહઃ** ચૈત્યવંદનો, સ્તવનો, ઢાળો, સજ્ઝાયો, અને થોયો વગેરેનો સંગ્રહ. ૫૫૫ ના કાગળ અને પાકું બાઇન્ડીંગ રૂા. ૫)

**ચાર પ્રકરણ-ત્રણ ભાષ્યસાર્થ :** ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને તત્ત્વાર્થાધિગમ સૂત્ર અર્થ સહિત રૂા. ૪)

**ત્રણ ભાષ્ય સાર્થ** [ મહેસાણા ] રૂા. ૨)

**ભીંતીયાં પંચાંગ :** અમારા તરફથી પ્રગટ થાય છે. એકનો ૧ આનો ૧૦૦ ના રૂા. ૫)

**નાગરદાસ પ્રાગજીભાઈ**

ડોશીવાડાની પોળ સામે ઢાળમાં **અમદાવાદ**

# શુભાશુભ સંકલ્પોની અસર અને તેનું પરિણામ.

પૂ૦ આચાર્ય દેવ શ્રી વિજયભુવનતિલકસૂરિજી મહારાજ

અનુભવની વાત છે કે, નાના બાળકને માટીનાં રમકડાં, લાકડાની ભાત-ભાતની રંગ-બેરંગી ચીજો, ખાવાના મીઠા-મીઠા પદાર્થો આ બધું ઘણું જ રુચે છે. બાલકને પ્રસન્ન રાખવા કહો કે સંસારની ખોટી આશાઓની જાલમાં ફસાવવા, ખોટાં રમકડાંથી બોધપાઠો પઢાવાય છે. માટીનો ઘોડો કે હાથી, માટીનું કેળું કે કેરી, જામફળ કે નારંગી, બાળકને આપતાં રાજી-રાજી બની જાય છે. કેટલાક નાનાં નાનાં બાળકો તો આવી રમતો રમવાની ચીજોને છાતી આગળ દબાવીને સુએ છે, એ જાતની બાળકોની ચેષ્ટાઓ દેખાય છે.

વાસ્તવમાં માટી અને લાકડાંના રમકડાં ખોટાં છે, તુટવાનાં છે અને ક્ષણિક સુખાભાસ છે, પરંતુ એ બાળકોને સુખાભાસો પણ મોહનો નસો ચડાવી મુકે છે. અણુસમજુ ઉંમરની આ એક લીલા છે અને આ લીલા એવી જબ્બર હોય છે કે, બાળકોએ એક વાર નજરે જોયેલી ચીજ જો ન મળે તો બે-બે કલાક સુધી રડે છે, અંતે બાળકની માતા કોઈ અન્ય એવી ભળતી વસ્તુ આપીને બાળકને સંતોષે છે. માયા-પ્રપંચના બોધપાઠની આ એક નિશાની જ છે ને? નાનાં બાળકો પણ નાની નાની વસ્તુઓના પ્યારમાં ફસે છે, અને શિશુ-વય અજ્ઞાનતાથી ખોટા સંકલ્પોની છાયામાં મસ્ત બનીને વિતાવી દે છે.

અજ્ઞ બાળ કંઇક સમજુ થાય છે ત્યારે પહેલાનાં મમતાનાં સાધનો એને અકારાં, જૂઠાં અને ઘેલછા ભરેલાં લાગે છે અને નવીન સૃષ્ટિ સરજાય છે, નવા જ રંગો જામે છે, નવી જ ભૂમિકા રચાતી જાય છે. સારૂં ખાવાનું, સારૂં પહેરવાનું, સારૂં બોલવાનું અને સારૂં સારૂં સાંભળવાનું દિલ પુષ્ટ થાય છે. આ બાળકને માયા કરતાં આવડે, પ્રપંચ રમતાં આવડે, માબાપ ને શિક્ષકને ઉઠાં ભણાવતાં આવડે, પોતાના ગુન્હાઓને છુપાવી બીજાના મસ્તક ઉપર ઢોળતાં આવડે, પોતે સઘળાય બાળકોમાં સારો છે, એમ ગણવવાનું ઘમંડ પણ કરે. હરિફાઇ, ઇર્ષ્યા, દ્વેષ અશ્લીલ ભાષણ કરતાં શીખ્યો! હવે વિચારો કે પેલા અણુસમજુ બાળક કરતાં આ સમજુ બાલક તે સદોષ બન્યો કે નિર્દોષ રહ્યો? સમજુ બન્યો કે અણુસમજુ બન્યો?

સમજુ બાળકના સંકલ્પો કેવા હોય! હું કેમ સૌથી મોટો ગણાઉં? મને કોઈ પણ એક શબ્દ કેમ સુણાવે! આવી હલકી વૃત્તિઓ ઘર કરી જાય છે. પછી જનેતા હોય કે જનક, શિક્ષક હોય કે વડીલ, ગુરુ હોય કે જ્ઞાની સઘળાયને આ બાળક તુચ્છ ગણે છે, અવસરે સામું પણ બોલે છે! એકાદ પણ હિતશિક્ષાનો શબ્દ સાંભળી શકતો નથી. વહાલસોયો બાળક હવે સર્વને અકારો લાગે છે. સગાં માત-પિતા કહે છે કે, એક શબ્દ પણ સુણતો નથી! મોજ-શોખમાં અઢળક પૈસા ખર્ચે છે, હું પૈસા ન આપું તો ખીસા કાતરે છે! નાના બાળકોને જૂઠા પ્રેમ પાશથી નાના મોજ શોખો માબાપ જ શીખવે છે મંદિરમાં પૈસાને બદલે એક આનો મૂકયો હોય તો ઠપકો આપે અને બજારની જવાહર હોટલમાં ૧૦-૧૨ આનાનું બીલ કરી આવ્યો હોય તો કહે કે, કંઇ નહિ બેટા, તારા કરતાં વધારે શું? છોકરો ઘણો જ ઉદાર છે, એમ કહીને વાત હસવામાં ઉડાવે! પરંતુ એજ પુત્ર મોટો થઇને હજારો રૂપૈયા ઉન્માર્ગમાં ખર્ચી નાંખે ત્યારે તે જ બાપને ઘણો ગુસ્સો આવે છે અને કહે છે, કે એ કેમ પાલવે! પરંતુ આ સમજુ બાળક

ધીમે ધીમે વધારે સમજુ થતો ગયો અને સ્વતંત્રતા મેળવતો ગયો, યુવાનીના ઓવારે ઉતરવાની શરુઆત થતી ગઈ! ખોટી વાસનાઓની વસમી મુસાફરી શરૂ થઇ! નસેનસમાં ખમીર ગરમ થતું ગયું, મગજનો કાબુ ગૂમાવવા લાગ્યો, નવા નવા ભોગ-વિલાસો ભોગવવાની દુષ્ટ કામનાઓની કેડીએ જવાની પ્રેરણાઓ વધતી ગઈ! બસ, બાળવયની આશાનાં સાધનો સમજુ બાળ-વયની સંકલ્પ સિદ્ધિઓ વિલય થઈ ગઈ હવે તો કોઇ જુદા જ સંકલ્પો જન્મ્યા.

**ધ**નાશા, ભોગાશા, વિષયાશા, નેતૃત્વાશા, આવી અનેક આશાઓની હોળી જ સળગી ઉઠી. ચોવીશે કલાકમાં એક શ્વાસ પણ જેને નિશ્ચિંતતા નહિ, થાક ખાવાની પાલવતી પળ પણ દુર્લભ થઈ ગઈ. આ બાજુ સ્ત્રીના દિલને પ્રફુલ્લિત રાખવું, બાલ-બચ્ચાંને પણ પાલન કરવાં વગેરે તીવ્ર સંકલ્પોએ સંસારને સળગાવી મૂકયો.

**આ** યુવક બંધુને કોઇ પૂછે, કેમ ભાઇ! મજામાં છો ને? અરે દોસ્ત, શું વાત કરે છે! જીવનની સાંજ પડી પણ મોજનું મોજું કંઈ ફરી વળતું જ નથી. શોકનો સિંધુ ઉલટયો છે, ચિંતાની ચિતા પ્રગટી છે, ફીકરની **ફરફડી** ફરકી રહી છે, એક મિનિટ પણ નિરાંત નથી. ખરે! આવા તો અનેક પ્રશ્નો મૂંઝવે છે. જવા દોને વાત!

સમજયો ભાઇ! ઠીક પણ સમય લઈને વચમાં-વચમાં ધર્મ શરણ પણ લેવું જોઇએ. ધર્મ વિહોણું જીવન એ મુડદા જેવું નકામું છે. જેઓના જીવનમાં અનેક વ્યાધિઓનો હુમલો થતો હોય છતાંય નિયમિત ધર્મારાધન થતું હોય છે, તેઓની વ્યાધિઓ પણ મંદ પડે છે. નિરાબાધ બનીને નિત્તાંત સુખાસ્વાદ મેળવી શકે છે. યુવાનીના મદથી છકેલાઓને ધર્મની સદ્બુદ્ધિ જન્મવી ઘણી જ આકરી હોય છે, કારણ કે એ યૌવન મદ એવો કેફ ચડાવે છે કે, શુભ સંકલ્પો રૂપી ચાંદલાઓને ઢાંકી દે છે; કદી કદી એ કુસંકલ્પોથી માયાવી જુઠી આશાઓમાં ગલાડૂબ થયેલો આત્મા કુસંકલ્પોની આછી આછી કિરણાવલી પ્રગટાવે છે.

યુવાનીનો મજબૂત બંધ ત્રુટવો શરુ થાય છે, શરીર શકિત ક્ષીણ થવા પામે છે, શરીરની મદદગાર તમામ ઇંદ્રિયો રીસાયેલી રાણીઓની જેમ કામ આપતી નથી, મગજ અને કલેજું ક્ષણે ક્ષણે અસ્તવ્યસ્ત થઈ જાય છે, આ દશામાં માનવ જીવન મેળવ્યા પછી બાલવય વીતાવી રમત ગમતોમાં, એ વયના સંકલ્પો ક્ષણ સુખાભાસની મેળવવાની દુષ્ટ કામનાઓવાળા હોય છે. જરા સમજુ ઉંમર થતાં નવી નવી ભાત ભાતની ચીજો પ્રતિ પ્રીતિ જોડાઇ અને એ સમજુ-અસમજુ વય પુરી થતાં યુવાનીની ઉગ્ર આંધીના અંધકારથી યુવાનીનું તેજ ઢંકાઈ ગયું અને ધીરે ધીરે સાઠેક વર્ષની ઉમ્મરે પહોંચતાં દેહના બંધો શિથિલ થયા, અને પછી વૃદ્ધ થયો એટલે તો અજબ ફિકરોની જવાળાથી દિન-રાત કુવિકલ્પોએ કાસળ કાઢી નાંખ્યું.

**આ** આખોય લેખ મનનીય છે. સુવિકલ્પો પેદા કરાવનાર ચિંતામણી રત્નની પ્રાપ્તિ થતાં જ ઇષ્ટ પદાર્થો આપોઆપ પેદા થાય છે. તેમજ સુવિકલ્પો પેદા કરાવનાર જો કોઇ હોય તો ચિંતામણી રત્ન તુલ્ય સંત મહાત્માઓ જ છે-યાને સુશાસ્ત્રોનું અધ્યયન અને અનુશીલન જ છે. જીવનની અવસ્થામાં ધીમે ધીમે પરિવર્તન થાય છે, તેમ તેમ સુસંગતની રંગત જો વધતી જાય તો કુવિકલ્પો આપોઆપ સમાઇ જાય છે અને સુવિકલ્પોની સૌન્દર્યમય શુભસૃષ્ટિ જ ઉત્પન્ન થઈ જાય છે. મનુષ્ય કંઈ પણ ન કરે પરંતુ માત્ર મનની અંદર

# જૈન દર્શનમાં વ્રત–આરાધનાની અલૌકિક વિશિષ્ઠતા

શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી

શ્રી જૈનધર્મની દરેક બાબતમાં વિશિષ્ટતા જ હોય છે ને તેથી જ લોકોત્તર માર્ગના વિશેષણથી ઓળખવામાં આવે છે, તે વ્યાજબી જ છે. વ્રતની આરાધના સંબંધમાં પણ આવું જ છે. જૈનધર્મમાં આરાધના કરવા માટે સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચે કોઇ ભેદ નથી. સામાયિક, પ્રતિક્રમણ, તપ, શીલના નિયમો, ગૃહસ્થપણાના વ્રતો, દીક્ષા વિગેરેમાં પુરૂષ અને સ્ત્રીઓ વચ્ચે સમાનતા છે. એટલે માનવી તરીકેના હક્કમાં આરાધનાનો માર્ગ સરખો છે. છતાં આરાધનાની વિધિમાં ભેદ છે, કેમકે સ્ત્રી અને પુરૂષના શરીરની રચના જુદા જુદા પ્રકારની છે. તેને ધ્યાનમાં રાખીને જ એ ભેદ પાડયો છે ને તેમાં પણ શ્રી તીર્થંકર દેવોમાં રહેલા કેવળજ્ઞાનના વિવેકમાર્ગનું જ આપણને દર્શન થાય છે. આમ કારણવશાત્ વિધિમાં જરૂરી ફેરફાર છતાં આરાધનાનો માર્ગ બન્નેને માટે સરખો છે.

શ્રી જૈનદર્શનમાં વ્રત–આરાધના આત્મકલ્યાણના હેતુ માટેજ કરવાની હોય છે, તેથી શરીર સેવાને ગૌણ બનાવીને મોક્ષના હેતુ માટે ધર્મ કરવાનો હોય છે. એ રીતે ધર્મસેવન કરવા છતાં ધર્મની વિધિજ ઉચ્ચકોટિની હોય ને આપોઆપ જ શરીર સ્વાસ્થ્ય જળવાઈ જતું હોય એ જુદી વાત છે, પણ તેથી કરીને તે ધર્મ, અર્થ–કામના હેતુથી કરેલો કહેવાય નહિ. જેમકે આપણે બજારમાં ખરીદી કરવા જતા હોઇએ ને અચાનક કોઈ સ્નેહી મળે તો આપણે તેને મળવા ગયા હતા, એમ કહેવાય નહિ. એવીજ રીતે વિરતીના વ્રત સિવાયની આરાધના પણ ધર્મની કોટિમાં આવી શકે નહિ. ખાવાની ઇચ્છા છતાં ન મળવાને કારણે ઉપવાસ થઇ જાય એ વાસ્તવિક રીતે આત્મકલ્યાણના હેતુરૂપ ન બને તે કારણે તેને ધર્માંરાધનાની હરોળમાં મુકી શકાય નહિ. જૈનદર્શનની આ નક્કર માન્યતા છે.

આ રીતે વ્રત આરાધનામાં પચ્ચક્ખાણની આવશ્યકતા કે જે વિરતી સૂચક ક્રિયા છે, તેની અગત્યતા ભારોભાર સ્વીકારવામાં આવી છે. જેમ સરકારી ઉચ્ચ હોદ્દા માટે સોગંદ વિધિ જરૂરી છે, તેમ ધર્માંરાધન માટે પચ્ચક્ખાણરૂપી સોગંદ વિધિ જરૂરી છે. એવી જરૂરી અને આવશ્યક વિધિની જરૂરીઆત જૈનદર્શન સિવાય બીજે કયાંય દેખાતી નથી. આત્મામાં પ્રગટ થયેલો સત્ત્વગુણ નાશ ન પામતાં સ્થિર રહે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે એ માટે પણ પચ્ચક્ખાણ કરવું જરૂરી છે. વળી એ પચ્ચક્ખાણ પણ દરેકની સ્થિતિ યોગ્ય હોય છે. કેમકે કોઇ પણ વ્રત જે સૌથી ઉચ્ચ કક્ષાનું હોય તેને દરેક માણસો એક સરખી રીતે આરાધી શકે નહિ, જેમકે દરેક માણસ સાધુ થઇ શકે નહિ, દરેક માણસ ઉપવાસ કરી શકે નહિ, દરેક માણસ સંપૂર્ણપણે બ્રહ્મચર્યનું પાલન કરી શકે નહિ; કેમકે ઉંમર, સંયોગો, શક્તિ, ભાવના વિગેરે દરેક જણમાં ભિન્નભિન્ન પ્રકારે હોય છે. આથી કરીને પરમજ્ઞાની શ્રી તીર્થંકર દેવોએ એ દરેકનાં પગથીયાં પાડયાં છે, જેથી કરીને માર્ગ ચૂંથાય નહિ ને આરાધના શક્તિ મુજબ થઈ શકે. આ યોજના પણ કેવળજ્ઞાનના એક પુરાવારૂપ છે. જ્યાં આ યોજના નથી ત્યાં જ્ઞાનશક્તિની એટલી ખામી છે, એ તો ઉઘાડી વાત છે.

શ્રી વીતરાગદેવોએ ઉપવાસ નહિ કરી શકનાર માટે નવકારશી, પોરશી, સાઢપોરીસી, પુરીમઢ્ઢ અવઢ્ઢ, બેઆસણું, એકાસણું, નીવી, આયંબીલ ને પછી ઉપવાસ એવો ક્રમ ગોઠવ્યો છે. શક્તિ વધે એટલે છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇથી વધીને માસખમણ સુધી. એવીજ રીતે રાત્રિભોજનનો સર્વથા ત્યાગ લાવવા માટે દુવિહાર, તિવીહાર, ને પછી ચોવીહાર, એવીજ રીતે સાધુપણું લાવવા માટે સામાયિક, દેશાવગાસિક, પૌષધ ને પછી સર્વવિરતિરૂપ સાધુતા અને કોઇ પણ

---

**કુવિકલ્પો જ સેવ્યા કરે તોય તે ઘણાં જ ચીકણાં અને કિલિષ્ટ કર્મોને બાંધે છે પછી અનિચ્છા અને પરાધીનતાથી પણ અઢળક વિપત્તિઓ વેઠવી જ પડે છે. એક વ્યક્તિ શુભ ચિંતવના-શુભ સંકલ્પો જ સેવે અને સુવિચારોથી ઉચ્ચ અધ્યવસાય અનુભવે તો તેનું અતીવ ઉત્તમ ફળ મેળવે છે. એનો આત્મા નૈર્મલ્ય ભાવને મેળવીને સદૈવ વિજયવંત પદને મેળવે છે.**

નાનામાં નાનો પણ સુવિચાર કર્તવ્યમાં મુકવા માટે અભિગ્રહ પચ્ચક્ખાણ કરો. પ્રણ પચક્ખાણથીજ ક્રિયા કરો નહિ તો સંપૂર્ણ લાભ નહિ, આટલી સુંદર વ્યવસ્થા કેળવજ્ઞાનને આભારી છે કે જેથી કરીને રાજા-પ્રજા, શેઠ-નોકર, પતિ-પત્નિ, યુવાન-વૃદ્ધ, બાલક-બાલીકા ઇત્યાદિ કોઇ પણ ધર્મક્રિયા કરવાની સાચી ઇચ્છાવાળો મનુષ્ય શક્તિ અનુસાર આરાધનાથી વંચિત રહી જાય નહિ. જે વ્રત પુરૂષ કરી શકે તે વ્રત સ્ત્રીઓ પણ કરી શકે છે. કેટલી આત્મ સ્વતંત્રતા? અન્ય શાસનમાં તો પુરૂષ માટે ઉપવાસ સિવાય બીજાં વ્રત જ નથી. જ્યારે સ્ત્રીઓ માટે બોળચોથ સામા-પાંચમ, ગૌરીવ્રત, ગાયવ્રત, પીંપળાપૂજન, ઉભીચોથ વિગેરે ઘણા વ્રતો છે. પુરૂષના માટે બીજાં નહિ જેવાં વ્રતો છે. તે પણ વર્ષમાં કોઇક જ વખત આચરવાનાં હોય છે. જ્યારે જૈનદર્શનમાં વ્રત આરાધના, વિધિનાજ થોડા ફેરફાર સિવાય બીજી બધી રીતે સરખી ને વર્ષના ગમે તે દિવસે ગમે તે માણસ આરાધી શકે એવી છે.

વળી એ વ્રત-આરાધનાની વિધિ પણ પ્રસંગોપાત મુનિરાજો ઉપદેશદ્વારા જણાવતાજ રહે છે જેથી કરીને એક વખત એકાસણું કરનારો મનદ્વાવે ત્યારે ચ્હા, પાન, કે બીજી કોઇ પણ વસ્તુઓ ખાઇને પોતે એકાસણું કર્યું છે કે ઉપવાસ કર્યો છે તેમ કોઇને પણ કહી શકે નહિ. જ્યારે બીજે તો લસીના પાન ઉપર રહે એટલું જ વાપરીને અગીયારસ કરવી જોઇએ ને તેથી વધારે લેનાર મનસ્વી રીતે વર્તનાર હોવાથી તેને અગીયારસનો લાભ મળે નહિ એવો ઉપદેશ જાહેર રીતિએ દેનાર સમાજમાં કોઇ દીઠો નથી, અપવાદ રૂપે કોઈ હશે. એવીજ રીતે વ્રત કરનાર પણ કોઇ નથી એમ તો નહિ. શ્રી જૈનદર્શનમાં "પોથીમાનાં રીંગણાં" વાળી નીતિ ક્ષણવાર ટકી શકતી નથી કેમકે ખુદ ભાવનાનેજ અમલ કરીને બતાવ્યો છે ને સર્વવિરતિ ધારણ નહિ કરનાર ગૃહસ્થ ગમે તેટલો ધર્મી હોય તોપણ તેને પાટે બેસીને ઉપદેશ દેવાનો અધિકાર ભગવાને આપ્યો નથી. આ પણ કેવળીના જ્ઞાનબળે દર્શાવેલી સુવ્યવસ્થાને આભારી છે ને તેથી જ જૈનદર્શન હજુ સુધી વ્યવસ્થિત રીતે પોતાનું અનોખું સ્થાન જાળવી શક્યું છે ને જાળવી શકશે.

જૈનધર્મીને વ્રત આરાધનામાં અતિચાર ન લાગે તે પણ ધ્યાનમાં રાખવાનું હોયજ છે. વ્રતને ઇરાદાપૂર્વક ભાંગવાની વૃત્તિ ન હોય છતાં લાંબા કાળથી પડેલી ટેવને કારણે, અથવા અકસ્માત રીતે કંઈ બને તો તેને વ્રતભંગ થઇને અનાચારનો દોષ નથી લાગતો પણ અતિચારનો લાગે જ છે. દાખલા તરીકે કોઇને સોપારી ખાવાની ટેવ હોય ને ઉપવાસના દીવસે ભૂલથી મોઢામાં નાંખી દીધી ને તરત યાદ આવે અને કાઢી પણ નાખે છતાં તેને અતિચાર લાગે છે. [વ્રતભંગ થતો નથી] એવી રીતે વ્રત-આરાધનામાં લાગેલા અતિચારને ધોઇને વ્રતને શુદ્ધ કરવા માટે પરમજ્ઞાનિ શ્રી તીર્થંકરદેવોએ આલોચનાનો એકમાર્ગ-વિધિ નકિક કર્યો છે. વ્રત-આરાધક, વ્રતમાં લાગેલા અતિચાર ગુરૂની સમક્ષ જાહેર કરે છે ને તેને માટે શિક્ષા-પ્રાયશ્ચિત માગે છે એટલે ગુરૂ સંયોગ, વ્યક્તિની શકિત વિગેરે તપાસી તેને પ્રાયશ્ચિત આપે છે ને તે પણ એવું નહિ કે મને ભેટ-સોગંદ આપજો કે મને તમારે ઘેર જમવા તેડજો કે અમુક સાધુને જમાડજો. તેઓશ્રી તો તેને સ્વાધ્યાય, નવકારજાપ સામાયિક, પૌષધ, તપ આદિ ધર્મના અનુષ્ઠાનદ્વારાજ શિક્ષા ફરમાવે છે, જેથી આરાધક આત્માનો ઉપયોગ પોતાના વ્રત ઉપર રહ્યા જ કરે એટલે ગાફેલ રહે નહિ ને વધુ ધર્મ કરતો બને.

શ્રી જૈનદર્શને "ઉપયોગે ધર્મ" એવો સિદ્ધાંત સ્વીકારેલો છે. તે ઉપયોગ જ્યારે ન રહે ત્યારે તે જરૂર ગુનેગાર બને છે. આપણે લીધેલી પ્રતિજ્ઞાનું ભાન આપણે રાખવું જ જોઈએ ને જો ન રાખીએ તો શિક્ષાને પાત્ર બનીએ જ છીએ. આપણે કોઇને અમુક ટાઇમે મળવાનો ઠરાવ કર્યો હોય ને તે ટાઇમે ન જઇએ એનો કંઇ અર્થ નથી. ભલે ત્યાં આપણને શિક્ષા કરનાર કોઈ ન હોય પણ એ ખોટું તો છે જ. એ રીતે અજાણતાંએ નહિ પણ સ્વાભાવિક રીતે કોઇ વસ્તુ ઉપવાસીના મુખમાં આવી પડે તોપણ તેણે પ્રાયશ્ચિત લેવું પડે છે, એ નીતિ ઉપલક દૃષ્ટિએ ગેરવ્યાજબી દેખાય તોપણ એ ગેરવ્યાજબી નથી કેમકે તેમાં દુરંદેશી રહેલી છે. કેમકે આરાધક આત્માને એ ખ્યાલ રહે છે કે, આવી

નાનીશી ભૂલ માટે પણ પ્રાયશ્ચિત લેવું પડે તો પછી જાણીને અનાચાર સેવે [ વ્રત ભંગ કરે ] તો તેનું કેટલું પ્રાયશ્ચિત લાગે? વળી તુલસીના પાન ઉપર રહે એટલા આહારથી વધીને કેળના પાન ઉપર રહે તેટલા આહાર ઉપર ન આવી જાય એ પણ આશય તો ખરોજ. ભગવાન શ્રી મહાવીર દેવ અચિત્ત છતાં તળાવનું પાણી વાપરવાની સાધુઓને મનાઈ કરી હતી કારણ કે તે જ્ઞાનિ ભગવંત જાણતા હતા કે, આ પાણી અચિત્ત છે ને બીજાં તળાવ કે જળાશયનાં પાણી અચિત્ત ન પણ હોય છતાં ભવિષ્યની પ્રજા શ્રી તીર્થંકર દેવોના નામે અજાણતાં પણ પાપ ન કરી બેસે, એજ એક શુભાશય હતો કેમકે ભવિષ્યની પ્રજા કે જે અવધિ અને કેવળજ્ઞાન વિહીન હોય તે એમજ વિચાર કરે કે તળાવનું પાણી જો અચિત્ત ન થતું હોત તો ભગવાન તેમના સાધુઓને રજા કેમ આપત? આવી સમર્થ દલીલો માર્ગભ્રષ્ટ થવા ઇચ્છનારને પણ સાધનભૂત બની જાત પણ ભગવાન એવી ભૂલ કરે ખરા? ને કરે તો ભગવાન શાના? એજ જ્ઞાનિ ભગવંતે વ્રતનાં પગથીઆં પાડી, તેમાં અમુક પ્રકારની છૂટ [આગાર] મુકીને અતિચાર અને અનાચાર એવા ભેદ પાડયા ને તેને માટે ડાહ્યા અને ઠરેલા એવા ગીતાર્થ મુનિઓના હાથમાં મોહરૂપી મદીરા પીને મસ્ત બનેલા આત્માને બે-લગામ થતો અટકાવવા પ્રાયશ્ચિતરૂપી ચાબુક આપી કે જે ચાબૂક આત્માને મારી ન નાંખે પણ મરતાને બચાવે ને જીવતાને મજબુત બનાવે એવી જડીબુટ્ટીની વેલમાંથી બનાવેલો છે. આવા જ્ઞાનિ ભગવંતોના ગુણનું વર્ણન કોઇ કરવાને શક્તિમાન નથી, તે તદ્દન સાચું છે. કેટલી સુંદર વ્યવસ્થા! કેટલો ભવિષ્યકાળનો વિચાર! કેટલું અદ્ભુત જ્ઞાન! ધન્ય હો એ તારક-દેવોના જીવનને! કોટિ કોટિ વંદન હો એ વિભૂતિઓને કે જેમના શાસનમાં જ અજોડ અને ઉત્તમ કોટિના જ્ઞાનથી ભરપુર આવી સુંદર વ્યવસ્થા દેખાય છે.

卐


નવાબનું ઐતિહાસિક પ્રકાશન

# શ્રી કાલિકાચાર્ય કથા સંગ્રહ

**[ સચિત્ર ] રૂા. ૫૦—૦—૦**

જૈનાચાર્યોએ સાતમાથી સત્તરમા શતક સુધીમાં પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ગુજરાતી ભાષામાં રચેલી જુદી જુદી ૩૬ છત્રીસ કાલકકથાઓના મૂળ પાઠો, ઇતિહાસ તથા પ્રતિઓનો પરિચય અને દરેક કથાઓનું ગુજરાતી ભાષામાં ભાષાંતર તથા તેરમાથી સત્તરમા શતક સુધીની કાલિકાચાર્ય કથાની તાડપત્રીય તથા કાગળ પરની હસ્તપ્રતોમાં સંગ્રાહેલી ગુજરાતની જૈનાશ્રિત કળાના લાક્ષણિક નમુનાઓનો પ્રતિનિધિ સંગ્રહ.

**ઓગણીશ રંગીન ચિત્રો, અગણોતેર એકરંગી ચિત્રો મળી કુલ ૮૮ પ્રાચીન સુંદર ચિત્રો, જુદી જુદી હસ્તપ્રતોમાંથી ચૂંટીને મૂકવામાં આવેલાં છે.**

માત્ર ગ્રંથભંડારો પૂરતી જ ૩૦૦ નકલો છપાવવામાં આવેલી છે. પાકું પુંઠું, સોનેરી ત્રિરંગી જેકેટ. આપના ગ્રંથભંડારો માટે તાત્કાલિક નકલ મંગાવી લ્યો.

**જૈન મંત્રશાસ્ત્રનાં પ્રકાશનો**

૧ મહાપ્રભાવિક નવસ્મરણ રૂા. ૫૦-૦-૦, ૨ ભૈરવ પદ્માવતિ કલ્પ રૂા. ૨૫-૦-૦, ૩ શ્રી સૂરિમંત્ર કલ્પ સંદોહ રૂા. ૩૦-૦-૦, ૪ મંત્રાધિરાજ ચિંતામણિ રૂા. ૭-૮-૦, ૫ જૈન યંત્રાવલિ રૂા. ૫-૮-૦; ૬ મહાચમત્કારી વીશાયંત્ર કલ્પ રૂા. ૫-૦-૦ વગેરે.

પ્રાપ્તિસ્થાન: **સારાભાઈ મણીલાલ નવાબ** નાગજી ભુદરની પોળ **અમદાવાદ**

## કુંડલપુર પાર્શ્વનાથ:——————શ્રી સુરવીરચંદ ઝવેરી.

પૂર્વે કુંડલપુર નગરમાં કોઈ જૈનધર્મી રાજા હતો. તે રાજાને એક પુત્ર હતો. જેની અવસ્થા લગભગ અઢાર વર્ષની હતી. તેનાં લગ્ન કરતી વખતે ચોરીમાં ફેરા ફરતાં વેરાનુબંધે કરીને ગુપ્તપણે કોઇ સર્પ દંશથી કુમાર તરત જ મૂર્છા પામ્યો. જેથી ઉભય રાજ્ય-કુટુંબ ઘણું જ આક્રંદ કરવા લાગ્યું. છેવટે મરણ પામેલા કુમારને અગ્નિદાહ દેવાને સ્મશાન ભૂમિમાં લઇ ચાલ્યા. તે વખતે કુંવરીએ કહ્યું કે—

'હું પણ મારા પતિ સાથે બળી મરીશ.' તેથી તે પણ સ્મશાન ભૂમિમાં સાથે ગઈ. ત્યાં ગયા પછી કુંવરીએ કહ્યું કે—

'હાલ કુમારને અગ્નિદાહ દેવો બંધ રાખો, અને મને ત્રણ દિવસની મુદત આપો. તમે સર્વ પોતપોતાના સ્થાનકે ચાલ્યા જાવ, અને મને કોઇ ઉપદ્રવ ન કરે માટે થોડે થોડે છેટે પહેરો મૂકી દ્યો.'

કુંવરીનું વચન માન્ય રાખી તેને ફરતો પહેરો મુકી રાજા વગેરે સર્વ લોક ગામ ભણી વળ્યા.

કુંવરીએ છાણાં–વેળુની પ્રતિમા બનાવી તેની સામે નવકારવાળી લઈ ત્રણ રાત–દિવસ સુધી પાર્શ્વનાથનો મંત્ર ગણુતી, સ્મરણ કરતી, પાર્શ્વનાથનું ધ્યાન ધરતી બેઠી. ત્રીજી રાતના પાછલા ભાગમાં શ્રી પાર્શ્વનાથ ભગવંતનો સેવક પારસ નામે યક્ષ દેવતા વ્યંતર લોકમાંથી મંત્ર વડે ખેંચાયો હતો. એકદમ કન્યા આગળ પ્રગટ થયો. તેણે પ્રગટ થઇ તરતજ વરદાન આપ્યું કે—

'સૌભાગ્યવંતી થા! તારે આઠ દિકરા થશે.'

કુંવરીએ કહ્યું, 'દેવ! આપે મને વરદાન તો આપ્યું પણ આ ભવમાં તો હું રંડાણી છું. આપનું વરદાન હવે આવતા ભવમાં ફળશે, આ ભવમાં તો નહી. કેમકે જેની સાથે મારો મેલાપ થયો છે તે તો મોતને આધીન થયો છે.'

તો પણ ફરીને તેણે કહ્યું કે, 'તારે અખંડ ચુડો ને આઠ દીકરા થશે.'

એમ કહી દેવે કુમાર ઉપર અમૃત છાંટયું. ને રાજકુમાર સજીવન થયો. દેવતા અદૃશ્ય થઇ ગયો. ત્યારપછી કુમાર અને કુંવરી બન્ને ભગવંતની મૂર્તિ આગળ ધ્યાન ધરીને બેઠાં હતાં, તેવામાં સવારમાં રાજા વગેરે સર્વ કોઇ સ્મશાનમાં આવ્યા, ને કુમારને સજીવન થએલો દીઠો. સર્વ કોઇ આશ્ચર્ય પામ્યા પછી વાજતે–ગાજતે નગરમાં પ્રવેશ કરાવ્યો. ભગવંતને ઉપાડવાનો ઘણા માણસોએ મહેનત કરી પણ ભગવંતની પ્રતિમાને કોઇ ઉપાડી શકયું નહિં, પછી કુંવરીએ હાથેથી પોતાના મસ્તકે સ્થાપી વાજતે–ગાજતે નગરમાં પ્રવેશ કર્યો. મોટું દેરાસર કરાવી તે પ્રતિમાને પ્રતિષ્ઠિત કરીને પધરાવી. તે વખતે શ્રાવક સમુદાય સારી સંખ્યામાં હતો, હાલ તો ત્યાં બે–ત્રણ ઘર શ્વેતાંબરનાં છે ને ત્રણ ઘર બીજાં મળીને પાંચ ઘર સેવા–ભક્તિનો લાભ ઉઠાવે છે.

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં હેતુલક્ષી અનેક નામો

૧ કેશરીયા પારસનાથ. ૨ કલિકુંડ પારસનાથ. ૩ કલોલ પારસનાથ. ૪ કરહેડા પારસનાથ. ૫ કલ્પદ્રુમ પારસનાથ. ૬ કરેડા પારસનાથ. ૭ કલરા પારસનાથ. ૮ કાપેડા પારસનાથ. ૯ કલ્યાણ પારસનાથ. ૧૦ કામીક પારસનાથ. ૧૧ કેલી પારસનાથ. ૧૨ કોકા પારસનાથ. ૧૩ કંકણ પારસનાથ. ૧૪ કંબોઇયા પારસનાથ. ૧૫ કંસારી પારસનાથ. ૧૬

કુર્કુટેશ્વર પારસનાથ. ૧૭ કલિયુગા પારસનાથ. ૧૮ કડેરા પારસનાથ. ૧૯ કરકંડુ પારસનાથ. ૨૦ કુલપાક પારસનાથ. ૨૧ ખાંમણા પારસનાથ. ૨૨ ખોયા મંડન પારસનાથ. ૨૩ ગલીયા પારસનાથ. ૨૪ ગાલ્લીયા પારસનાથ. ૨૫ ગાડરીયા પારસનાથ. ૨૬ ગોગો પારસનાથ. ૨૭ ગીરૂઆ પારસનાથ. ૨૮ ગોહીલ પારસનાથ. ૨૯ ગોમેહ પારસનાથ. ૩૦ ગોડી પારસનાથ. ૩૧ ગીરી પારસનાથ. ૩૨ ગંગાણી પારસનાથ. ૩૩ ગંભીરા પારસનાથ. ૩૪ ગવાલસફ પારસનાથ. ૩૫ ગુપ્ત પારસનાથ. ૩૬ ઘૃત કલોલ પારસનાથ. ૩૭ ઘીયા પારસનાથ. ૩૮ ચેલણ પારસનાથ. ૩૯ ચારૂપ મંડન પારસનાથ. ૪૦ ચોરવાડી પારસનાથ. ૪૧ ચંપા પારસનાથ. ૪૨ ચંદ્ર પારસનાથ. ૪૩ ચિંતામણિ પારસનાથ. ૪૪ ચંચુચલા પારસનાથ. ૪૫ ચવલેસરા પારસનાથ. ૪૬ છાયા પારસનાથ. ૪૭ જગવલ્લભ પારસનાથ. ૪૮ જસોધરા પારસનાથ ૪૯ જાડેવા પારસનાથ. ૫૦ જીરાવલી પારસનાથ. ૫૧ જીરાવલા પારસનાથ. ૫૨ જીલણ પારસનાથ. ૫૩ જોધાણા પારસનાથ. ૫૪ જોટીંગા પારસનાથ. ૫૫ ઝોટવા પારસનાથ. ૫૬ ઝેરી પારસનાથ. ૫૭ જીરા પારસનાથ. ૫૮ જોરવાડી પારસનાથ. ૫૯ ટાંકલા પારસનાથ. ૬૦ ટંકણ પારસનાથ. ૬૧ ટંબરૂ પારસનાથ. ૬૨ ટીટોઈયા પારસનાથ. ૬૩ ડોહલા પારસનાથ. ૬૪ ડોકરીયા પારસનાથ. ૬૫ ડોસલા પારસનાથ. ૬૬ ધ્વારા પારસનાથ. ૬૭ દાદા પારસનાથ. ૬૮ દાવણી પારસનાથ. ૬૯ દેવાધિદેવ પારસનાથ. ૭૦ દોલતી પારસનાથ. ૭૧ દુધીયા પારસનાથ. ૭૨ ત્રિભુવનભાનુ પારસનાથ. ૭૩ તીવરી પારસનાથ. ૭૪ તારસલ્લા પારસનાથ. ૭૫ નવનિધિ પારસનાથ. ૭૬ નવલખા પારસનાથ. ૭૭ નવખંડા પારસનાથ. ૭૮ નવસારી પારસનાથ. ૭૯ નવપલ્લવ પારસનાથ. ૮૦ નીલવિલાસ પારસનાથ. ૮૧ નલીન પારસનાથ. ૮૨ નવપલીન પારસનાથ. ૮૩ નવ ફણા પારસનાથ. ૮૪ નાગ ફણા પારસનાથ. ૮૫ નાગ કુંડા પારસનાથ. ૮૬ નાગીંદ્રા પારસનાથ. ૮૭ નારીંગા પારસનાથ. ૮૮ નાકોડા પારસનાથ. ૮૯ નાકુંડા પારસનાથ. ૯૦ નીલઝરા પારસનાથ. ૯૧ નાગપુરા પારસનાથ. ૯૨ નેવગંગા પારસનાથ. ૯૩ નીલકુંઠા પારસનાથ. ૯૪ નેડા પારસનાથ. ૯૫ પરોલી પારસનાથ. ૯૬ પારાસલી પારસનાથ. ૯૭ પલ્લવીયા પારસનાથ. ૯૮ પલ્લાલ ચક્રવર્તી પારસનાથ. ૯૯ પોસીના પારસનાથ. ૧૦૦ પુષ્કરાવર્ત્ત પારસનાથ. ૧૦૧ પંચાસરા પારસનાથ. ૧૦૨ પ્રશમીયા પારસનાથ. ૧૦૩ પોસલીયા પારસનાથ. ૧૦૪ પરોકલા પારસનાથ. ૧૦૫ ફલોધી પારસનાથ. ૧૦૬ ફણીધરા પારસનાથ. ૧૦૭ ફલવિહાર પારસનાથ. ૧૦૮ બલેજા પારસનાથ. ૧૦૯ બદરીકેદાર પારસનાથ. ૧૧૦ બીલીપુરા પારસનાથ. ૧૧૧ બદરીલા પારસનાથ. ૧૧૨ બાહડમેરા પારસનાથ. ૧૧૩ બહી પારસનાથ. ૧૧૪ બરમેશ્વર પારસનાથ. ૧૧૫ બીંબડા પારસનાથ, ૧૧૬ ભેટવા પારસનાથ. ૧૧૭ ભાભા પારસનાથ. ૧૧૮ ભીલડીયા પારસનાથ. ૧૧૯ ભીડભંજન પારસનાથ. ૧૨૦ ભયહર પારસનાથ. ૧૨૧ ભુવડ પારસનાથ. ૧૨૨ ભીન્નમાલ પારસનાથ. ૧૨૩ ભીલખોડા પારસનાથ. ૧૨૪ ભદ્રેસર પારસનાથ. ૧૨૫ ભોયણ પારસનાથ. ૧૨૬ ભોયડા પારસનાથ. ૧૨૭ મનવંછિત પારસનાથ. ૧૨૮ મનરંજીત પારસનાથ. ૧૨૯ મંત્રાધિરાજ પારસનાથ. ૧૩૦ મહિમા પારસનાથ. ૧૩૧ મનમોહન પારસનાથ. ૧૩૨ મગસીયા પારસનાથ. ૧૩૩ મનોરથ કલ્પદ્રુમ પારસનાથ. ૧૩૪ માંડવરા પારસનાથ. ૧૩૫ મનરંજન પારસનાથ. ૧૩૬ મહીમાપુરા પારસનાથ. ૧૩૭

મક્ષીજી પારસનાથ. ૧૩૮ માણેક પારસનાથ. ૧૩૯ મહેમાવાદી પારસનાથ. ૧૪૦ મહાદેવા પારસનાથ. ૧૪૧ મુચ્છાળા પારસનાથ. ૧૪૨ મુહરી પારસનાથ. ૧૪૩ મુડેવા પારસનાથ. ૧૪૪ મુક્તાગીરી પારસનાથ. ૧૪૫ મેરૂ પારસનાથ. ૧૪૬ મોહન પારસનાથ. ૧૪૭ મોઢેરા પારસનાથ. ૧૪૮ મંડણ પારસનાથ. ૧૪૯ મંડોવરા પારસનાથ. ૧૫૦ મુલતાના પારસનાથ. ૧૫૧ મુજપરા પારસનાથ. ૧૫૨ મંડલીક પારસનાથ. ૧૫૩ રાણેકપુરા પારસનાથ. ૧૫૪ રાવણ પારસનાથ. ૧૫૫ રૂડેવા પારસનાથ. ૧૫૬ લોઢણ પારસનાથ. ૧૫૭ લોડેવા પારસનાથ. ૧૫૮ લોટાણા પારસનાથ. ૧૫૯ વરકાણા પારસનાથ. ૧૬૦ વલી પારસનાથ. ૧૬૧ વહી પારસનાથ. ૧૬૨ વાડી પારસનાથ. ૧૬૩ વિઘ્નહરા પારસનાથ ૧૬૪ વીરાવલ પારસનાથ. ૧૬૫ વિજય ચિંતામણી પારસનાથ. ૧૬૬ વેલુ પારસનાથ. ૧૬૭ વજેબા પારસનાથ. ૧૬૮ વિજુલા પારસનાથ. ૧૬૯ વિશ્વગંજ પારસનાથ. ૧૭૦ સમીના પારસનાથ. ૧૭૧ સહસ્રફણા પારસનાથ. ૧૭૨ સહસ્રકુટ પારસનાથ. ૧૭૩ સપ્તફણા પારસનાથ. ૧૭૪ સમેરીયા પારસનાથ. ૧૭૫ શામલા પારસનાથ. ૧૭૬ સલુના પારસનાથ. ૧૭૭ શ્રીફલ પારસનાથ. ૧૭૮ શ્રીગુપ્ત પારસનાથ. ૧૭૯ સીરોડીયા પારસનાથ. ૧૮૦ સુધદંતી પારસનાથ. ૧૮૧ સ્ફુલીંગ પારસનાથ. ૧૮૨ સુકોસરા પારસનાથ. ૧૮૩ સુરજમંડન પારસનાથ. ૧૮૪ સુલતાના પારસનાથ. ૧૮૫ શુભ પારસનાથ. ૧૮૬ સુખસાગર પારસનાથ. ૧૮૭ શેરીસરા પારસનાથ. ૧૮૮ સોગટીયા પારસનાથ. ૧૮૯ સાવલા પારસનાથ. ૧૯૦ સમીનાંગ પારસનાથ. ૧૯૧ સુરસરા પારસનાથ. ૧૯૨ સંખલપુર પારસનાથ. ૧૯૩ સોમચિંતામણી પારસનાથ. ૧૯૪ સંખેશ્વર પારસનાથ. ૧૯૫ શંકર પારસનાથ. ૧૯૬ શંભુ પારસનાથ. ૧૯૭ સાંકલા પારસનાથ. ૧૯૮ સોમનાથ પારસનાથ. ૧૯૯ સોરઠ પારસનાથ. ૨૦૦ સ્થંભણ પારસનાથ. ૨૦૧ સેસલી પારસનાથ. ૨૦૨ હરીકંખી પારસનાથ. ૨૦૩ હોંકાર પારસનાથ. ૨૦૪ હલધરા પારસનાથ. ૨૦૫ અમીઝરા પારસનાથ. ૨૦૬ અજારા પારસનાથ. ૨૦૭ અલોકી પારસનાથ. ૨૦૮ અજાહરા પારસનાથ. ૨૦૯ અબળા પારસનાથ. ૨૧૦ આધાર પારસનાથ. ૨૧૧ અંગુઠીયા પારસનાથ. ૨૧૨ અંતરિક્ષ પારસનાથ. ૨૧૩ અંબજા પારસનાથ. ૨૧૪ એવંતી પારસનાથ. ૨૧૫ ઓંકાર પારસનાથ. ૨૧૬ અહીછાત્રા પારસનાથ. ૨૧૭ ઈસિદ્ધપરા પારસનાથ. ૨૧૮ ઈમંદપરા પારસનાથ. ૨૧૯ ઉમરવાડી પારસનાથ. ૨૨૦ ઉપસર્ગહર પારસનાથ. ૨૨૧ ઉન્હાવલા પારસનાથ.

---


**जे० एच० राठोड एन्ड सन्स.**

**ज्वेलर्स, कोल्हापुर.**

मेन्युफेक्चरर्स अने होलसेल सप्लायर्स

—: चांदीनी :—

हाइक्लास प्रेझेन्टेशन नोव्हेल्टीझ

अने

धार्मिक प्रसंगोमां प्रभावना माटे

सुंदर अने सस्ती

सोनेरी अने चांदीनी

नवकारवाळीओ

नानी–मोटी साइझमां तैयार मळवानुं

भरोसापात्र मथक.

मफत सूचिपत्र

मळो अगर लखो उपरना सीरनामे.

# જ્ઞાનગોચરી

સંપાદક : શ્રી એન. બી. શાહ

[ કેટલાક મહાત્માઓના જીવન પ્રસંગોમાંથી પ્રેરણારૂપ થોડીક કંડિકાઓ અહિં ઉધ્ધૃત કરાય છે. કલ્યાણના વાંચકો તે વાંચીને, પોતાના જીવનને વધુ તેજસ્વી બનાવે એ જ ઇચ્છા છે. ]

## સંત જીવનની સુવાસ

[ ૧ ]

**એક** પ્રસિદ્ધ સંત પાસે જઈ એક સજ્જન માણસે નિવેદન કર્યું કે, 'મહાત્માજી! હું મારી શક્તિ મુજબ લોકોને પ્રભુના માર્ગે વાળવાનો પ્રયાસ કરૂં છું.'

'એ બહુ ઉત્તમ વાત છે. પરંતુ ક્યાંક લોકોને તમારી તરફ વાળી ન લેતા.' સંતે સૂચવ્યું.

[ 'સાધકને શરૂઆતમાં તો એમ લાગે છે, કે હું મારા પ્રયાસ વડે લોકોને પ્રભુના માર્ગે [ધર્મના માર્ગે] વાળી રહ્યો છું. પરંતુ ધીમે ધીમે પોતાની વાહ વાહ કરાવવાની ખાતર કેટલાક તો પ્રભુને બદલે પોતાના જ ગુણ, પોતાની જ પૂજા અને પ્રતિષ્ઠા થાય એવી કાર્યવાહી આદરી બેસે છે માટે આપણે આપણા આત્માને ધોખો ન આપીએ તે માટે ખાસ સાવધાન રહેવું' ]

[ ૨ ]

**એક** સંત નદીના તીરે બેઠા-બેઠા સ્નાન કરતા હતા. તેવામાં બાજુમાંથી ભાવિક જનો સાદ પાડી બોલી ઉઠયા. 'મહારાજ! મહારાજ! ત્યાંથી જલ્દી ખસી જાવ, જુઓ તમારા પગ પાસે મોટો મગર આવી રહ્યો છે.'

'તે ભલેને આવે' મહાત્માએ જરાએ ભય પામ્યા વિના ઉત્તર આપ્યો. મેં એનું કશું જ બગાડયું નથી તો પછી એ મને શું નુકશાન કરવાનો છે? અને સામે જ થોડી વારમાં એ મગર મહાત્માના પગ પાસેથી સરીને બીજી તરફ જતો રહ્યો.

[ કર્મની ફિલોસોફી જાણનારને આમાં કાંઇ આશ્ચર્ય જેવું લાગશે નહિં. પૂર્વભવોમાં આપણે જો કોઇ પણ જીવાત્મા સાથે વૈર બંધાઇ ગયું હોય એટલે કે કોઈનું બુરૂં કરેલું હોય તોજ આપણું કોઈ પણ બુરૂં કરી શકે છે, માટે સર્વે જીવોની સાથે મૈત્રીભાવ રાખનારને કોઇનોય ભય શા માટે હોય? ]

[ ૩ ]

**એક** વખત એક તપસ્વી સાધુ પહાડ ઉપર રહેતા હતા. એ સંતનાં દર્શન કરવા એક ભાઈ ગએલ. પહાડ ઉપર તેણે જોયું કે એક ઝુંપડીના બારણા પાસે તે સંત બેઠા હતા. ઝુંપડીની બહાર એક કપાયેલો પગ પડયો હતો, અને તેને ઘણી કીડીઓ વળગેલી હતી. તપસ્વીને વંદન કરી તેમની પાસે બેસી એનું કારણ પૂછયું.

**સંતે** કહ્યું 'એક વખત હું ઝુંપડામાં બેઠો હતો તેવામાં સામેથી એક યુવાન સ્ત્રી નીકળી તેને દેખીને મારૂં મન ચંચળ બની ગયું. તેને ધારી ધારીને નિરખવા માટે હું બારણાં સુધી આવ્યો, તે વખતે મારો એક પગ ઝુંપડીની બહાર અને એક અંદર હતો. એવામાં આકાશ વાણી થઇ. 'અરે સાધુ આ તું શું કરી રહ્યો છે! તું ત્રીશ વરસથી એકાંત સ્થળનું સેવન કરી પરમાત્માનું ભજન, ધ્યાન કરી રહ્યો છે. લોકોમાં ભકત તરીકે તારી ખ્યાતિ થએલી છે.

ને, આજે તું આવું દુષ્ટ કામ કરતાં કેમ શરમાતો નથી?

બસ, એ સાંભળતાંજ મારૂં શરીર કંપી ઉઠયું. ઝુંપડીની બહાર જે પગ મૂકયો હતો તેને મેં તરતજ કાપી નાખ્યો. તે દિવસથી હું અહીં બેઠો છું ને ઈશ્વરની પાસે મનથી થએલા એ પાપની ક્ષમા આપવા દરરોજ પ્રાર્થના કરી રહ્યો છું.

[ દરરોજ પ્રતિક્રમણ કરીને પાપની ક્ષમા યાચનાર અને પાછી બીજા દિવસે તેવી જ ભૂલો, અપરાધો, માનસિક પાપો આચનાર વ્યક્તિએ આ સંતનો ધડો લેવો જોઇએ. ખરૂં પ્રતિક્રમણ તે એવુંજ હોય કે ફરીથી તેવાં પાપો ન થઇ જાય તેની તકેદારી રાખવા આત્માને વધુ જાગ્રત બનાવે. દરરોજ પ્રતિક્રમણ કરનારે વિચારવું જોઇએ કે, મારો આત્મા પાપથી પાછો હટી રહ્યો છે કે કેમ ? ]

[ ૪ ]

**પોષ મહિનાની કડકડતી ઠંડીમાં કોઇ સંત ગંગા નદીની હીમ જેવી ઠંડી રેતીમાં પદ્માસન વાળીને આખીરાત પરમાત્માના ધ્યાનમાં બેસી રહેતા.**

એક વખત ત્યાંના ગોરા કલેક્ટર તેમના મિત્ર સાથે ફરવા નિકળ્યા. સ્વામીજીને આવી કડકડતી ઠંડીમાં કે જ્યારે નદીનાં નીર પણ ઠરીને બરફ બની જાય એવે વખતે બેઠેલા જોઇ આશ્ચર્ય પામ્યા.

કલેક્ટરે પૂછયું, 'આપને ઠંડી નથી લાગતી ?' સંત જવાબ આપે તે પહેલાંતો કલેક્ટરની સાથેનો કોઇ બીજો બોલ્યો કે ઠંડી શેની લાગે ? " રોજ રોજ માલ-મલિદા ખાવાના હોય તે. " આ કટાક્ષપૂર્ણ બોલ સાંભળીને હસતાં-હસતાં સ્વામીજીએ કહ્યું. અમે તો હિંદુ કહેવાઇએ એટલે માત્ર દાળ, રોટલી ખાઇએ પણ તમે રોજ ઈંડાં જેવા ગરમ ખોરાકો ખાઓ છો તો કપડાં ઉતારી થોડીવાર મારી બાજુમાં બેસી જાઓ.

અંગ્રેજ ઝંખવાણો પડી ગયો તેણે તરતજ વાત ફેરવી નાંખી અને બોલ્યો, તો સ્વામીજી ! આપને ઠંડી કેમ નથી લાગતી ?

' તમેજ કહોને કે તમારૂં મોઢું ઉઘાડું છે ત્યાં કેમ ઠંડી નથી લાગતી ? માત્ર ટેવથી જ ને ? તેવીજ રીતે મારા શરીરને પણ આ સહન કરવાની ટેવ પડી ગઇ છે. '

**અંગ્રેજ સંતોષકારક જવાબ સાંભળીને નમીને ચાલતો થયો.**

[ આપણા રૂષિ, મુનિઓએ જે પરિષહો સહન કર્યાં છે તેનું વર્ણન કેટલાકને આશ્ચર્યભર્યું જણાયતો નવાઇ નહિ. પરંતુ આત્માની અનંત શક્તિનો જેને ખ્યાલ આવી જાય છે તેને આ નાશવંત શરીરની કાંઈ પરવા હોતી નથી. કર્મ નિર્જરાર્થે જે સહન કરવામાં આવે છે તે આત્માજ આત્મિક રાજ્યનો ભોકતા બની શકે છે ! બાકી અકામ નિર્જરાતો તિર્યંચો પણ કરી રહ્યા છે એનો ખ્યાલ સાધક આત્માએ ભૂલવો જોઇએ નહિં. ]

[ જીવન પ્રકાશમાંથી ]

---


જૈન સમાજનું અગ્રગણ્ય માસિક

# ક લ્યા ણ

**વાર્ષિક લવાજમ રૂા. ૫-૦-૦**

કલ્યાણ પ્રકાશન મંદિર : **પાલીતાણા**

---

## બહાર પડી ચૂકયો છે.

## ઉપમિતિ ભવ પ્રપંચા કથા સારોદ્ધાર

સદરહુ ગ્રંથ શ્રી સિદ્ધર્ષિગણિકૃત ઉપમિતિભવપ્રપંચા કથા ઉપરથી શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજે તેરમા સકામાં પદ્યબંધ રચેલ છે. વ્યાખ્યાન માટે અત્યંત ઉપયોગી છે. તાડપત્રની એક પ્રતિ તથા બીજી હસ્ત લિખિત પ્રતિઓ ઉપરથી શુદ્ધ કરીને અસલ લેજર કાગળ ઉપર મહોદય પ્રેસમાં છપાવેલ છે. છત્રીસ ફરમાનો દળદાર ગ્રંથ. કિંમત ૧૧ અગિયાર રૂપિયા.

—: પ્રાપ્તિસ્થાનો :—

**પંડિત ભુરાલાલ કાલીદાસ**

ઠે. રતનપોળ, હાથીખાના.-**અમદાવાદ.**

**શ્રી કેસરબાઇ જ્ઞાનમંદિર**

ઠે. નગીનભાઇ હોલ-**પાટણ.** [ ઉ. ગૂ. ]

# વાંક માનવજાતિનો કે પ્રાણીઓનો ?——શ્રી રુષભદાસ જૈન

**આ** ભૌતિકવાદના જમાનામાં મોટાઓનું દૂરદર્શીપણું દૂર મુકાઈ ગયું છે, એથી જ ભવિષ્યમાં થવાવાળાં માઠાં પરિણામો તરફ લક્ષ્ય ન ખેંચાય એ સહજ વાત છે. પરંતુ જ્યારે સાક્ષાત્કાર થશે ત્યારે જ આંખો ઉઘડશે અને Penny wise and pound foolish જેવી સ્થિતિનું ભાન થશે.

આ ભૌતિકવાદના જમાનામાં એવાં પણ કાર્યો આજે નિઃસંકોચ ભાવે કરી લેવાય છે, કે અંતમાં પશ્ચાતાપનો અવસર ઉભો થાય છે. દા. ત. જંગલો ખાલી કરાવવામાં, ઝાડો કપાવવામાં જે મોટો ભાગ ભજવ્યો અને જેથી પ્રજાની સામે નિવેદન મુકીને લાખોના ખર્ચે પણ ફરીથી એકડો ઘુંટવા જેવી દશા ઉપસ્થિત થઈ છે.

**એ**કબાજુ જ્યારે રામરાજ્ય સ્થાપવાની વાતો થાય છે ત્યારે બીજી બાજુએ રામના સાથીઓ અને સહચારીઓનો નાશ કરવાની કર્ણવેધક વાતો સંભળાય છે, ત્યારે શું આવી દશામાં રામરાજ્યની સ્થાપના થઇ શકશે કે ? પરંતુ આ પરિસ્થિતિ ઉત્પન્ન થવાનું મૂળ કારણ તો એ છે, કે વાંદરાઓ ફલાહારી પ્રાણી છે. એને પોતાનો આહાર જો જંગલોમાં મળી જતો હોય તો તેઓ માણસોના ક્ષેત્રોમાં આવી શામાટે અન્ન ભક્ષણ કરે. પરંતુ તેમના જીવનનિર્વાહના કારણરૂપ જંગલોનો સત્યાનાશ કરી નાંખ્યો તેથી તેમને માનવોના અન્નક્ષેત્રમાં આવીને અન્નભક્ષણ કરવાની ફરજ પડી, તેમાં વાંક માનવજાતિનો કે વાંદરાઓનો ? પણ કહેવત છે કે, 'સબલે કો દોષ નહિ' એ અનુસાર વાઘે માર્યો માનવી તેનો શું ઇન્સાફ " જેવી પરિસ્થિતિ ઉભી થઇ છે.

પરંતુ સૃષ્ટિના અટલ મહાનિયમો જે સત્ય અને ન્યાયની ભૂમિકા ઉપર નિરંતર પ્રવૃત્તિશીલ છે, તે નિયમ માનવ જાતિને તેની ભયંકર ભૂલનું કટુ ફલ આપ્યા વગર ક્યાં રહેવાના છે. જેમ સસલાં પોતાની આંખ આડા કાન કરીને મનના લાડવા ખાય છે કે મને વાઘ ક્યાં જોવાનો છે, તેવી જ જાતની સસલાવૃત્તિ આપણું રક્ષણ ક્યાં સુધી કરી શકશે. આજે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ, અકસ્માતો અને તીડોનો ઉત્પાત જે ચારે બાજુથી સંભળાઇ રહ્યો છે, તે આપણી ભૂલનું જ પરિણામ કેમ ન હોય ! પ્રકૃતિની મહાસત્તા આગળ આપણી ભૂલો ક્યાં સુધી છુપી રહી શકવાની છે. પ્રકૃતિના જે અટલ નિયમો સૂક્ષ્મથી સૂક્ષ્મ અને સ્થુલથી સ્થુલ પદાર્થ તથા કિડીથી કુંજર જેવા પ્રાણીઓથી ભરેલ વિરાટ વિશ્વની સર્વાંગ સુંદર વ્યવસ્થા ચલાવી રહ્યા છે; તે નિયમોનું ઉલ્લંઘન કરનાર માનવ પ્રજા પોતાનું શું રક્ષણ કરી શકશે. આપણે ઘણીવાર અખતરા ખાતર અનધિકાર ચેષ્ટા કરી ક્ષણિક આનંદ મેળવીએ છીએ. પરંતુ સાથે સાથે પ્રકૃતિની મહાસત્તા તેનું ભયંકર પ્રતિકૂળ ને તાત્કાલિક ફળ આપી દે છે. દા. ત. આંધ્રમાં અનાજના ક્ષેત્રોમાં ઉંદરોને ઝેરી ગોળીઓ ખવડાવીને મારી નાખવામાં આવ્યા, તે જ દિવસે તે જ આંધ્ર દેશ ઉપર પ્રકૃતિનો જે મહાપ્રકોપ થયો તે કોઇથી અજ્ઞાત તો નથી જ કે જે ભયંકર વાવાઝોડાને લીધે ખેતીના રક્ષણનું ભક્ષણ તો થઇ ગયું પરંતુ સાથે સાથે ખેતીના આધારભૂત અનેક ઢોરોની પણ ખુવારી થઇ ગઇ અને " વિંછીનું ઝેર ઉતારતાં સાપ કરડયાં " જેવી પરિસ્થિતિ ખડી થઈ.

**એ**ટલે કે આપણે ક્ષણિક સ્વાર્થની ખાતર દુરંદેશીપણું વાપર્યા સિવાય કેટલાંક કાર્યો કરી લઇએ છીએ તેથી આપણને મહાન વિકટ પરિસ્થિતિના પરોણા [મહેમાન] બનવું પડે

છે. એના કરતાં આપણે જો આર્ય સંસ્કૃતિનો આધાર લઇને પગલાં ભરીએ તો એમાં જ સાચું હિત સમાયેલું છે.

**આ** ભારતભૂમિના ભાગ્યવિધાતાઓ, ઋષિ મહાત્માઓ હતા. તેઓએ એવા પ્રકારનું વિધાન ઘડયું હતું, કે કૃષિ પ્રધાન ભારતભૂમિ સદાને માટે સ્વર્ગ સમાન બની રહે, પણ આજે આપણે દોઢ ડાહ્યા થઇને અવ્યાબાધ એવી આર્યસંસ્કૃતિની અવગણના કરીએ છીએ, તે આપણા માટે હિતકર તો નથી જ એમ અમારૂં મંતવ્ય છે.

**આપણે** વિજ્ઞાનના વિશ્વાસે આ બધું કામ કરવા પ્રેરિત થઇએ છીએ. પરંતુ વિજ્ઞાનના ઉત્તરોત્તર વિકાશનું ફળ કેવું આવ્યું છે અને કેવું આવશે. તેના માટે એક વિચાર કે કહેલ વાત યાદ કરવી જોઇએ. તેઓએ કહ્યું હતું કે, ત્રણ નિષ્ણાત Experts મિત્રો સાથે યાત્રાર્થે ગયેલ. તેઓમાંથી એક સુથાર [carpenter] બીજો પેન્ટર અને ત્રીજો વૈજ્ઞાનિક હતો. એક જંગલમાંથી પસાર થતાં એક સુંદર લાકડાને જોઇ સુથારને વિચાર આવ્યો, કે લાવ આનું કંઇક ઘડીએ. તેણે લાકડાનો વાઘ બનાવ્યો, બીજાએ બરાબર વાઘના જેવો જ રંગ પુર્યો અને ત્રીજાએ તેમાં પ્રાણ વાયુ પુર્યો તે પુરતાની સાથે જ વાઘ ત્રાટકી ઉઠ્યો અને ત્રણેનું ભક્ષણ કરી ગયો. એ રીતે વિજ્ઞાન પણ ભવિષ્યમાં કોઇ વખત એવી દશા કરાવશે, માટે વિજ્ઞાનમાં બહુ વિશ્વાસ રાખવા જેવું નથી. આપણા મહાન તત્ત્વવેત્તા મહર્ષિઓએ જે માર્ગદ્વારા સત્ય, સુખ અને શાન્તિ બતાવી છે, તે જ માર્ગે ચાલવા પ્રયત્ન કરીશું તો અવશ્ય સ્વપર કલ્યાણકારી બની શકશું.


## શ્રી જૈન શ્રેયસ્કર મંડળમાં મળતાં ધાર્મિક પુસ્તકો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | બાળ પ્રવેશીકા | ૦-૪-૦ | ૧૮ | કર્મગ્રંથ વિભાગ ૨ જો ૧-૩-૪ | [પ્રેસમાં] |
| ૨ | પહેલી ચોપડી | ૦-૪-૦ | ૧૯ | ,, ભા. ૩ જો ૫-૬ | [પ્રેસમાં] |
| ૩ | જૈન વાંચનમાળા હિંદી | ૦-૪-૦ | ૨૦ | રત્નાકર પચ્ચીશી | ૦-૨-૦ |
| ૪ | બે પ્રતિક્રમણ મૂળ [ગુજરાતી] | ૦-૮-૦ | ૨૧ | સમકિત સડસઠ બોલની સજ્ઝાય | [પ્રેસમાં] |
| ૫ | બે પ્રતિક્રમણ મૂળ [હિંદી] | ૦-૮-૦ | ૨૨ | યશોવિજય ચોવિશી સાર્થ | ૦-૮-૦ |
| ૬ | પંચપ્રતિક્રમણ મૂળ-ગુજરાતી | ૧-૧૨-૦ | ૨૩ | દ્રવ્યગુણપર્યાયનો રાસ | ૧-૦-૦ |
| ૭ | પંચપ્રતિક્રમણ મૂળ શાસ્ત્રી | ૧-૧૪-૦ | ૨૪ | આધ્યાત્મિક વસ્તુ સંગ્રહ | ૧-૦-૦ |
| ૮ | બે પ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૧૨-૦ | ૨૫ | ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન | [પ્રેસમાં] |
| ૯ | પંચ પ્રતિક્રમણ અર્થ સહિત | [પ્રેસમાં] | ૨૬ | અભક્ષ્ય અનંતકાય ગુજરાતી | [પ્રેસમાં] |
| ૧૦ | જિનગુણ પદ્યાવલી | ૧-૬-૦ | ૨૭ | અભક્ષ્ય અનંતકાય [હિંદી] | ૦-૧૦-૦ |
| ૧૧ | પાંત્રીશ બોલ | [પ્રેસમાં] | ૨૮ | પ્રશ્નોત્તર રત્ન ચિંતામણિ | ૨-૦-૦ |
| ૧૨ | સામાયિક ચૈત્યવંદન સાર્થ | ૦-૬-૦ | ૨૯ | બ્રહ્મચર્ય વ્રત | ૦-૮-૦ |
| ૧૩ | જીવવિચાર સાર્થ | ૦-૮-૦ | ૩૦ | આત્મ જાગૃતિ | ૦-૪-૦ |
| ૧૪ | નવતત્ત્વ સાર્થ | ૧-૬-૦ | ૩૧ | સ્નાત્ર પૂજા | ૦-૪-૦ |
| ૧૫ | દંડક-સંગ્રહણી સાર્થ | ૧-૦-૦ | ૩૨ | વિવિધ પૂજા સંગ્રહ | ૨-૧૨-૦ |
| ૧૬ | ત્રણ ભાષ્ય સાર્થ | ૧-૧૪-૦ | ૩૩ | દેવવંદન માળા | ૧-૮-૦ |
| ૧૭ | કર્મગ્રંથ ભા. ૧ લો. ૧-૨ | ૨-૦-૦ | | | |

પ્રાપ્તિસ્થાન :— જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા. [ ઉ. ગુ. ]

# મહાસાગરનાં મોતી

: સંપાદક :
શ્રી જેઠાલાલ તારાચંદ દસાડીઆ

પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજશ્રીના જાહેર-પ્રવચનોમાંથી તારવેલાં મહાસાગરનાં મોતી જેવાં ઉમદા સુવાકયો સંસ્કાર વાંચ્છુઓના હિતાર્થે રજુ થાય છે.

**ક**મળને પાણી ઉપર આવવા માટે કીચડનો સંગ છોડવો જ પડે, તેમ મોક્ષ પામવાની ઈચ્છાવાળા સાધકને પણ મોહ વગેરે કીચડમાંથી બહાર નીકળવું જ પડે. મોહમાં મસ્ત રહેવું ને વિકાસ સાધવો એ બે સાથે કદી બને જ નહિ.

ઉપદેશકના ઉપદેશની અસર ત્યારે જ થાય-જો આપણા હૃદયના ઊંડાણમાં અલ્પ-સૂક્ષ્મ પણ આત્મવિકાસ માટેની ઝંખના હોય તો! પછી એ સૂક્ષ્મ ઝંખનાનું બીજ જરૂર વિકાસ પામશે,

**પ**તનના માર્ગે પ્રયાણ કરતા મનને અટ-કાવવા માટે, સત્સંગ, સદુપદેશ અને આત્મ-જાગૃતિની, ક્ષણે-ક્ષણે ને પળે-પળમાં જરૂરી-યાત છે. આ વાત સાધકે સદા લક્ષ્યમાં રાખવી જોઈએ.

**પ્ર**ભાતે રોજ આટલું વિચારોઃ આખા દિવસના કેટલા કલાક ખાવામાં, ધંધામાં, ધમાલમાં, અને નિદ્રામાં જાય છે અને સદ્-કાર્ય, સદ્‌વિચાર અને પ્રભુસ્મરણમાં કેટલા કલાક જાય છે?

**પા**પનો ભય જ, પાપકાર્યમાં પડતા માનવીને બચાવે છે. પાપના ભય વિના નથી તો થતું પુનિત માર્ગે પ્રયાણ કે નથી અટકતું પાપના માર્ગનું ગમન!

**વ્ય**સન માણસને કેવી મનોગુલામી તરફ ખેંચી જાય છે! લક્ષાધિપતિ કે કોઇ સત્તાધિશ જ્યારે બીડી, ચ્હા કે એવા બીજા કોઇ વ્યસનનો ગુલામ બન્યો હોય છે, ત્યારે એ એક સામાન્ય માણસ પાસે પણ બીડી કે ચ્હાના માટે માંગણી કરતાં શરમાતો નથી અને ઉલ્ટી ખૂશામત કરે છે-આનાથી કનિષ્ઠ ગુલામી ને શરમની વાત બીજી કઇ હોઇ શકે?

**ત**મારૂં દિલ ગરીબ છે કે શ્રીમન્ત? બીજાને સુખી જોઇ, તમે જો દુઃખી થતા હો તો તમે શ્રીમન્ત હો તોપણ તમારૂ દિલ ગરીબ છે અને બીજાને સુખી જોઇ, તમે જો ખુશી થતા હો તો તમે ગરીબ હો તોપણ તમારૂં દિલ શ્રીમન્ત છે. કારણ કે ખરી ગરીબી ને અમીરી ધનમાં નથી, પણ મનમાં છે!

**સ**રખે સરખામાં જેટલી તેજોદ્વેષવૃત્તિ હોય છે એટલી ઊંચની નિચ તરફ કે નિચની ઊંચ તરફ હોતી નથી. આ નગ્ન સત્ય છે. સમ-જવા જેવું છે. આ માનસશાસ્ત્રનો સિધ્ધાન્ત વિચારણીય છે.

**વિ**વેકપૂર્વકનો સ્નેહ જીવનના વિસંવાદી તત્ત્વો વચ્ચે પણ પ્રેમભર્યો સદ્‌ભાવ સર્જે છે, એટલે જ સ્નેહને પણ વિવેકની જરૂર પડે છે. વિવેક વિહુણો સ્નેહ, તો દારૂ જેવો ભયંકર છે. જે ઘેનનો આનન્દ આપીને પછી એના જ હાથે ખૂન કરાવે છે.

**ધ**ર્મને જીવન-વ્યવહારમાં ઉતારવો એ અતિ મુશ્કેલી ભર્યું કાર્ય છે ખરૂં, પણ એને જે જીવન વ્યવહારમાં ઉતારે છે તે મહાન છે.

**કે**વળ સુંદર કાર્ય શરૂ કરવાના વિચારમાં જ દિવસો પસાર કરે તે કનિષ્ઠ, સુંદર કાર્ય શરૂ કરી મુશ્કેલી આવતાં મૂકી દે તે મધ્યમ, અને સુંદર કાર્ય શરૂ કર્યા પછી પ્રાણાન્તે પણ કાર્ય પૂરૂં કરે તે ઉત્તમ! તમારે કેવા બનવું છે? કનિષ્ઠ, મધ્યમ કે ઉત્તમ!

**સા**ધારણ રીતે પ્રકૃતિ સ્વભાવ બદલવાનું કાર્ય મુશ્કેલ છે પણ તીવ્ર પુરૂષાર્થથી એ મુશ્કેલ કાર્ય પણ સુલભ બની શકે છે. એ જાણવા માટે મહાપુરૂષોની જીવનરેખાનું અવ-લોકન કરો.

શિષ્યો, ગુરૂ તરફ પૂજ્યભાવ રાખે અને ગુરૂઓ, શિષ્યો પ્રત્યે સદ્ભાવ દર્શાવે તો અરસ પરસ આજે જે ધિક્કારવૃત્તિ જોવામાં આવે છે તે નાબુદ્દલ થઇ જાય.

વિનયયુકત વિદ્યા જ સાચી વિદ્યા છે. જે વિદ્યાથી વિનમ્રતા ન આવે, તે વિદ્યા શા કામની? અને એ વિનય વિહોણી વિદ્યાને અ વિદ્યા કહીએ તો શું ખોટું?

કિંમતી વસ્તુની જ હંમેશાં નકલ થાય છે. નાચીજ વસ્તુની નકલ કદી બનતી નથી. સોનાની નકલ રોલ્ડગોલ્ડ અને સાચા મોતીની નકલ કલ્ચર થાય છે પણ ધૂળની નકલ કોઇ કરતું નથી, તેમ ધર્મ પણ કિમ્મતી છે માટે એની નકલો ઘણી થાય છે, માટે ધર્મના અર્થીએ પરીક્ષક બનવાની જરૂર છે.

ધર્મના શિખરે પહોંચવા અહિંસા, સંયમ, તપ અને સેવાના પગથીએ ચડતાં શિખવું પડશે, ત્યારે જ ધર્મના શિખરે પહોંચાશે.

નયનને કહો કે જ્યાં જ્યાં તારી નજર પડે ત્યાં ત્યાંથી ઊંડું સત્ય શોધજે.

કાનને કહો કે જે જે સાંભળે તેમાંથી ઊંડો બોધપાઠ લેજે.

વાચાને કહો કે જે જે ઉચ્ચારે તેમાંથી સત્ય ટપકાવજે

કાયાને કહો કે જ્યાં જ્યાં તું હાજરી આપે ત્યાં ત્યાં સેવાની સૌરભ પ્રસરાવજે.

આપણા હાથે જ્યારે કાળાં કામો થતાં હોય તો સમજવું કે આપણે અસ્તાચળ તરફ ધસીએ છીએ અને આપણા હાથે ઉજ્જવલ કાર્યો થતાં હોય તો સમજવું કે આપણે ઉદયાચળ પર ચઢીએ છીએ.

આપણામાં ધર્મભાવના કેટલી ઊંડી છે અને પૂજ્ય પ્રત્યે સેવાની અભિરૂચિ કેટલી છે! એનું માપ કાઢવું હોય તો પૂજારીને એક માસ રજા ઉપર મોકલી જુઓ, પછી હાથે કામ કરવાનો પ્રસંગ આવે ત્યારે જુઓ કે પૂજા કરનારા કેટલા નિકળે છે?

અમાવસ્યાની અંધારી રાતમાં એકલા ને અટુલા પથિક માટે આશ્વાસન રૂપ હોય તો તે માત્ર આકાશના તારલા જ છે, તેમ સંસાર રૂપ આકાશમાં જ્યારે ચારે બાજુ અજ્ઞાનનું અન્ધારૂં છવાયું હોય ત્યારે જીવન સાધકને આશ્વાસન રૂપ હોય તો તે સંતોના વચન રૂપ ચમકતા તારલા જ છે.

---


જૈન પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે

## નિત્ય નોંધ

વિદ્યાર્થીઓને રોજનો પુરાવાનો કાર્યક્રમ એક બુક પાંચ મહીના ચાલે છે. ૧૦૦ના રૂા. ૧૨.

**સોમચંદ ડી. શાહ : પાલીતાણા**


---


ધાર્મિક અભ્યાસ કરવાનું ઉત્તમ સ્થાન

## શ્રી વર્ધમાન જૈન-તત્ત્વ-પ્રચારક વિદ્યાલય-શિવગંજ

આ સંસ્થામાં પાંચ વર્ષના એગ્રીમેન્ટથી ધાર્મિક અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને ફ્રી દાખલ કરવામાં આવે છે, તો જેઓને દાખલ થવાની ઇચ્છા હોય તેઓએ નીચેના સિરનામે પત્રવ્યવહાર કરવો.

-શિરનામું-

સેક્રેટરી-

**શ્રી વર્ધમાન જૈન-તત્ત્વ પ્રચારક વિદ્યાલય**

પોષ્ટ, એરનપુરા

મુઃ શિવગંજ [રાજસ્થાન]

# આજની કન્યા: —— શ્રી મફતલાલ સંઘવી

શ્રી ગાંધીજી આજની કન્યાઓ વિષે લખી ગયા છે કે, "આજના જમાનાની બાળાને પોતાની પાછળ અનેક ભમરાઓ ભમે એ ગમે છે. જોખમી વાટે ચાલવાનું તે પસંદ કરનારી છે. તે કપડાં પહેરે છે તે ટાઢ, તાપ ને વરસાદથી શરીરનું રક્ષણ કરવા સારૂ નહિ પણ લોકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષવાની દૃષ્ટિએ પહેરે છે. રંગો, પાઉડરો વિગેરે લગાડીને અને બીજાથી નોખી ભાત પાડીને કુદરત ઉપર તે સુધારો કરે છે."

આ અભિપ્રાયદ્વારા મહાત્માજીએ વસ્તુસ્થિતિનું યોગ્ય દિગ્દર્શન કરાવ્યું છે; પણ એ વસ્તુસ્થિતિનું મૂળ પાશ્ચાત્ય વિજેતાઓની સંસ્કૃતિક પરિવર્તનની નીતિ સાથે સંકળાએલું છે, તે એ સાથે ન વીસરાવું જોઇએ.

સ્ત્રી માત્રનો આત્મા પવિત્ર અને પૂજ્ય હોય છે. એના ઉપર જો શુદ્ધ સંસ્કાર અને માધુર્યનું સિંચન કર્યું હોય તો સ્ત્રી દેવી બને છે. તેને અશુદ્ધિના મોહક માર્ગે વાળી હોય તો તે સ્વૈરિણી બને છે પણ તે માટે સ્ત્રી જવાબદાર ન ગણાય. તેને માટે તો એ અશુદ્ધિના ઘડનારાઓ અને તેને ઉત્તેજનારાઓ દોષપાત્ર લેખાવા જોઇએ.

લોર્ડ મેકોલેએ હિંદના કેળવણી તન્ત્રની ગૂંથણી કરતાં એ તો ધારી જ મૂકેલું, કે આ કેળવણી વિકાસ પામીને અમુક ભૂમિકાએ પહોંચતાં જ તે સ્ત્રીઓને પણ પોતાનામાં ભેળવી દેવાની ભાવના જન્માવશે. ને એ ભાવના આર્યસ્ત્રીત્વના પાશ્ચાત્ય રંગી પરિવર્તન સાથે આર્યસંસ્કૃતિના મૂળભૂત તેજને અને પવિત્રતાને હઠાવવામાં પણ મહત્વનો ભાગ ભજવશે, એ ન સમજી શકે એટલો તે અબુદ્ધિમાન નહોતો.

સ્ત્રી અને પુરૂષ એ પ્રકૃતિનાં એવાં લોહચુંબકી અડધિયાં છે કે તેમને જ્યાં સુધી દંપતિભાવે જોડવામાં ન આવે ત્યાં સુધી તેમને ભગિની, પુત્રી કે માતૃ સંબંધ સિવાય, વડીલ વર્ગની ગેરહાજરીમાં ચાલુ સહવાસ કે સ્પર્શ તો શું પણ સંબંધમાં પણ આવવા દેવાં એ તેમને પર્વતના શિખર પરથી ગબડાવી દેવા બરાબર છે. ને ગબડતાં-ગબડતાં તો કોઇક વિરલ આત્મા જ બચી શકે.

પુરૂષનું આકર્ષણ સ્ત્રી અને તેનું સૌન્દર્ય છે. વસ્ત્ર, અલંકાર, ટાપટીપ કે હાવભાવ તો તેમાં નહિં જેવો જ ભાગ ભજવે છે. કેટલીક વખત તો સાદાઇ અને અતડાશ ઉલટાં વધારે આકર્ષક થઇ પડે છે. સ્ત્રીઓ સાદાં વસ્ત્રો પહેરતી બનીને પરપુરૂષની સજોડમાં જો પવિત્રતા સાચવી જ શક્તિ હોત તો આદિ યુગના ઋષિવરોને બંને જાતિની મર્યાદાઓ ન જ બાંધવી પડત ને વસ્ત્રાલંકાર જ જો આકર્ષણ હોત તો મૂંડાયલ સાધ્વી સરસ્વતી પર મોહનાર અવંતિપતિ ને માટી ને જીર્ણતામાં દટાયેલી ઓઢણ જસમા પર મોહનાર ગુર્જરેશ્વર સિદ્ધરાજે તેમનામાં કયું કામણ નિહાળ્યું હતું ?

કન્યાએ પુરૂષોના શિકારમાંથી બચવાને રસિકતાને તિલાંજલિ આપવી એ કરતાં પુરૂષ શિકારીઓના સંસર્ગને તિલાંજલિ આપી, પોતાની અને આવનાર પતિની વૃત્તિઓને સંતોષવા ને સ્ત્રી-ત્વ વિકસાવવા રસિકતાને ખીલવવી એ શું ખોટું ? રસિકતા વિનાનો સંસારતો પ્રજાના નેવુ ટકા વર્ગને ઝેરથી યે વધારે કડવો લાગશે.

વસ્ત્રો જો ટાઢ, તડકાથી બચવાને માટે જ પહેરવામાં આવતાં હોય તો તે પહેરવાની જ જરૂર નથી. વસ્ત્ર વગર ટેવાઇ જતા પશુની જેમ માનવીનું પણ ટાઢ, તડકાથી તો રક્ષણ થશે.

પણ માનવી પશુ નથી, તે માનવી કલાકાર છે ને તેમાં પણ સ્ત્રી તો કલાની દેવી છે. કલાના પ્રત્યેક અંગોમાં વિકાસ સાધવાની તેનામાં ઊર્મિઓ ઊછળવી જોઇએ.

સતીત્વની જેમણે રક્ષા કરી છે તેમણે તે કલા કે રસિકતાનો ત્યાગ કરીને નહિ, પણ પર પુરૂષનાં મુખ પણ ન જોવાનાં વ્રત સાચવીને. પુરૂષ માત્ર જેને ત્યાજ્ય હોય, જેને રસપત્નિ કે સતિ નહિ પણ સાધ્વી કે યોગિની બનવું હોય તેને માટે રસિકતાનો ત્યાગ જરૂરી છે. પરંતુ કન્યા માત્રને માટે તો એ બિનજરૂરી ને અસંભવિત છે.

સ્ત્રીને પવિત્રતા અને ગૃહકલા શીખવાં જરૂરી છે પણ તે માતા પાસેથી, તેને નિર્મળ પ્રાથમિક જ્ઞાનની જરૂર છે, પણ તે ભાઈ કે પિતા પાસેથી શીખવાની.

પણ આપણે તો યુવકોને સુંદરીવૃન્દથી ઘેરી લઇને અને સુંદરીઓને યુવકોના સતત સંપર્કમાં રાખીને તેમની પાસેથી પવિત્રતાની વાંચ્છના સેવતાં કુદરતની પણ મશ્કરી કરી રહ્યા છીએ. માધ્યમિક અને ઉચ્ચ કેળવણીને જીવનના સર્વવ્યાપી ધર્મરૂપે સ્વીકારી લઇ, તેને જ જ્ઞાન માની લઇને, પવિત્ર કલાના પ્રતીક સમા સ્ત્રીત્વને પણ તેમાં સરખો ભાગ પડાવવાને સમાન ભાવે દાખલ કરી દીધું છે. સમજતા નથી કે સ્ત્રી અને પુરૂષ જે અંશે ભિન્ન છે એ અંશે જ એમની કેળવણી પણ ભિન્ન હોય.

પણ આજે તો આપણે પવિત્રતાને અને જેને આસમાન-જમીનનું અંતર છે અને જેની સંસ્કૃતિના મૂળમાં પાશવતા અને લાલસા સિવાયનું કોઇ તત્ત્વ નથી એવા યુરોપ-અમેરિકાનું અંધ અનુકરણ કરી રહ્યા છીએ ને ભૂલી જઈએ છીએ. શ્વાન કે ગર્દભને જે પચે તે માનવીને ન પચી શકે.

પ્રજાએ આજે એ જાણી લેવાની જરૂર છે કે, અનિવાર્ય સંયોગો સિવાય પરપુરૂષોના સતત સંપર્કમાં રહેતી સ્ત્રી, પોતાની અથવા તે પુરૂષોની દૃષ્ટિએ એક યા બીજા ભાવે ઉક્ત પુરૂષોની અંગના જ લેખાય છે. એ વસ્તુસ્થિતિ સ્ત્રી અને પુરૂષ બંનેમાંથી રસપૂજ્ય દંપતિ-ભાવ દૂર કરી સ્ત્રી અને પુરૂષ વૈવિધ્યતાની એવી ભાવના જન્માવે છે, કે જેના પરિણામે મોકળો બનેલો છૂટાછેડાનો માર્ગ સંતતિ ઉછેરને કૃત્રિમ બનાવી, આર્યસંસ્કૃતિ છિન્ન-ભિન્ન કરી નાંખી, જગતના પરમ પુનિત અને સર્વશ્રેષ્ઠ રાષ્ટ્ર આર્યાવર્તના કપાળે અનાર્યતાનું કલંક ચોંટાડવાનો.

**નવીન સુંદર શિષ્ટ ધાર્મિક પ્રકાશનોઃ**

**લઘુક્ષેત્રસમાસ** યાને **જૈન ભૂગોળ** [સચિત્ર] અર્થ, શબ્દાર્થ, ભાવાર્થ, વિવેચન તથા કોષ્ટકો વગેરે સુંદર બાઇન્ડીંગ મૂલ્ય રૂા. ૪)

**ભાષ્ય ત્રયમ્ સાર્થ** [ મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળનું-મોટી સાઇઝ ] રૂા. ૨)

**ચાર પ્રકરણ,ત્રણ ભાષ્ય** તથા **તત્ત્વાર્થ** સાર્થ [ શ્રાવક અમૃતલાલ પરસોતમદાસવાળું ]રૂા.૪)

**પ્રાચીન સ્તવન-સજ્ઝાયાદિ સંગ્રહ** [૬૦૦ પેજ પાકું બાઇન્ડીંગ મોટું પુસ્તક] રૂા. ૫)

**નૂતન જિન-સ્તવનાવલિ** તથા **સંવાદ સંગ્રહ** નવીન રાગનાં પૂજાની દેશીનાં સુંદર સ્તવનોનો સંગ્રહ ૦-૬-૦

**પૌષધ વિધિ** [ ૨૪ માંડલાં સહિત ] ૦-૪-૦

ધાર્મિક પુસ્તકો વ્યાજબી ભાવે મળશે.

**રતીલાલ બી. શાહ** ડોશીવાડાની પોળ **અમદાવાદ**

# ❀ મા ❀ સિ ❀ ક ❀ ટૂં ❀ કા ❀ સ ❀ મા ❀ ચા ❀ રો ❀

**શ્રી** શત્રુંજય તળેટીના બાવન બંગલામાં એક ભવ્ય અને નાજુક જિનમંદિર તૈયાર થઈ રહ્યું છે. તેની પ્રતિષ્ઠા મહા સુદિ ૧૩ ની થવાની હોવાથી રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ વગેરેના આગ્રહથી પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા, તેમના પટ્ટધર પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા તેમના શિષ્યરત્ન પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયયશોદેવસૂરિજી મહારાજ આદિ બહોળો સમુદાય મહા શુદિ ૩ ના રોજ અત્રે પધારશે.

પૂ૦ મુનિરાજ શ્રી ચિદાનંદવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી જામનગરમાં શેઠ શ્રી શાંતિદાસ ખેતસીભાઈ તરફથી 'જૈન શ્રમણ સંસ્કૃત પાઠશાળા તેમજ બાળકો માટેની પાઠશાળાનું તા. ૧૪-૧૨-૫૦ ના રોજ શેઠ શ્રી ચુનીલાલ માણેકચંદના શુભહસ્તે ઉદ્‌ઘાટન થયું છે.

પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ વિરચિત 'જ્ઞાનના એ દિવડા, અને 'વીર પ્રભુના ધ્યાને' એ બે સ્તવનોની રેકર્ડ ધી યંગ ઇન્ડીઆ તરફથી બહાર પડી છે.

વાપી મુકામે પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ૦ મુનિરાજ શ્રી મહેન્દ્રવિજયજી મહારાજ માગસર વદિ ૮ ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

માલવાડામાં માળારોપણનો મહોત્સવ સારી રીતે ઉજવાયો છે અને ૧૮૫ ભાઈ-બ્હેનોએ શ્રી ઉપધાન તપની આરાધના કરી છે. ત્યાંના ઠાકોર સાહેબ વગેરેએ સારા પ્રમાણમાં સહકાર અને લાભ ઉઠાવ્યો છે.

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું આગામી અધિવેશન મહા માસમાં જુનાગઢ મુકામે ભરવાનું નિર્ણિત થઇ ચૂકયું છે અને તેના પ્રમુખ માટે મહેનત ચાલી રહી છે.

અઢારમી સદીના મહાન્ જ્યોતિર્ધર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજના પુણ્યદિન નિમિત્તે માગસર સુદ ૧૦-૧૧ ના બન્ને દિવસોએ મુંબઇ ભાયખાલાના આંગણે પૂ૦ મહોપાધ્યાયનો ગુણાનુવાદ મહોત્સવ મોટા ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો.

સોલાપુર જિલ્લાના આકલુજ ગામના દિગમ્બર અને શ્વેતામ્બર જૈન મંદિરોમાં હરિજન પ્રવેશ કરાવવાથી ત્યાંના અધિકારીઓ ઉપર દિગમ્બર જૈનોએ એક નોટીસ મોકલી છે અને જૈનોને પોતાના સ્વતંત્ર હકકો ભોગવવા દેવા માટે છૂટ માગી છે.

આગામી માર્ચ ૧૯૫૧ થી ભારત સરકાર તરફથી ભારતની વસ્તી ગણત્રી શરૂ થવાની છે તો તે વખતે દરેક જૈનો પોતે 'જૈન' છે એવું લખાવવા ચૂકે નહિ.

જૈન આદર્શ મંડળ જુનાગઢની સંસ્થાનું ઉદ્‌ઘાટન ૧૮-૧૨-૫૦ ના રોજ સુરેન્દ્રનગર નિવાસી શેઠ શ્રી રતિલાલ વર્ધમાન શાહના શુભહસ્તે થયું હતું અને સંસ્થાને રૂા. ૫૦૧) ની સખાવત કરી હતી.

**શ્રી** જૈન સંસ્કૃતિરક્ષક સભાએ એક નિવેદન બહાર પાડયું છે કે, ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટએક્ટનો અમલ તા. ૧-૨-૫૧ થી થવાનો હોઇ વિરોધ કરવા જણાવ્યું છે.

### નવા સભ્યોનાં શુભનામો અને સહકાર

રૂા. ૧૦૧) શેઠ જેઠાભાઇ નેણશીભાઇ-માટુંગા

રૂા. ૨૧) શેઠ લક્ષ્મીદાસ ગોવીંદજી મુંબઈ

રૂા. ૫૦) લાલબાગ જૈન ઉપાશ્રય મુંબઈ પૂ૦ મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧) ગુજરાતી બન્ધુ સમાજ હા. શેઠ કાંતિલાલ મણીલાલની કુાં૦ બેલગામ.

રૂા. ૧૦) ઉમેટા જૈન સંઘ પૂ૦ મુનિરાજ શ્રી માનસાગરજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૧૦) હાલારી વીશા ઓ. તપગચ્છ જૈન સંઘ જામનગર. પૂ૦ આ. શ્રીમદ્ વિજયામૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૯) શ્રી મોહનલાલ આત્મારામ પુના કેમ્પ. પૂ૦ મુનિરાજ શ્રી નેમવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

પૂ૦ પંન્યાસ શ્રીમદ્ કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી મહીમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો નીચે મુજબ.

રૂા. ૯) શ્રી ઉમેદચંદ અમથાલાલ લીંચ.

રૂા. ૯) શાહ મનસુખલાલ છગનલાલ લીંચ.

Reg N. B. 4925

# પાઠશાળા અને પ્રભાવના ઉપયોગી સુંદર અને સસ્તાં પ્રકાશનો:

## પાઠશાળા ઉપયોગી

| | |
|---|---|
| સામાયિક સૂત્ર મૂળ | ૦-૨-૦ |
| સામાયિક સૂત્ર-હિન્દી | ૦-૩-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ | ૦-૮-૦ |
| બે પ્રતિક્રમણ મૂળ-હિન્દી | ૦-૬-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ | ૧-૪-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ-હિન્દી | ૧-૮-૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ | ૧-૧૨-૦ |
| પંચ પ્રતિક્રમણ સાર્થ | ૩-૧૨-૦ |
| પંચ પ્રતિક્રમણ સાર્થ-હિન્દી | ૨-૦-૦ |
| વિધિ સહિત બે પ્રતિક્રમણ | ૦-૧૨-૦ |
| વિધિ સહિત પંચપ્રતિક્રમણ-હિન્દી | ૨-૦-૦ |
| વિધિ સહિત પંચ પ્રતિક્રમણ [ગૂ.] | ૨-૦-૦ |
| ચાર પ્રકરણ સાર્થ | ૧-૬-૦ |
| જીવવિચાર સાર્થ | ૦-૧૨-૦ |
| દંડક-સંગ્રહણી સાર્થ | ૨-૪-૦ |
| કર્મગ્રંથ સાર્થ ભા. ૧ લો | ૩-૧૨-૦ |
| કર્મગ્રંથ સાર્થ ભા. ૨ જો | ૪-૮-૦ |
| પ્રકરણમાળા | ૩-૮-૦ |
| નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ | ૨-૮-૦ |
| તત્ત્વાર્થાધિગમ સૂત્ર [અર્થ સહિત] | ૩-૦-૦ |
| સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો | ૦-૧૦-૦ |
| નિત્યનોંધ | ૦-૨-૦ |
| સંસ્કૃત ૧ લી બુક | ૧-૬-૦ |
| સંસ્કૃત ૨ જી બુક | ૩-૪-૦ |
| પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા | ૪-૦-૦ |
| સંવાદ સંગ્રહ | ૧-૮-૦ |
| વિવિધ પૂજા સંગ્રહ | ૩-૧૨-૦ |
| સ્નાત્રપૂજા | ૦-૪-૦ |
| નવસ્મરણ-ગૂજરાતી | ૦-૧૨-૦ |
| નવસ્મરણ-હિન્દી | ૦-૧૦-૦ |
| ગહુંલી સંગ્રહ | ૧-૪-૦ |
| ગરબાવળી | ૧-૦-૦ |

## પ્રભાવના ઉપયોગી

| | |
|---|---|
| દર્શનચોવીસી | ૦-૧૦-૦ |
| સુધારસ સ્તવનાવલિ | ૦-૬-૦ |
| નૂતન સ્તવનાવલિ | ૦-૪-૦ |
| નૂતન સ્તવન સંબોધિની | ૦-૨-૦ |
| અંતસમયની આરાધના-મોટી | ૦-૫-૦ |
| અંતસમયની આરાધના-નાની | ૦-૨-૦ |
| રત્નાકર પચ્ચીસી | ૦-૨-૦ |
| નેમનાથનો શ્લોકો | ૦-૨-૦ |
| શત્રુંજય ઉદ્ધાર | ૦-૨-૦ |
| ચૌદ નિયમની બુક | ૦-૨-૦ |
| સવાસો ગાથાનું સ્તવન સાર્થ | ૦-૧૦-૦ |
| આઠ દૃષ્ટિની સજ્ઝાય સાર્થ | ૦-૧૦-૦ |
| સમકીત સડસઠ બોલની સજ્ઝાય સાર્થ | ૦-૪-૦ |
| જેસલમેરનો ચમત્કાર | ૦-૨-૦ |
| દેવપાલ કથા | ૦-૨-૦ |
| ધન્ના-શાલિભદ્રની કથા | ૦-૨-૦ |
| સવા-સોમાની કથા | ૦-૪-૦ |
| મંત્રીશ્વર કલ્પક કથા | ૦-૪-૦ |
| સ્થાપનાજી | ૦-૧-૦ |
| અક્ષયતૃતિયા કથા | ૦-૨-૦ |
| વિમલજ્યોત | ૦-૫-૦ |
| નવાણું યાત્રાની વિધિ | ૦-૩-૦ |
| ગુણસાર કથા | ૦-૮-૦ |
| હરીબલ મચ્છીની કથા | ૦-૮-૦ |
| જયવિજયની કથા | ૦-૮-૦ |
| જ્ઞાન પંચમી કથા | ૦-૮-૦ |
| અખાત્રીજનો મહિમા | ૦-૧૨-૦ |
| સંસ્કૃત ચૈત્યવંદન ચોવીસી | ૦-૮-૦ |
| પ્રભાત મંજરી | ૦-૧૨-૦ |
| આત્માનંદ સ્તવનાવલિ | ૦-૪-૦ |
| નવકાર પાઠાવલિ | ૦-૮-૦ |
| શત્રુંજયદિગ્દર્શન | ૧-૦-૦ |

રૂા. પચાસ ઉપરાંતનો માલ મંગાવનારને સવા છ ટકા કમીશન કાપી આપીશું.

**સોમચંદ ડી. શાહ** જીવનનિવાસ સામે—**પાલીતાણા** [ સૌરાષ્ટ્ર ]

: મુદ્રક : અમરચંદ બેચરદાસ મહેતા શ્રી બહાદુરસિંહજી પ્રિં. પ્રેસ—પાલીતાણા